દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 294 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ વદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 December 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૧૩ ડિસેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ચાંદી વાયદામાં બે લાખને પાર

## સોનામાં જબરી તેજી, ૧.૩૨ લાખ રૂપિયાની સપાટી કુદાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન ખાતે આજે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી વર્ષે હળવી નાણાનીતિ જાળવીને વ્યાજદરમાં વધુ કાપ મૂકે તેવા આશાવાદ અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ ઉપરાંત વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવને પગલે સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ૦.૭ ટકા ઉછળીને સાત સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ એક તબક્કે ઔંસદીઠ ૬૪.૩૨ ડૉલર સુધી પહોંચીને પાછા ફર્યા હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં ઝડપી તેજી જોવા મળી હતી, જેમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ ૪૦૯૮થી ૪૧૧૪ રૂપિયા વધીને ૧.૩૨ લાખ રૂપિયાની સપાટી કુદાવી ગયા હતા, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ ૬૮૯૯ રૂપિયાના ઉછાળા સાથે ૧.૯૫ લાખ રૂપિયાની સપાટી પાર કરી ગયા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે વર્તમાન સપ્તાહ દરમિયાન ચાંદીના ભાવમાં કિલોદીઠ ૧૬,૯૭૦ રૂપિયાનો તોતિંગ ઉછાળો નોંધાયો છે. તેમ જ આજે ચાંદીનાં ઓનલાઈન માર્ચ વાયદામાં ભાવ કિલોદીઠ ૧૪૨૦ રૂપિયાની તેજી સાથે સૌપ્રથમ વખત બે લાખ રૂપિયાની સપાટી પાર કરીને ૨,૦૦,૩૬૨ રૂપિયાના મથાળે પહોંચ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ રહી હોવા છતાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ ૬૮૯૯ રૂપિયાની ઝડપી તેજી સાથે ૧,૯૫,૧૮૦ રૂપિયાના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચી સપાટીએથી જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહી હતી. તેમ જ આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ તેજીનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ ૪૦૯૮ રૂપિયા વધીને ૧,૩૨,૧૭૯ રૂપિયા અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૪૧૧૪ વધીને ૧,૩૨,૭૧૦ રૂપિયાના મથાળે રહ્યા હતા. જોકે, આજની તોફાની તેજીમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. આ વર્ષે ખાસ કરીને ચાંદીમાં ઔદ્યોગિક માગ મજબૂત રહેવાની સાથે અમેરિકાએ ચાંદીનો મુખ્ય ધાતુઓમાં સમાવેશ કરતાં પુરવઠાસ્થિતિ પણ તંગ થવાની સાથે સટ્ટાકીય આકર્ષણમાં વધારો થવાથી ચાંદીના ભાવ લગભગ બમણાં જેવા થઈ ગયા હોવાનું સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજી વિભાગના હેડ ઓલે હાસને જણાવ્યું હતું.




ઑસ્ટ્રેલિયાના ક્વીન્સલેન્ડના ટુલી વિમાનમથકેથી ગઇ ૨૦ સપ્ટેમ્બરે ઊડેલા વિમાનમાંથી પૅરાશૂટ સાથે કૂદતી વખતે સ્કાઇડાઇવર એડ્રિયન ફર્ગ્યુસનનું પેરાશૂટ ૪,૫૦૦ મીટર (૧૫,૦૦૦ ફૂટ)ની ઊંચાઇએ ઊડી રહેલા વિમાનની પૂંછડીમાં ભરાઇ ગયું હતું અને આ સ્કાઇડાઇવરે વિમાન સાથે લટકવું પડ્યું હતું. તેણે ચાકુ (હુક નાઇફ)થી પોતાનું મુખ્ય પૅરાશૂટ કાપ્યું હતું અને રિઝર્વ પૅરાશૂટથી લટકતો રહ્યો હતો. અંતે તેને સલામત ધરતી પર ઉતારવામાં સફળતા મળી હતી. ઑસ્ટ્રેલિયન ટ્રાન્સપોર્ટ સેફ્ટી બ્યુરોએ આ દુર્ઘટનાનો વીડિયો તાજેતરમાં જાહેર કર્યો હતો.

## ડિજિટલી કરાશે જાતિ આધારિત જનગણના

### કેબિનેટનો નિર્ણય: બે તબક્કામાંની વસતિ ગણતરી માટે સરકારે ૧૧,૭૧૮ કરોડ રૂપિયા ફાળવ્યા: 30 લાખ કર્મચારી હાથ ધરશે કામગીરી

નવી દિલ્હી: દેશમાં ૨૦૨૭ની વસતિગણતરી બે તબક્કામાં, જાતિ આધારિત અને ડિજિટલ હશે. ૨૦૨૬ના એપ્રિલથી સપ્ટેમ્બર સુધી રહેઠાણની ઇમારતોની ગણતરી થશે, જ્યારે ૨૦૨૭ના ફેબ્રુઆરીમાં વસતિગણતરી કરાશે. કેન્દ્રના પ્રધાન અશ્વિની વૈષ્ણવે શુક્રવારે જણાવ્યું હતું કે સરકારે વસતિગણતરી માટે રૂપિયા ૧૧,૭૧૮ કરોડ ફાળવ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ યોજાયેલી કેબિનેટની બેઠકમાં દેશની સૌપ્રથમ ડિજિટલ અને જાતિ આધારિત વસતિગણતરીની પ્રક્રિયાને બહાલી અપાઇ હતી.લદાખ ઉપરાંત જમ્મુ અને કાશ્મીર તેમ જ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના હિમાચ્છાદિત દુર્ગમ વિસ્તારમાં ૨૦૨૬ના સપ્ટેમ્બરમાં વસતિગણતરી હાથ ધરાશે.દેશમાં વસતિગણતરીની કામગીરી અંદાજે ૩૦ લાખ કર્મચારી હાથ ધરશે. વધુ સારી રીતે માહિતી ભેગી કરવા માટે મોબાઇલ ઍપ અને સેન્ટ્રલ પોર્ટલનો ઉપયોગ કરાશે. ‘સેન્સસ-ઍસ-ઍ-સર્વિસ’ મંત્રાલયોને મશીન પર સ્પષ્ટ રીતે વાંચી શકાય એ રીતે વસતિગણતરીની વિગત પૂરી પાડશે. (એજન્સી)

### ઉચ્ચ શિક્ષણ માટે એક નિયામક નિમાશે

નવી દિલ્હી: ઉચ્ચ શિક્ષણ માટે એક નિયામકની નિમણૂંક અંગેના પ્રસ્તાવિત ખરડાનો કે બિનેટે શુક્રવારે મંજૂરી આપી દીધી હતી.

કેન્દ્રીય પ્રધાનમંડળ દ્વારા શુક્રવારે મંજૂર કરવામાં આવેલો આ કાયદો હવે યુજીસી અને એઆઈસીટીઈ જેવી સંસ્થાઓનું સ્થાન લેશે.

અગાઉ હાયર એજ્યુકેશન કમિશન ઑફ ઈન્ડિયા (એચઈસીઆઈ) તરીકે જાણીતા આ પ્રસ્તાવિત કાયદાને હવે વિકસિત ભારત શિક્ષા અધિક્ષણ કાયદો નામ આપવામાં આવશે.

### ૭૧ જૂના કાયદાને રદ કરાશે

વર્તમાનમાં અસંગત હોય તેવા કાલગ્રસ્ત ૭૧ કાયદાને રદ કરતા પ્રસ્તાવિત ખરડાને કેન્દ્રીય પ્રધાનમંડળે શુક્રવારે મંજૂરી આપી હતી, એમ અધિકારીઓએ કહ્યું હતું. ૭૧ કાયદામાંથી ૬૫માં અગાઉ સુધારા કરવામાં આવ્યા હતા તે અને છ મૂળ કાયદાનો સમાવેશ થાય છે.

### અણુક્ષેત્રના દરવાજા ખાનગી કંપનીઓ માટે ખોલાશે

વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત ૧૦૦ ગીગાવૉટ અણુઊર્જાનું ઉત્પાદન કરવાની ક્ષમતા મેળવવાનું લક્ષ્ય પ્રાપ્ ત કરી શકે તે માટે ખૂબ જ કડક નિયંત્રણ ધરાવતા સિવિલ ન્યુક્લિયર પાવર સેક્ટરમાં ખાનગી ભાગીદારી માટે ખુલ્લું મૂકવાની માગણી કરતા ખરડાને કેન્દ્રીય પ્રધાનમંડળે શુક્રવારે મંજૂરી આપી દીધી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ મળેલી પ્રધાનમંડળની બેઠકમાં સસ્ટેઈનેબલ હાર્નેસિંગ ઍન્ડ ઍડવાન્સમેન્ટ ઑફ ન્યુક્લિયર ઍનર્જી ફૉર ટ્રાન્સફૉર્મિંગ ઈન્ડિયા (શાંતિ) ખરડાને મંજૂરી આપવામાં આવી હતી.

### ‘કૉલસેતુ’ વિન્ડોને મંજૂરી

કોલસાના વિવિધ ઔદ્યોગિક વપરાશ અને નિકાસ માટે સ્રોતોના સારામાં સારા વપરાશ માટે કોલસાની ખાણના ઑક્શન માટે કૉલ લિન્કેજ ફૉર સિમલેસ, એફિશિયન્ટ ઍન્ડ ટ્રાન્સપરન્ટ યુટિલાઈઝેશન ‘કૉલસેતુ’ વિન્ડોની સ્થાપવા સરકારે શુક્રવારે મંજૂરી આપી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ મળેલી પ્રધાનમંડળની બેઠકમાં આ મંજૂરી આપવામાં આવી હતી.

## મહેસાણાનો પરિવાર લિબિયામાં બાનમાં પકડાયો, બે કરોડ મગાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિદેશ જવાની ઘેલછા ઘણી વખત મોટી મુસીબત સર્જી શકે છે. મહેસાણા જિલ્લાના બાદલપુરા ગામનો એક પરિવાર લીબિયા ફસાઈ ગયો છે.

યુરોપમાં સ્થાયી થવાનાં સપનાં સાથે નીકળેલા આ પરિવારને એજન્ટોએ છેતરીને લીબિયા મોકલી દીધો અને ત્યાં તેમને બંધક બનાવીને બે કરોડ રૂપિયા જેટલી તોતિંગ ખંડણીની માગ કરવામાં આવી રહી છે.

પીડિત પરિવારે આ કાવતરામાં હર્ષિત કમલેશભાઈ મહેતા નામના એક વ્યક્તિની સંડોવણી હોવાનો આક્ષેપ કર્યો હતો

મળતી વિગત મુજબ, મહેસાણાના બાદલપુરા ગામના રહેવાસી કિસ્મતસિંહ ચાવડા, તેમનાં પત્ની હીનાબેન, અને તેમની ૩ વર્ષની બાળકીને દુબઈથી પોર્ટુગલ જવા માટે નીકળ્યા હતા. જોકે, કથિત રીતે એજન્ટોએ તેમને છેતરીને પોર્ટુગલને બદલે લીબિયા મોકલી દીધા હતા.

લીબિયામાં આ પરિવારને એકાંત સ્થળે રાખવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.અપહરણકર્તાઓ દ્વારા પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી રહી છે. અપહરણકર્તાઓ દ્વારા શરૂઆતમાં ૫૪,૦૦૦ (લગભગ ૪૫ લાખ રૂપિયા)ની માગણી કરવામાં આવી હતી. જોકે, આ કાવતરામાં સંડોવાયેલા દુબઈના એજન્ટો દ્વારા આ પરિવારને મુક્ત કરવા માટે હવે એક કરોડ રૂપિયાની ખંડણી માગવામાં આવી રહી હોવાના અહેવાલ છે. આ રકમ ૫૪,૦૦૦ સાથે મળીને લગભગ બે કરોડ રૂપિયા સુધી પહોંચી જાય છે.

મુસીબતમાં ફસાયેલા કિસ્મતસિંહ ચાવડાના પરિજને આ અંગે મહેસાણા કલેક્ટર કચેરીએ લેખિતમાં રજૂઆત કરી હતી. તેમણે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર પાસે તાત્કાલિક મદદની માગ કરી હતી. પરિવારે પણ વિદેશમાં ફસાયેલા આ પરિવારને કોઈ પણ ભોગે હેમખેમ પરત લાવવાની માગ કરી હતી.

મહેસાણા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને વિદેશ મંત્રાલયના સંપર્કમાં રહીને પરિવારને સુરક્ષિત પરત લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

## વીમા ક્ષેત્રમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજૂરી

ઈન્શ્યોરન્સ સેક્ટરમાં ૧૦૦ ટકા ફૉરેન ડિરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ)ને વધારવા સંબંધિત ખરડાને કેબિનેટે શુક્રવારે મંજૂરી આપી દીધી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સંસદના ચાલુ શિયાળુ સત્રમાં આ ખરડો રજૂ કરવામાં આવે એવી શક્યતા છે. સંસદનું શિયાળુ સત્ર ૧૯ ડિસેમ્બરે પૂરું થશે. ઈન્શ્યોરન્સ સેક્ટરના વિકાસ તેમ જ વૃદ્ધિને વેગ આપવા અને આ બિઝનેસને સરળ બનાવવાની માગણી કરતો ઈન્શ્યોરન્સ લૉ (અમેન્ડમેન્ટ) ખરડો ૨૦૨૫નો સંસદના આગામી સત્રમાં લિસ્ટ કરવામાં આવેલા ૧૩ ખરડામાં સમાવેશ થાય છે. આ વર્ષના બજેટ સત્રમાં નાણાં પ્રધાન નિર્મલા સીતીરમણે ન્યૂ જનરેશન ફાઈનાન્શિયલ સેક્ટર રિફૉર્મના ભાગરૂપ ઈન્શ્યોરન્સ સેક્ટરમાં એફડીઆઈનાં પ્રમાણની મર્યાદા વર્તમાન ૭૪ ટકાથી વધારીને ૧૦૦ ટકા સુધી લઈ જવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ઈન્શ્યોરન્સ સેક્ટરે અત્યાર સુધીમાં એફડીઆઈ મારફતે ૮૨,૦૦૦ કરોડ મેળવ્યા છે.

## ચીનાઓને હવેથી ઝડપથી બિઝનેસ વિઝા આપશે ભારત

નવી દિલ્હી: ભારતે ટૂંકા ગાળા માટે ભારત આવતા ચીની વ્યાવસાયિકો માટે બિઝનેસ વિઝાની ઝડપી મંજૂરી સુનિશ્ચિત કરવાના નિયમોમાં ફેરફાર કર્યા છે. પૂર્વી લદ્દાખ સરહદ વિવાદ બાદ બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવાના પ્રયાસોના ભાગરૂપે આ પગલું લેવામાં આવ્યું છે.

જોકે, સૂત્રોના જણાવ્યા અનુસાર ચીની વિઝા અરજદારોની હાલની સુરક્ષા તપાસ પ્રક્રિયામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. અગાઉ ચીની વ્યાવસાયિકોને છ મહિના કે તેથી વધુ સમય માટે એમ્પ્લોયમેન્ટ વિઝા આપવામાં આવતા હતા, પરંતુ હવે તેમને ટૂંકા ગાળાના બિઝનેસ વિઝા આપવામાં આવશે.

બિઝનેસ વિઝાની તમામ અરજીઓ ત્રણથી ચાર અઠવાડિયામાં પ્રોસેસ કરવામાં આવશે. આ નિર્ણયથી ચીની મશીનરીનો ઉપયોગ કરતી ભારતીય કંપનીઓને ચીની નિષ્ણાતોની ટેકનિકલ સહાય મેળવવામાં સરળતા રહેશે.



રિહર્સલ: કોલકાતાના મેદાનમાં ‘વિજય દિવસ’ની ઉજવણી પહેલાં રિહર્સલમાં ભાગ લઈ રહેલા લશ્કરના હેલિકૉપ્ટરો. પાકિસ્તાન સામે ૧૯૭૧ના યુદ્ધમાં ભારતના થયેલા વિજયની યાદમાં આ ઉજવણી કરાય છે. (પીટીઆઇ)



બસ્તર ઑલિમ્પિક્સ: છત્તીસગઢના બસ્તર જિલ્લાના જગદલપુરમાં ‘બસ્તર ઑલિમ્પિક્સ’ દરમિયાન લાંબા કૂદકાની સ્પર્ધામાં ભાગ લઈ રહેલી ‘નુઆ ભાત’ની ટીમ. આ ટીમમાં શરણે થયેલા નક્સલવાદીઓ અને માઓવાદી હિંસાના અસરગ્રસ્તોનો સમાવેશ થાય છે. (પીટીઆઇ)

## મહિલા ડીએસપી-કરોડપતિ વેપારીની લવ સ્ટોરી : સસ્પેન્સ, થ્રિલર, ફ્રૉડની ભરમાર

રાયપુર: છેલ્લા કેટલાક દિવસથી સોશ્યલ મીડિયા પર છત્તીસગઢની એક ડીએસપી અને એક કરોડપતિ બિઝનેસમેનની લવસ્ટોરી ખૂબ વાયરલ થઈ રહી છે. આ લવ સ્ટોરી સસ્પેન્સ, થ્રિલર અને ફ્રોડથી ભરપૂર છે. છત્તીસગઢ પોલીસની ડીએસપી કલ્પના વર્મા અને કરોડપતિ વેપારી દીપક ટંડનની લવસ્ટોરી અને લવ ટ્રૅપની ચર્ચા થઈ રહી છે. તેઓના ફોટો, વોટ્સએપ ચેટ, વીડિયો અને ડોક્યુમેન્ટ સોશ્યલ મીડિયા પર લીક થઈ રહ્યા છે, જેનાથી સૌનું ધ્યાન આ લવસ્ટોરી તરફ ખેંચાયું છે. સમગ્ર મામલો શું છે, આવો જાણીએ. છત્તીસગઢના દંતેવાડામાં ફરજ બજાવતી ડીએસપી કલ્પના વર્મા અને સ્થાનિક વેપારી દીપક ટંડન ૨૦૨૧માં એકબીજાના પરિચયમાં આવ્યા હતા અને તેમની વચ્ચે મિત્રતા થઈ હતી. ધીમેધીમે તેમનો મિત્રતા પ્રેમમાં ફેરવાઈ હતી. આ પ્રેમ સંબંધને લઈને દીપક ટંડને કલ્પના વર્માને કથિત રીતે બે કરોડ રૂપિયા અને કિંમતી સામાન ભેટ સ્વરૂપે આપ્યા હતા.

એક વખત વોટ્સએપ ચેટમાં કલ્પના વર્માએ દીપક ટંડનને કહ્યું હતું કે, મને મળવા આવ તારી પત્નીને છૂટાછેડા આપી દે. આપણે સાથે રહીશું દીપકની પત્ની બરખાને આ પ્રેમ સંબંધની આ ચેટ જોઈ ગઈ હતી. સાથોસાથ તેને પતિએ ડીએસપી સાથે કરેલી મોટી લેવડદેવડ વિશે પણ ખબર પડી ગઈ હતી. દીપકના લગ્નેત્તર સંબંધને લઈને એક તરફ તેના ઘરમાં ઝઘડા શરૂ થયા હતા. તો બીજી તરફ કલ્પનાએ દીપકથી અંતરમાં કરી લીધું હતું. વેપારી દીપક ટંડને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાવવાનો નિર્ણય લીધો હતો. દીપક ટંડને ડીએસપી કલ્પના વર્મા સાથે થયેલી વોટ્સએપ ચેટ પણ સોશ્યલ મીડિયા પર વાયરલ કરી દીધી હતી. આ વોટ્સએપ ચેટે છત્તીસગઢમાં જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં ચર્ચા જગાવી છે. દીપક ટંડનનો આરોપ છે કે, પ્રેમ સંબંધ દરમિયાન ડીએસપીએ તેમની પાસેથી વિવિધ બહાના બનાવી મોટી માત્રામાં પૈસા અને મોંઘી ગિફ્ટ લીધી હતી.

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જ્ઞાતિ આધારિત વસતી ગણતરી, દેશ પાછો અંગ્રેજોના યુગમાં

**નરેન્દ્ર** મોદીની સરકારે અંતે વસતી ગણતરી કરવાનું નક્કી કરી નાખ્યું અને તેના માટે રૂપિયા ૧૧,૭૧૮ કરોડનું બજેટ પણ મંજૂર કરી દેવાયું. ભારતમાં ૧૯૫૧થી દર દસ વરસે વસતી ગણતરી કરાય છે ને એ પરંપરામાં ભારતની છેલ્લી વસ્તી ગણતરી વર્ષ ૨૦૧૧માં થઈ હતી. એ પછી ૨૦૨૧માં વસતી ગણતરી થવાની હતી પણ કોવિડને કારણે મુલતવી રાખવામાં આવી હતી. હવે ૫ વર્ષ પછી અંતે વસતી ગણતરીને લીલી ઝંડી મળી છે.

બે તબક્કામાં હાથ ધરાનારી વસતી ગણતરીનો પહેલો તબક્કો ૧ એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન હાથ ધરાશે ને બીજો તબક્કો ફેબ્રુઆરી ૨૦૨૭માં હાથ ધરાશે. પહેલા તબક્કામાં હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ હાથ ધરાશે. મતલબ કે, બીજો તબક્કો મોદી કેબિનેટે ભારત અને ઓમાન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટને મંજૂરી સહિતના બીજા પણ ત્રણ-ચાર મહત્ત્વના નિર્ણય લીધા પણ વધારે મહત્ત્વનો નિર્ણય વસતી ગણતરીનો છે કેમ કે આ વખતની વસતી ગણતરી ડિજિટલ હશે ને સાથે સાથે જ્ઞાતિ આધારિત પણ હશે.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી નિત્યાનંદ રાયે લોકસભામાં ૨૦૨૭ની વસ્તી ગણતરીને લગતા સવાલોના જવાબમાં પહેલાં જ કહી દીધું છે કે, આ વખતની વસતી ગણતરી જ્ઞાતિ આધારિત હશે. લોકસભામાં રાય દ્વારા અપાયેલી માહિતી પ્રમાણે, ૩૦ એપ્રિલે મળેલી રાજકીય બાબતોની કેબિનેટ સમિતિની બેઠકમાં વસતી ગણતરીમાં જ્ઞાતિનો પણ સમાવેશ કરવામાં આવશે એવો નિર્ણય લેવાઈ જ ગયો છે તેથી અત્યારે ભલે સ્પષ્ટતા ના કરાઈ હોય પણ વસતી ગણતરીમાં જ્ઞાતિને આવરી લેવાશે એ સ્પષ્ટ છે.

કેન્દ્ર સરકારે બહુ પહેલાં જ ૨૦૨૭ની રાષ્ટ્રીય વસતી ગણતરી ડિજિટલી કરવાનો નિર્ણય લઈ લીધો હતો ને એ માટે પોર્ટલ પણ બનાવાઈ રહ્યું છે. આ વિશેષ ડિજિટલ પોર્ટલ દ્વારા સમગ્ર દેશમાં વસતી ગણતરીની પ્રક્રિયાઓનું મોનિટરિંગ અને સંચાલન કરવામાં આવશે. આ પોર્ટલનો ફાયદો એ છે કે, પહેલાંની જેમ વસતી ગણતરી કરનારા તમારા ઘરે આવે તેની રાહ જોવાની જરૂર નહીં રહે. નાગરિકો પોતે તેમની માહિતી ઓનલાઇન ભરી શકશે અને વસતી ગણતરીમાં ભાગ લઈ શકશે. જેમણે ઓનલાઈન માહિતી ના ભરી હોય એવા નાગરિકોના કિસ્સામાં ફિલ્ડ અધિકારીઓ ઘરે જઈને મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને ડેટા ભેગો કરશે.

બીજું એ કે, વસતી ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કો ૧ એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ. બીજો તબક્કો ફેબ્રુઆરી ૨૦૨૭માં વસતી ગણતરી હશે. હાઉસ લિસ્ટિંગ અને હાઉસ સેન્સસમાં લોકોને મળ્યા વિના ઘરોની ગણતરી કરીને તેમની યાદી બનાવાશે ને પછી એ ઘરોમાં જઈને ફોર્મ ભરાવીને દરેક ઘરમાં કેટલાં લોકો રહે છે તેની વિગતો એકઠી કરાશે. આ પ્રક્રિયામાં લોકોનાં નામ, સરનામાંની સાથે સાથે શૈક્ષણિક લાયકાતથી માંડીને જ્ઞાતિ સુધીની બધી વિગતો એકઠી કરાશે. સરકારે હજુ કઈ કઈ વિગતો માગવામાં આવશે તેની યાદી બહાર પાડી નથી પણ બહુ જલદી ફોર્મનો નમૂનો બહાર પાડી દેવાશે કે જેથી લોકોને કઈ માહિતી કે પુરાવા હાથવગા રાખવા તેની ખબર પડે.

ભારતમાં અત્યાર સુધી થયેલી બધી વસતી ગણતરી મેન્યુઅલ થઈ છે. મતલબ કે, વસતીની ગણતરી કરનાર ઘરે ઘરે ફરીને ફોર્મ ભરાવે ને પછી એ ડેટા સરકારમાં જમા કરાવે. આ રીતે થતી ગણતરીમાં ચૂક થવાનો ખતરો રહેતો કેમ કે વસતી ગણતરી કરનારથી ભૂલ થાય તો ઘણાં નામ રહી જાય એવું બનતું. ડિજિટલી વસતી ગણતરીમાં મોબાઇલ એપ્લિકેશન દ્વારા ડેટા એકત્રિત કરવામાં આવશે અને આ એપ્લિકેશન હિન્દી, અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓમાં હશે. ડિજિટલ વસતી ગણતરીમાં પણ સો ટકા બધાંને આવરી જ લેવાશે તેની ગેરંટી નથી પણ મેન્યુઅલ ગણતરી કરતાં ઓછી ચૂક થશે. વસ્તી ગણતરી પરંપરાગત રીતે કાગળ આધારિત ફોર્મ્સને બદલે મોબાઇલ એપ્લિકેશન અને વેબ પોર્ટલ દ્વારા કરાય તેના કારણે ડેટા પ્રોસેસિંગ ઝડપી બનશે, ભૂલોની શક્યતા ઘટશે અને અંતિમ રિપોર્ટ વધુ ભરોસાપાત્ર તથા સમયસર ઉપલબ્ધ થઈ શકશે એવું મનાય છે ને આશા રાખીએ કે, આ માન્યતાઓ સાચી પડે.

વસતી ગણતરીને લગતી આ તો સામાન્ય માહિતી છે પણ મહત્ત્વનો મુદ્દો જ્ઞાતિ આધારિત વસતી ગણતરી છે અને તેના કારણે ભારતનું સામાજિક જીવન અને રાજકારણ પણ એક નવા યુગમાં પ્રવેશશે. ભારતમાં અત્યાર સુધી કદી જ્ઞાતિ આધારિત વસતી ગણતરી થઈ નથી પણ મોદી સરકારે નવી પહેલ કરીને આ નિર્ણય લીધો છે કેમ કે વિપક્ષો જ્ઞાતિ આધારિત વસતી ગણતરીનો ઝંડો લઈને મચી પડેલા ને ભાજપને લાગ્યું કે, પોતે જ્ઞાતિ આધારિત વસતી ગણતરી નહીં કરાવે તો વિપક્ષો ઓબીસીની મતબેંકને લૂંટી જશે ને પોતે રહી જશે. ઓબીસી મતબેંકની લ્હાયમાં વિપક્ષો સામે ઘૂંટણ ટેકવીને મોદી સરકારે મોટી કરી છે કેમ કે તેના કારણે દેશમાં જ્ઞાતિના આધારે સમાજમાં ભાગલા પાડવાનો રસ્તો ખૂલી જશે.

ભાજપ સરકાર જ્ઞાતિ આધારિત વસતી ગણતરી કરાવીને એક ખોટી પરંપરા સ્થાપી રહી છે કેમ કે અત્યાર સુધી ભારતમાં વસતી ગણતરીમાં ક્યારેય જ્ઞાતિનો ઉલ્લેખ થયો જ નથી. મતલબ કે, વસતી ગણતરીના ફોર્મમાં ક્યારેય પણ વ્યક્તિની જ્ઞાતિ પુછાઈ જ નથી. વસતી ગણતરીમાં દેશમાં સૌથી પછાત મનાતી અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી)નો ઉલ્લેખ કરાય છે પણ જ્ઞાતિ નથી પુછાતી. માત્ર એસસી કે એસટી છે કે નહીં તેની વિગતો પુછાય છે. ભારતમાં ૧૯૫૧માં પહેલી વસતી ગણતરી થઈ ત્યારથી આ નિયમ પળાય છે.

અંગ્રેજોના શાસનમાં દેશની વસતી ગણતરી કરાતી ત્યારે જ્ઞાતિ આધારિત વસતી ગણતરી થતી. અંગ્રેજોના શાસનમાં છેલ્લી વસતી ગણતરી ૧૯૩૧માં કરાઈ ત્યારે જ્ઞાતિ આધારિત વસતી ગણતરી થઈ હતી. અંગ્રેજો ભાગલા પાડો અને રાજ કરોમાં માનતા તેથી દેશનાં લોકોને જ્ઞાતિઓના આધારે લડાવવા આ ધંધો કર્યો. આઝાદ ભારતમાં રાષ્ટ્રભાવનાને પ્રબળ બનાવીને જ્ઞાતિવાદને જાકારો આપવા જ્ઞાતિનો ઉલ્લેખ બંધ કરી દેવાયેલો પણ ભાજપે એ શરૂ કરાવીને અંગ્રેજોના રસ્તે ચાલી રહ્યો છે.

જ્ઞાતિ આધારિત વસતી ગણતરીના તરફદારોની દલીલ છે કે, વસતી ગણતરીમાં જ્ઞાતિનો ઉલ્લેખ નથી થતો તેથી દેશમાં કઈ જ્ઞાતિ કેટલી પછાત છે તેની ખબર પડતી નથી. તેના કારણે કેટલીક જ્ઞાતિનાં લોકોને પછાતપણામાંથી બહાર કાઢવા માટે સરકારી યોજનાઓ નથી બનતી જ નથી. કઈ જ્ઞાતિનાં કેટલાં લોકો છે તેની ખબર હોય તો સરકારી યોજનાઓમાં કઈ જ્ઞાતિને કેટલું મહત્ત્વ આપવું, તેમના માટે કેવી ખાસ યોજના બનાવવી, તેમના વિકાસ માટે કેટલું બજેટ ફાળવવું વગેરે નક્કી કરી શકાય. સમાજના તમામ લોકોને વિકાસનો લાભ આપી શકાય.

આ દલીલ બકવાસ છે પણ ભાજપ સરકારે આ દલીલ સ્વીકારી એ વાત વધારે આઘાતજનક છે. આ દેશને ભગવાન જ બચાવે.■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર હેમંતઋતુ, શનિવાર, તા. ૧૩-૧૨-૨૦૨૫, પારસી ૫મો અમરદાદ માસારંભ

- ભારતીય દિનાંક ૨૨, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ વદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૯
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૩મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર હસ્ત
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૪, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૩, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ રાત્રે ક. ૧૯-૫૪
- ઓટઃ બપોરે ક. ૧૩-૨૭, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૯ (તા. ૧૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ – નવમી. પારસી ૫મો અમરદાદ માસારંભ, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૦ (તા. ૧૪)
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ સૂર્ય-શનિ ગ્રહ દેવતાનું પૂજન, જુઈનાં પુષ્પથી વિશેષરૂપે ચંદ્રદેવતાનું પૂજન, નિત્ય થતાં ખેતીવાડી, પશુ લે-વેંચના કામકાજ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ અસ્થિર મનના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ (તા. ૪)
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃશ્ચિક, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-વૃશ્ચિક (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## શાહબાઝ શરીફની ફજેતીઃ પુતિને ૪૦ મિનિટ સુધી રાહ જોવડાવી

નવી દિલ્હીઃ તુર્કમેનિસ્તાનના પ્રવાસે ગયેલા પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરવાના હતા. જોકે, આ મુલાકાતે અણધાર્યો વળાંક લીધો હતો જ્યારે તેમને આ માટે ૪૦ મિનિટ સુધી રાહ જોવી પડી હતી. આના પછી તેઓ ત્યાં બંધબારણે ચાલી રહેલી મીટિંગમાં ઘૂસી ગયા હતા.

એક વીડિયો અનુસાર, રશિયન નેતા સાથેની તેમની નિર્ધારિત દ્વિપક્ષીય બેઠકમાં વિલંબ થયા પછી શરીફ ભૂલથી પુતિન અને તૂર્કીના પ્રમુખ રેસીપ તૈયપ એર્દોગન વચ્ચે બંધ બારણે ચાલી રહેલી બેઠકમાં ઘૂસી ગયા હતા.

વિદેશ મંત્રી ઈશાક ડાર સાથે બાજુના રૂમમાં ૪૦ મિનિટ સુધી રાહ જોયા બાદ, શરીફ અધીરા બન્યા હતા અને પુતિન-એર્દોગન વચ્ચેની બેઠકના સ્થળે પ્રવેશ કર્યો હતો. તેઓ આશરે ૧૦ મિનિટ પછી ત્યાંથી બહાર નીકળ્યા હતા. સોશિયલ મીડિયા પર આ ઘટનાની ભારે મજાક ઉડાવવામાં આવી રહી છે અને લોકો તેને રાજદ્વારી ભૂલ ગણી રહ્યા છે.

## ચુકાદા પર અફવાની અસર નહિ પડેઃ સુપ્રીમ કોર્ટ

### સોલિસિટર જનરલને ખોટા અખબારી અહેવાલની અવગણના કરવાની સલાહ અપાઇ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ભારતમાંના અમુક (કહેવાતા ગેરકાયદે) બાંગ્લાદેશીને સ્વદેશ પાછા મોકલવાની ઘટનાને લગતા એક કેસમાં સોલિસિટર જનરલ તુષાર મહેતાને કેસના મુદ્દાને લગતી અફવા કે ખોટા અખબારી અહેવાલની અવગણના કરવાની સલાહ આપી હતી અને જણાવ્યું હતું કે અમારા ચુકાદા પર આવી અફવાની અસર નહિ થાય.

કેટલાક (ગેરકાયદે કહેવાતા) બાંગ્લાદેશીને સ્વદેશ પાછા મોકલતી વખતે યોગ્ય પ્રક્રિયાને અનુસરવામાં નહિ આવી હોવાનો આક્ષેપ કરતા એક કેસની સુનાવણી વખતે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વિપુલ એમ. પંચોલીની બૅન્ચે સંબંધિત ટિપ્પણી કરી હતી.

અગાઉ, કલકત્તા વડી અદાલતે આપેલા એક સંબંધિત ચુકાદામાં જણાવ્યું હતું કે અમુક બાંગ્લાદેશીની સ્વદેશ પાછા મોકલવા માટે ભારત સરકારે જરૂરી યોગ્ય પ્રક્રિયા હાથ નહોતી ધરી.

વડી અદાલતના આ ચુકાદાને કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતમાં પડકાર્યો હતો.

સર્વોચ્ચ અદાલતને કેસને લગતી સુનાવણી વખતે જણાવાયું હતું કે સુનાલી ખાતુન નામની એક ગર્ભવતી મહિલા અને તેનો આઠ વર્ષનો દીકરો ભારતમાં પાછા આવ્યા છે અને આ મહિલાની પશ્ચિમ બંગાળના વીરભૂમમાંના તેના પિતાના ઘરે તબીબી સારવાર કરાઇ રહી છે.

કેન્દ્ર વતી સર્વોચ્ચ અદાલતમાં કેસ લડી રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ એક અંગ્રેજી અખબારમાં આ કેસને સંબંધિત રજૂ થયેલા કહેવાતા ખોટા અહેવાલના સંબંધમાં નારાજગી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે આ ચુકાદા પર પ્રભાવ પાડવા અખબારમાં ખોટો અહેવાલ છપાયો હતો.

જસ્ટિસ બાગચીએ આ સમયે જણાવ્યું હતું કે અફવાની અમારા ચુકાદા પર કોઇ અસર નહિ થાય, પણ અફવાની ખરાબ અસર કોઇ વ્યક્તિના જીવન પર થવી ન જોઇએ.

દેશના મુખ્ય ન્યાયાધીશે સોલિસિટર જનરલ તુષાર મહેતાને જણાવ્યું હતું કે તમે અફવાની અવગણના કરો. પશ્ચિમ બંગાળના વકીલ કપિલ સિબલે જણાવ્યું હતું કે યુકે અને અમેરિકા જેવા દેશોના પ્રસારમાધ્યમોમાં પણ ઇમિગ્રન્ટ્સ (વસાહતીઓ)ને લગતા મુદ્દા હાલમાં મોટી સંખ્યામાં રજૂ કરાય છે અને તે અંગે ચર્ચા થાય છે. (એજન્સી)

## આંધ્રમાં બસ ખીણમાં પડતાં નવનાં મોત

અમરાવતીઃ ગત મોડી રાત્રે આંધ્ર પ્રદેશના અલ્લુરી સીતારામ રાજુ જિલ્લામાં એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો, એક ખાનગી ટ્રાવેલ ઓપરેટરની બસ એક ખીણમાં ખાબકી હતી, આ અકસ્માતમાં નવ લોકોનાં મોત થયા હોવાના અહેવાલ છે. અહેવાલ મુજબ બસ તેલંગાણાના ભદ્રાચલમથી આંધ્ર પ્રદેશના અન્નવરમ જઈ રહી હતી, બસમાં ૩૭ મુસાફરો સવાર હતાં. ચિત્તૂર-મર્દુમલ્લી ઘાટ રોડ પર બસ દુર્ઘટનાગ્રસ્ત થઇ હતી. ડ્રાઈવરે કાબૂ ગુમાવતા બસ ખીણમાં ખાબકી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે નવ મુસાફરોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતાં, જ્યારે ઘણા મુસાફરો ઘાયલ છે. અકસ્માતની જાણ થતા સ્થાનિક પોલીસ, ફાયર સર્વિસ અને રેસ્ક્યુ ટીમોએ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. અધિકારીઓએ આપેલી માહિતી મુજબ ઘાયલોને સ્ટ્રેચર અને દોરડા વડે કરીને ખીણમાંથી બહાર કાઢવામાં આવ્યા હટાના અને એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતાં. હાલ મૃતકોની ઓળખ કરવામાં આવી રહી છે.

જિલ્લા કલેક્ટરે આપેલી માહિતી મુજબ દસ લોકોનાં મોત થયાના અહેવાલ છે. વહીવટીતંત્ર બચાવ કામગીરી કરી રહ્યું છે. ઈજાગ્રસ્ત મુસાફરોને ભદ્રાચલમની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કેટલાક ઘાયલોની હાલત ગંભીર છે, મૃત્યુઆંક વધી શકે છે.

## હાઇ કોર્ટમાં કંઇક તો ગરબડ છે...: કરુર મામલે સુપ્રીમ કોર્ટની કમેન્ટ

### કરુર ખાતેની ધક્કામુક્કીની તપાસના આદેશમાં ફેરફાર કરવાની સુપ્રીમ કોર્ટની ના

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે કરુરમાં ૪૧ જણનો જાન લેનારી ધક્કામુક્કીની દુર્ઘટનાની તપાસ માટેના એક સભ્યના પંચ અને 'સિટ'ની રચનાને લગતા નિર્ણયને રદબાતલ કરતા પોતાના અગાઉના આદેશમાં ફેરફાર કરવાની દાદ ચાહતી તમિળનાડુ સરકારની અરજીને શુક્રવારે કાઢી નાખી હતી અને જણાવ્યું હતું કે અમે આ દુર્ઘટનાની તપાસ ન્યાયી અને નિષ્પક્ષ કરાવવા માગીએ છીએ.

ન્યાયાધીશ જે. કે. મહેશ્વરી અને ન્યાયાધીશ વિજય બિશ્નોઇની બનેલી બૅન્ચે મદ્રાસ વડી અદાલતના રજિસ્ટ્રાર જનરલે રજૂ કરેલા અહેવાલ સામે વાંધો લઇને જણાવ્યું હતું કે વડી અદાલતમાં (આ કેસના સંબંધમાં) કંઇક ખોટું થયું લાગે છે.

સર્વોચ્ચ અદાલતે કરુરની દુર્ઘટના અંગે સીબીઆઇ દ્વારા તપાસ કરાવવાનો ૧૩ ઑક્ટોબરે આદેશ આપ્યો હતો. અભિનેતા અને રાજકારણી વિજયના પક્ષ તમિલગા વેત્તરી કળગમ (ટીવીકે)ની ૨૭ સપ્ટેમ્બરની જાહેરસભામાં ધક્કામુક્કીને કારણે ભારે જાનહાનિ થઇ હતી.

ટીવીકેએ આ દુર્ઘટનાની સ્વતંત્ર તપાસ માટે કરેલી અરજીના સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતે સીબીઆઇની તપાસ પર નજર રાખવા માટે સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ ન્યાયાધીશ અજય રસ્તોગીના નેતૃત્વ હેઠળ ત્રણ સભ્યની સમિતિ રચી હતી અને 'સિટ'ની તેમ જ એક સભ્યના તપાસ પંચની રચનાને લગતો આદેશ રદ કર્યો હતો.

તમિળનાડુ સરકારના વકીલે શુક્રવારે બાંયધરી આપી હતી કે રાજ્યનું પંચ સીબીઆઇની તપાસમાં દખલગીરી નહિ કરે અને ભવિષ્યમાં આવી દુર્ઘટના ન થાય, તે માટે જરૂરી પગલાં જ સૂચવશે. (એજન્સી)

## પ્રદૂષણનો મુદ્દો સંસદમાં ગાજશેઃ રાહુલની માગણી પછી સરકાર તૈયાર

નવી દિલ્હીઃ વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે દેશભરનાં મોટાં શહેરોમાં હવાનું પ્રદૂષણ ઘણું જ વધી ગયું છે અને તે અંગે લોકસભામાં ચર્ચા કરવી જરૂરી છે.તેમણે હવાના પ્રદૂષણનો મુદ્દો ઉઠાવતા જણાવ્યું હતું કે વિપક્ષ અને શાસક પક્ષ એકબીજા પર ખોટું દોષારોપણ કર્યા વિના હવાના પ્રદૂષણની સમસ્યાનો ઉકેલ લાવી શકે એ રીતે સરકારે ચર્ચાનું આયોજન કરવું જોઇએ. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે હવાના પ્રદૂષણ અંગે સંસદમાં વિગતવાર ચર્ચા કરવા ઉપરાંત વડા પ્રધાને દેશના દરેક શહેરમાંનું હવાનું પ્રદૂષણ ઘટાડવા માટેની આગામી પાંચથી દસ વર્ષની યોજના રજૂ કરવી જોઇએ.સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ જણાવ્યું હતું કે સરકાર હવાના પ્રદૂષણ અંગે ચર્ચા કરવા તૈયાર છે અને લોકસભાના કામકાજની સલાહકાર સમિતિ તેના માટે સમય ફાળવી શકે છે.રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે દેશના મોટા ભાગે બધા જ મોટા શહેરની હવા ઝેરી (બહુ પ્રદૂષિત) બની ગઇ છે. મને ખાતરી છે કે દરેક સાંસદ આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સહકાર સાધવા તૈયાર થશે.

વિપક્ષના નેતાએ જણાવ્યું હતું કે સરકારે હવાનું પ્રદૂષણ ઘટાડવા માટેની યોજના ઘડી કાઢવી જોઇએ. અમે (વિપક્ષો) આ મુદ્દે સરકારને પૂરો સહકાર આપીશું.પ્રિયંકા ગાંધી વાડ્રાએ જણાવ્યું હતું કે મોટાં શહેરોમાં દર વર્ષે હવાની ગુણવત્તા વણસી રહી છે. સરકાર આ મુદ્દે (પ્રદૂષણ ઘટાડવા) સારી કામગીરી કરે તો બહુ સારું. (એજન્સી)

## નવેમ્બરમાં છૂટક ફુગાવો વધીને ૦.૭૧ ટકા થયો

નવી દિલ્હીઃ દેશમાં શાકભાજી, પ્રોટીનયુક્ત ચીજવસ્તુઓ અને ઇંધણના ભાવમાં વધારાને કારણે નવેમ્બરમાં છૂટક ફુગાવો વધીને ૦.૭૧ ટકા થયો હોવાનું શુક્રવારે સરકારી આંકડા પરથી જાણવા મળ્યું હતું.

ઓક્ટોબરમાં ગ્રાહક ભાવ સૂચકાંક(સીપીઆઇ) પર આધારિત છૂટક ફુગાવો ઘટીને ૦.૨૫ ટકાના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો હતો. જેનું મુખ્ય કારણ જીએસટી દરમાં ઘટાડો અને સારા આધારથી નીચા ભાવ હતા. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ(એનએઓ) દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર નવેમ્બરમાં ખાદ્ય ચીજવસ્તુઓમાં ઘટાડો ૩.૯૧ ટકા હતો. જ્યારે ઓક્ટોબરમાં તે ૫.૦૨ ટકા હતો. એનએસઓએ જણાવ્યું કે નવેમ્બર ૨૦૨૫ દરમિયાન મુખ્ય અને ખાદ્ય ફુગાવામાં વધારો મુખ્યત્વે શાકભાજી, ઇંડા, માંસ અને માછલી, મસાલા, ઇંધણ અને લાઇટની મોંઘવારીમાં વધારાને કારણે થયો હતો. નવેમ્બરમાં ઇંધણ અને લાઇટનો મોંઘવારી દર ૨.૩૨ ટકા હતો. જ્યારે ઓક્ટોબર ૨૦૨૫માં તે ૧.૯૮ ટકા હતો.

## ઍર ટિકિટના ભાવ પર કન્ટ્રૉલ નહીંઃ સરકાર

નવી દિલ્હીઃ મુલકી ઉડ્ડયન પ્રધાન રામ મોહન નાયડુએ શુક્રવારે લોકસભામાં જણાવ્યું હતું કે વિમાનની ટિકિટનો મહત્તમ ભાવ નક્કી કરવો અવ્યવહારુ ગણાય અને તેથી જ સરકારે વિમાનની ટિકિટના ભાવ પર કોઇ નિયંત્રણ નથી મૂક્યા. તહેવાર કે રજામાં વિમાનની ટિકિટના ભાવ વધવાની ઘટના સામાન્ય ગણાય. આમ છતાં, સરકારને અમુક સમયે જરૂરી લાગે તો ટિકિટના ભાવ પર અંકુશ મૂકી શકે છે.

તેમણે જણાવ્યું હતું કે દેશના મુલકી ઉડ્ડયન ક્ષેત્રના વિકાસ માટે તેની ટિકિટોના ભાવ પર નિયંત્રણ મૂકવા ન જોઇએ. જે દેશોએ પોતાની ઍરલાઇન્સની ટિકિટોના ભાવ પર નિયંત્રણ નથી મૂક્યા ત્યાં ઉડ્ડયન ક્ષેત્રનો ઝડપી વિકાસ થયો છે.

રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે ઍરલાઇન્સને સ્વતંત્ર રીતે કામગીરી કરવાની છૂટ આપવાથી અંતે ફાયદો તો મુસાફરોને જ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે દેશનું ઉડ્ડયન ક્ષેત્ર ભલે સરકારના સીધા નિયંત્રણમાં નથી, પરંતુ અસામાન્ય પરિસ્થિતિમાં સરકાર દરમિયાનગીરી કરી શકે છે અને ઍરલાઇન્સને ટિકિટના બહુ જ ઊંચા ભાવ લેતા રોકી શકે છે.

## અમેરિકી ટૅરિફથી ભારે નુકસાન થયું છેઃ ચીન

બેંગકોકઃ ઊંચા ટૅરિફથી વિશ્વ અર્થતંત્રને ''ગંભીર ફટકો'' પડ્યો છે, તેમ ચીનના વડા પ્રધાને મંગળવારે જણાવ્યું હતું અને ચીનનો પોતાનો વેપાર પુરાંત એક ટ્રિલિયન ડોલર વટાવી ગઈ છે.

ચીનના ટોચના નેતાઓ વાર્ષિક આર્થિક આયોજન બેઠકમાં હાજરી આપી રહ્યા હતા ત્યારે બીજિંગમાં આયોજિત ટોચના આંતરરાષ્ટ્રીય સંગઠનોના એક મંચમાં વડા પ્રધાન લી કિયાંગે આ ટિપ્પણી કરી હતી.

લીએ યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને તેમના ટૅરિફ વધારાનો ખાસ ઉલ્લેખ કર્યા વિના કહ્યું કે આ વર્ષની શરૂઆતથી, આપણે વિશ્વભરમાં ટૅરિફનો ઉપયોગ અર્થતંત્ર અને વેપાર પર વધતા પ્રતિબંધક પગલાં સાથે જોયો છે, જેનાથી વૈશ્વિક અર્થતંત્રને ગંભીર ફટકો પડ્યો છે .

જેમ જેમ પરિસ્થિતિ વિકસિત થઈ છે, ટૅરિફનાં નુકસાનકારક પરિણામો અન્ય લોકો અને પોતાને બંનેને નુકસાન પહોંચાડી રહ્યા છે તે વધુને વધુ સ્પષ્ટ થયા છે, અને મુક્ત વેપારને સમર્થન આપવા માટે તમામ બાજુથી હાકલ વધુ મજબૂત બની છે, એમ લીએ આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ, વિશ્વ બેંક અને વિશ્વ વેપાર સંગઠનના ટોચના પ્રતિનિધિઓના મેળાવડામાં જણાવ્યું હતું.

ટ્રમ્પ દ્વારા ચીન અને અન્ય દેશોથી આયાત પર તીવ્ર ઊંચા ટૅરિફને કારણે અમેરિકામાં ચીનની નિકાસ પર અસર પડી છે, પરંતુ અન્ય વૈશ્વિક બજારોમાં વધુ શિપમેન્ટને કારણે તેની ભરપાઈ થઈ છે.

સોમવારે જાહેર કરાયેલા ચીનના કસ્ટમ આંકડા દર્શાવે છે કે નવેમ્બરમાં અમેરિકામાં નિકાસ એક વર્ષ અગાઉની સરખામણીમાં ૨૯ ટકા ઘટી ગઈ છે, જે સતત આઠમા મહિનામાં ઘટાડો દર્શાવે છે.

દરમિયાન, ૨૦૨૫ માટે ડોલરના સંદર્ભમાં ચીનનો વેપાર સરપ્લસ નવેમ્બર સુધીમાં એક ટ્રિલિયન ડોલરને વટાવી ગયો હતો, જ્યારે નિકાસ એક વર્ષ અગાઉની સરખામણીમાં ૫.૯ ટકા વધી હતી.

## 'સર'નું કામ પૂરું થયાના બીજે દિવસે બંગાળમાં ચૂંટણી જાહેર કરાશેઃ મમતા બેનરજી

કૂચ બિહારઃ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ મંગળવારે આરોપ લગાવ્યો હતો કે ચૂંટણી પંચ ફેબ્રુઆરીમાં સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન/એસઆઈઆર-સરા અંતિમ મતદાર યાદીના પ્રકાશન પછી તરત જ રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓની જાહેરાત કરશે જેથી નવી મતદાર યાદીને કોઈ કાનૂની પડકાર ન કરી શકે.

રાસ મેળા મેદાનમાં એક જાહેર સભાને સંબોધતા, મમતાએ દાવો કર્યો હતો કે ૨૦૨૬ની ચૂંટણીના થોડા મહિના પહેલા નામો કાઢી નાખવા, મતોનું વિભાજન કરવા અને નાગરિકોને ડરાવવા માટે 'સર'એ એક સુનિયોજિત રાજકીય કાવતરું છે.

તેઓ અંતિમ યાદી પ્રકાશિત કરશે અને બીજા જ દિવસે ચૂંટણીની જાહેરાત કરશે, જેથી કોઈને કોર્ટનો સંપર્ક કરવાનો સમય ન મળે. આ તેમની યોજના છે. કાનૂની લડાઈ હું કોર્ટ પર છોડી દઈશ, પરંતુ અમે રાજકીય રીતે લડીશું, એમ મમતાએ કહ્યું.

મમતાએ આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ દ્વારા ચોથી નવેમ્બરના રોજ 'સર' લાગુ કરવાથી લોકોમાં, ખાસ કરીને લઘુમતીઓ, સ્થળાંતર કામદારો અને પરિણીત મહિલાઓમાં વ્યાપક ભય ફેલાયો છે. આખું જીવન ભારતીય નાગરિક તરીકે આ દેશમાં રહ્યા પછી, હવે અમને ફરીથી અમારી નાગરિકતા સાબિત કરવાનું કહેવામાં આવી રહ્યું છે. આનાથી વધુ અપમાનજનક શું હોઈ શકે? મમતાએ એવો સવાલ કર્યો હતો.

## સાર્કની નિષ્ક્રિયતા માટે ભારત પર ફરી પાકિસ્તાનના સરસંધાન

ઇસ્લામાબાદ : પાકિસ્તાને ફરી એક વાર સાર્કની નિષ્ક્રિયતા અંગે ભારત પર આક્ષેપ કર્યો છે. જેમાં પાકિસ્તાને કહ્યું છે કે ભારત સીમા પારના આતંકવાદ અને કાશ્મીર જેવા મુદ્દાઓને આગળ ધરીને સાર્કને નિષ્ક્રિય કર્યું છે. જ્યારે ભારતને કહેવું છે આતંકવાદના આ માહોલમાં સાર્કમાં આગળ વધી શકાય તેમ નથી અને પાકિસ્તાને શાંતિનો માહોલ બનાવવો પડશે. જ્યારે પાકિસ્તાને દક્ષિણ એશિયા દેશો માટે ભારતના વિરોધમાં નવા ક્ષેત્રીય સંગઠનની રચનાનો પ્રસ્તાવ પણ મુક્યો છે. તેમ જ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પાકિસ્તાન ચીન અને બાંગ્લાદેશ સાથે એક નવા પ્રાદેશિક સંગઠનનારચના માટે યોજના તૈયાર કરી રહ્યું છે.

જોકે, પાકિસ્તાનના આ નિવેદનથી બંને દેશો વચ્ચે ફરી એક વાર તણાવ વધી શકે છે. જેમાં પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા તાહિર હુસૈન અંદ્રાબીએ આક્ષેપ કર્યો કે ભારત સતત સાર્ક પ્રક્રિયામાં અવરોધ ઊભો કરી રહ્યું છે જેના લીધે સંગઠન તેની સાચી ભૂમિકા ભજવી શકતું નથી. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે દાવો કર્યો હતો કે ભારત ઘણીવાર ખોટો પ્રચાર કરે છે કે સાર્ક આગળ વધી શકતું નથી કારણ કે આ કાર્યક્રમ ઇસ્લામાબાદમાં યોજાવાનો હતો. પાકિસ્તાનના મતે આ પહેલી વાર નથી બન્યું.

# કચ્છમાં ૧૦૫ કરોડ રૂપિયાથી વધુના સાયબર ફ્રોડનો કરાયો પર્દાફાશઃ એકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દેશભરમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શન વધવાના કારણે સાયબર ઠગાઈનું પ્રમાણ પણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. કચ્છ પણ સાયબર છેતરપિંડીનું એપિસેન્ટર બની રહ્યું છે. દેશભરમાં આચરાયેલા જુદા-જુદા સાયબર અપરાધોની તપાસનો રેલો ભુજ સુધી પહોંચતા અહીંની સ્થાનિક ગુન્હાશોધક શાખાએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પશ્ચિમ કચ્છ-ભુજ સાયબર ક્રાઈમ સેલે રૂ.૧૦૫ કરોડથી વધુના સાયબર ફ્રોડનો પર્દાફાશ કર્યો હતો. સાયબર ક્રાઈમ સેલે ૨૯ વર્ષીય ખાનગી બેંક કર્મચારી શુભમ ડાભીની ધરપકડ કરી હતી, જે કથિત રીતે આ સમગ્ર રેકેટ ચલાવતો હતો. પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કર્યા બાદ અન્ય આરોપીઓની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે. તેમની પૂછપરછ બાદ કેટલાક ચોંકાવનારા ખુલાસા થાય તેવી શક્યતા છે.

મળતી વિગત મુજબ, ભુજની એક ખાનગી બેંકના ખાતામાં ગત એક વર્ષ દરમ્યાન ભારતના અલગ-અલગ રાજ્યોમાં આચરવામાં આવેલી સાયબર ઠગી દ્વારા મેળવાયેલા રૂ.૧૦૫ કરોડ રૂપિયાથી વધુની રકમ ભુજની એક ખાનગી બેંકના ખાતામાં જમા થયા હોવાનું અને એ તમામ રૂપિયા ઠગો દ્વારા ઉપાડી લેવાયા હોવાનું સમન્વય પોર્ટલની મદદથી મ્યુલ એકાઉન્ટની છાનબીન દરમ્યાન તપાસકર્તાઓને જાણવા મળ્યું હતું. એલસીબી પાસેથી આ અંગે મળેલી સત્તાવાર માહિતી પ્રમાણે, શુભમ હરિહર ડાભી (રહે. સાગરસિટી, મુંદરા રોડ,ભુજ) નામનો ૨૯ વર્ષીય આરોપી અને જિગર મહેન્દ્ર પરગડુ (રહે. છાડુરા, તા. અબડાસા)એ ક્રિષ્ના ટ્રેડર્સ નામની બોગસ પેઢી બનાવી હતી અને આ પેઢીનું સરનામું સવાયા ફળિયાં ભુજ બનાવી, તેનો સિક્કો બનાવી, ઉદ્યમમાંથી સર્ટિફિકેટ મેળવીને ભુજની આર.ટી.ઓ વિસ્તારમાં આવેલી એચડીએફસી બેંકની શાખામાં નોકરી કરતા ભાવિક નામના કર્મચારીની મદદ વડે ક્રિષ્ના ટ્રેડર્સના નામનું બચત ખાતું ગત તા.૯-૧૨-૨૦૨૪ના રોજ ખોલાવ્યું હતું. આ ખાતું ખોલ્યાના માત્ર બાવીસ જ દિવસમાં જ (તા. ૩૧-૧૨-૨૪) સુધી રૂ. ૧૩,૪૯,૪૬,૭૮૧ તથા ૪-૯-૨૦૨૫ સુધીમાં રૂ. ૯૧,૬૩,૦૬,૦૪૫ જેટલી માતબર રકમનું ટ્રાન્ઝેકશન થયું હતું.

આ બોગસ પેઢીના ખાતાંમાં કુલ રૂ. ૧,૦૫,૧૨,૫૨,૮૨૬ જમા થયા, જે પૈકી મહત્તમ રકમનો ઉપાડ જિગરે સહી કરેલા ચેકથી થયો હતો અને તેને કમિશન પેટે રૂ.૩૦,૦૦૦ મળ્યા હતા. શુભમ હરિહર ડાભીના બેંક ખાતાની વધુ તપાસમાં જાણવા મળ્યું કે દિલ્હી, ગુજરાત, હરિયાણા, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણા, છત્તીસગઢ અને ઝારખંડ સહિત ભારતના વિવિધ રાજ્યોમાં તેની વિરુદ્ધ આશરે ૪૦ ફરિયાદો નોંધાઈ હતી. ■




**ઉજવણીઃ** અમદાવાદમાં શુક્રવારે 'ભારતકૂલ અધ્યાય-૨'ની ઉજવણી વખતે બીએપીએસના સંત બ્રહ્મવિહારી સ્વામીની સાથે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ. (પીટીઆઇ)

# કચ્છમાં હાડ થીજવતી ઠંડીનું આક્રમણ, નલિયામાં ૮.૮ ડિગ્રી તાપમાન નોંધાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ-કાશ્મીર અને તેની આસપાસના પહાડી વિસ્તારોમાં સતત થઇ રહેલી ભારે હિમવર્ષાની અસર હેઠળ સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીએ આક્રમણ જારી રાખ્યું હતું. કચ્છમાં પણ લઘુતમ તાપમાનનો આંક ચાલુ વર્ષમાં પ્રથમવાર સિંગલ ડિજિટ પર પહોંચી ગયો હતો. ગાત્રો થીજવી દેતી ઠંડીના મારથી જનજીવન પ્રભાવિત થઇ રહ્યું છે. વિદાય લઇ રહેલાં ૨૦૨૫ના અંતિમ દિવસોમાં અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં ૮.૮ ડિગ્રી સેલ્સિયસ જેટલું નીચું તાપમાન નોંધાયું હતું જ્યારે જિલ્લાના મુખ્ય મથક ભુજમાં ૧૪.૪ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

ઉત્તર-પૂર્વ દિશાએથી પ્રતિકલાકે ૮ કિલોમીટરની ઝડપથી ફૂંકાઈ રહેલા ઠંડાગાર પવને માગશરની હાડ થીજવતી ઠંડીમાં વધારો કર્યો છે. ગાંધીધામ-કંડલામાં ઠંડીનું જોર આંશિક વધઘટ સાથે યથાવત્ રહ્યું હતું. કંડલા એરપોર્ટ ખાતે ન્યૂનતમ તાપમાન ૧૫ ડિગ્રી સેલ્સિયસ અને કંડલા પોર્ટ ખાતે ૧૪.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જમ્મુ કાશ્મીર, લેહ-લદાખ, ઉત્તરાખંડમાં થઇ રહેલી ભારે હિમવર્ષાને કારણે સતત ઠંડી વધી રહી છે. કચ્છના પર્યટન સ્થળો પર જેમાં ખાસ કરીને ધોરડોમાં ચાલી રહેલા રણોત્સવમાં આવેલા પ્રવાસીઓ ઠંડીના કારણે સફેદ રણને કાશ્મીર સાથે સરખાવી રહ્યા છે. ■

# મુખ્ય પ્રધાન આજે સુરતમાં ૬૦૦ કરોડના વિકાસ પ્રોજેક્ટોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે (૧૩ ડિસેમ્બર) શનિવારે સુરત શહેરની મુલાકાતે આવી રહ્યા છે. તેમની આ મુલાકાત વિકાસ કાર્યો પર કેન્દ્રિત રહેશે, જેમાં સુરત મહાનગર પાલિકા અને અર્બન રિંગ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના કુલ ૬૦૦ કરોડના મહત્ત્વના વિકાસ પ્રોજેક્ટોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવા જઈ રહ્યું છે. આ ૬૦૦ કરોડના પ્રકલ્પોમાં સુરત મહાનગર પાલિકાના ૩૫૦ કરોડ અને અર્બન રિંગરોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના ૨૫૦ કરોડના પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે, જે શહેરના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને નવી ગતિ આપશે. ભૂપેન્દ્ર પટેલ શનિવારે સુરતમાં ત્રણ મુખ્ય સ્થળો પર હાજરી આપીને વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે. જેમાં એપીએમસી માર્કેટની મુલાકાત, રાંદેર વિસ્તારની એક ખાનગી હોટલમાં આયોજિત ઓલ ઇન્ડિયા મેયર કાઉન્સિલિંગની બેઠકમાં સહભાગી થવું અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે પાલિકા અને યુઆરડીસીના પ્રોજેક્ટોના મુખ્ય લોકાર્પણ-ખાતમુહૂર્ત સમારોહનો સમાવેશ થાય છે. આ ત્રણ સ્થળો પરના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં શહેરના પદાધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહેશે. આ વિકાસ પ્રકલ્પોમાં સૌથી વધુ મહત્ત્વપૂર્ણ કામ સુરતની ફરતે સાકાર થઈ રહેલા ૬૬ કિલોમીટર લાંબા આઉટર રિંગરોડનો બાકી રહેલો સેગમેન્ટ છે. મુખ્ય પ્રધાનના હસ્તે આઉટર રિંગરોડના સચીનથી કડોદરા સુધીના અંદાજિત ૧૦ કિલોમીટરના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ કામગીરી માટે ૨૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે, જેમાં રોડનું બાંધકામ અને ફ્લાયઓવર બ્રિજનો સમાવેશ થાય છે.

મુખ્ય પ્રધાન સુરત મહાનગર પાલિકાના ૩૫૦ કરોડના કામોનું પણ લોકાર્પણ અને ખાતમુહૂર્ત થશે. જેમાં ૨૫૦ કરોડના કામોનું લોકાર્પણ કરવામાં આવશે, જેમાં મુખ્યત્વે ૨૪૮ કરોડના ખર્ચે પૂર્ણ થયેલા ડ્રેનેજ પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે. જ્યારે, બાકીના ૧૦૦ કરોડના નવાં કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ખાતમુહૂર્તનાં કામોમાં કનકપુર, ઉધના અને લિંબાયત ઝોન જેવા મહત્ત્વના વિસ્તારોના વિવિધ વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે. મુખ્ય પ્રધાનની આ મુલાકાત સુરત શહેરના વિકાસના નવા સીમાચિહ્નો સ્થાપિત કરશે. ■

# ભરણપોષણની આર્થિક રીતે સક્ષમ પત્નીની અરજી સુરત ફેમિલી કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતની ફેમિલી કોર્ટમાં ભરણપોષણનો એક અત્યંત વિચિત્ર અને ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો હતો. સામાન્ય રીતે ભરણપોષણના કેસમાં દંપતી અલગ રહેતા જોવા મળતા હોય છે, પરંતુ અહીં એક જ ઘરમાં સાથે રહેતી પત્નીએ પતિ પાસે ભરણપોષણની માગ કરી હતી. પત્નીએ ૩૫,૦૦૦ પગારદાર પતિ પાસે ૫૦ હજારના ભરણપોષણની માગ કરી હતી. આ કેસમાં કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ પત્નીની અરજી ફગાવી દેતા સ્પષ્ટ કર્યું કે, જો પત્ની આર્થિક રીતે સક્ષમ હોય અને પાયાની જરૂરિયાતો સંતોષાતી હોય તો ભરણપોષણનો હક મળવાપાત્ર નથી.

આ કેસની વિગત એવી છે કે, એક દંપતી લાંબા સમયથી ઘરેલુ ઝઘડાઓને કારણે કાયદાકીય લડત લડી રહ્યું છે. નવાઈની વાત એ છે કે, બંને હજુ પણ એક જ છત નીચે રહે છે. પત્ની નજીકની એક સ્કૂલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે અને માસિક ૨૦,૦૦૦ રૂપિયા પગાર મેળવે છે, તેમ છતાં તેણીએ કોર્ટમાં અરજી કરી પતિ પાસે દર મહિને ૫૦,૦૦૦ રૂપિયા ભરણપોષણની માગ કરી હતી.

પત્નીએ કોર્ટમાં દાવો કર્યો હતો કે, તેના પતિની આવક ૮૦,૦૦૦ રૂપિયા છે. જોકે, હકીકતમાં પતિની માસિક આવક માત્ર ૩૫,૦૦૦ રૂપિયા હતી. પતિ તરફે હાજર રહેલા એડવોકેટએ દલીલ કરી હતી કે, પત્ની પોતાની આવક કરતા પણ વધુ રકમની માગણી કરી રહી છે જે અતાર્કિક છે. વધુમાં, દંપતીને કોઈ સંતાન પણ નથી, જેથી આટલી મોટી રકમની જરૂરિયાત ઊભી થતી નથી. કોર્ટે આ કેસમાં પત્નીની બેવડી નીતિની આકરી નોંધ લીધી હતી. કોર્ટે અવલોકન કર્યું હતું કે, પત્નીએ પોતાની અરજીમાં પોતે 'ગૃહિણી' હોવાનું જણાવ્યું હતું, જ્યારે હકીકતમાં તે નોકરી કરી રહી હતી. બેંક સ્ટેટમેન્ટ દ્વારા તેની આવક સાબિત થઈ હતી. ■

# અમદાવાદ મનપાએ નોટિસ વગર ૩૫ પ્રિ-સ્કૂલને સીલ મારતા એસો. ખફા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રિ-સ્કૂલ પર તવાઈ બોલાવવામાં આવી છે. છેલ્લા બે દિવસમાં અમદાવાદ શહેરની ૩૫ કરતા વધુ પ્રિ-સ્કૂલને સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રિ-સ્કૂલને સીલ કરવામાં આવતા હવે પ્રિ-સ્કૂલ એસોસિએશન દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવી છે. વિદ્યાર્થીઓના અભ્યાસની ચિંતા કરીને મનપાના ચેરમેનને રજૂઆત કરવામાં આવી હતી. ચાલુ સત્રમાં સીલ મારવાની કાર્યવાહી કરવામાં વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચિત રહી જશે તેવી ચિંતા પ્રિ-સ્કૂલ એસોસિએશન દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. તેમ જ કોઈ પ્રકારની નોટિસ આપ્યા વગર પ્રિ-સ્કૂલોને સીલ મારવામાં આવી હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે. ચાલુ સત્ર દરમિયાન પ્રિ-સ્કૂલ સીલ મારવાની કામગીરી ન કરવામાં આવે તેવી માગ કરાઈ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બીયુ પરવાનગી વગર પ્રિ-સ્કૂલ ચાલી રહી છે તે યોગ્ય નથી તેવું કહીને સીલ મરવાની કાર્યવાહી કરવામાં આવી છે. છેલ્લા બે દિવસમાં જ ૩૫ જેટલા પ્રિ-સ્કૂલને સીલ મારવામાં આવી છે. ૩૫ જેટલી પ્રિ-સ્કૂલને ચાલુ સત્રમાં સીલ મારવામાં આવતા હવે વિદ્યાર્થીઓનો અભ્યાસ ક્યાં થશે તેને લઈને સવાલ ઊઠી રહ્યા છે. જેથી વિદ્યાર્થીઓના અભ્યાસની ચિંતા કરી ચાલુ સત્રમાં આ પ્રકારની કાર્યવાહી ન કરવામાં આવે તેવી મનપામાં રજૂઆત કરવામાં આવી છે.

પ્રિ-સ્કૂલ એસોસિએશન દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે, મોટા ભાગની શાળાઓએ બીયુની પરવાનગી માટે અરજી કરી દીધી છે. તેમજ ઇમ્પેક્ટ ફી ભરીને તેના કાગળ પણ મનપામાં મોકલી આપવામાં આવ્યા છે, પરંતુ છેલ્લા ઘણા સમયથી ફાઈલો ક્લિયર થતી જ નથી. ફાઈલો ક્લિયર થાય તો અમને બીયુ પરમિશન મળી રહે, પરંતુ અચાનક જ કોઈપણ પ્રકારની નોટિસ આપ્યા વગર સીધી પ્રિ-સ્કૂલને સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવતા તેના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર થઈ છે.

પ્રિ-સ્કૂલ એસોસિએશનના અમદાવાદ ઝોન સેક્રેટરી સાગર નાયકે જણાવ્યું હતું કે, છેલ્લા બે દિવસમાં ૩૫ જેટલી પ્રિ-સ્કૂલને સીલ કરવામાં આવી છે. જેમાં કારણે ૮૫૦ કેટલા બાળકો શિક્ષણથી વંચિત રહેવાના છે. જેથી વિદ્યાર્થીઓના હિત માટે મનપા ચેરમેનને રજૂઆત કરી હતી. નોટિસ અમને મળી કે ન મળી તે બધી બાબતથી દૂર રહીને વિદ્યાર્થીઓની ચિંતા કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી. જે બાદ તેનું કંઈક નિવારણ લાવવા માટે ખાતરી આપવામાં આવી છે. તેમજ બીયુ પરવાનગી ન લીધી હોય તો એકેડેમિક વર્ષનો સમય આપવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી. કારણ કે ચાલુ સત્રમાં સ્કૂલને સીલ કરી દેવામાં આવે તો વિદ્યાર્થીઓ જાય ક્યાં? જેથી ચાલુ સત્રમાં સ્કૂલને સીલ મારીને વિદ્યાર્થીઓને અભ્યાસથી વંચિત ન રાખી શકાય. ■

# અમદાવાદમાં ૧૯૫ પાકિસ્તાની હિંદુઓને નાગરિકતા પ્રમાણપત્રો એનાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના શાહીબાગ વિસ્તારમાં જિલ્લા સેવા સદન ખાતે ભારતીય નાગરિકતા પ્રમાણપત્રોનું વિશેષ વિતરણ આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન તથા ગૃહ પ્રધાન હર્ષ સંઘવી હાજર રહ્યા હતા. પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાંથી હિજરત કરી આવેલા હિન્દુ, શીખ, જૈન અને પારસી પરિવારોને આ પ્રસંગે નાગરિકત્વના દસ્તાવેજો સોંપવામાં આવ્યા હતા.

નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં ૧૨૨ લોકોને સીએએ અંતર્ગત ભારતીય નાગરિકતાનું પ્રમાણપત્ર સ્થળ પર જ એનાયત કરાયું હતું, જ્યારે ૭૩ લોકોએ પહેલાંથી કલેક્ટર ઓફિસમાં નાગરિકતા રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આ પરિવારોમાં ઘણી મહિલાઓ, વડીલો અને યુવાનો સામેલ હતા, જેમણે વર્ષો સુધી અનિશ્ચિતતા અને સંઘર્ષનો સામનો કર્યો હતો. નાગરિકત્વનું પ્રમાણપત્ર હાથમાં લેતાં દરેકના ચહેરા પર ઘર મળ્યાની શાંતિ અને સલામતીનો સ્પર્શ ઝળહળતો હતો. ■

# 'હુડા'નો વિરોધ ચરમસીમાએ પહોંચ્યો, હિંમતનગર સજ્જડ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદાઃ હિંમતનગર શહેરમાં અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી એટલે કે હુડા લાગુ કરવામાં આવ્યું હતું. અત્યારે હુડાનો ૧૧ ગામના મિલકત ધારકો વિરોધ દર્શાવી રહ્યા છે. ગઈકાલે હિંમતનગર શહેર સજ્જડ બંધ રહ્યું હતું. મહત્વની વાત એ છે કે, વેપારી એસોસિયેશન અને સહકારી સંસ્થાઓ પણ સજ્જડ બંધ રહી હતી. સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી એટલે કે હુડા લાગુ કરવામાં આવ્યું છે અને આ હુડાનો ડ્રાફ્ટ પ્લાન જાહેર થતાની સાથે જ ૧૧ ગામના મિલકત ધારકો વિરોધ દર્શાવી રહ્યા છે

હિંમતનગર શહેર બંધનું એલાન આપવામાં આવ્યું તેમાં આખુ હિંમતનગર શહેર સજ્જડ બંધ જોવા મળ્યું હતું. તાલુકા ખરીદ વેચાણ સંઘ, જિલ્લા ખરીદ વેચાણ સંઘ અને એપીએમસી માર્કેટિંગ યાર્ડ જેવી સહકારી સંસ્થાઓએ પણ સજ્જડ બંધ પાડ્યો હતો. છેલ્લા ૯૫ દિવસ કરતા વધુ સમયથી ૧૧ ગામના મિલકત ધારકો સંકલન સમિતિ થકી અલગ અલગ કાર્યક્રમ કરી હુડા રદ કરવા માટે વિરોધ દર્શાવી રહ્યા છે. જેના ભાગરૂપે બંધનું એલાન આપવામાં આવ્યું હતું.

હજુ પણ આગામી દિવસોમાં યોગ્ય નિર્ણય કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. અત્યાર સુધી અલગ અલગ આંદોલનમાં સહકારી સંસ્થા અને એપીએમસી માર્કેટિંગ યાર્ડ પ્રથમવાર બંધ રહ્યું હતું. અહીં લોકો તત્કાલ હુડા રદ કરવાની માંગ કરી રહ્યાં છે. ૧૧ ગામના મિલકત ધારકો દ્વારા અલગ અલગ કાર્યક્રમો થકી વિરોધ દર્શાવવામાં આવ્યો હતો, પરંતુ હજુ સુધી કોઈપણ પ્રકારનો ચોક્કસ નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવવાના કારણે આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. ■

# વલસાડમાં ઔરંગા નદી પર નિર્માણાધીન પુલનું ગર્ડર પડતાં પાંચ મજૂર ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યમાં ૨૦૨૫ના અંતમાં પુલ ધરાશાયી થવાની બીજી ઘટના બની હતી. વલસાડ જિલ્લાના કૈલાશ રોડ પર ઔરંગા નદી પર નવો નિર્માણાધીન પુલનો એક ગર્ડર (સ્લેબ) અચાનક ધરાશાયી થયો હતો.

નિર્માણધીન પુલનું ગર્ડર પડતાં દોડધામ મચી જવા પામી હતી. એક પિલરથી બીજા પિલર વચ્ચેનો ગર્ડર પડી જતાં આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

ઘટનાને પગલે ફાયર વિભાગ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ફાયર વિભાગે પાંચ શ્રમિકોનું રેસ્ક્યૂ કરીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. ક્રેન વડે કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ મામલે અધિકારીઓએ આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગે વલસાડ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માએ જણાવ્યું હતું કે, આજે સવારે આ દુર્ઘટના થઇ એમાં પાંચ લોકોને ઇજા થઇ છે. જેમાં ચાર લોકોની તબિયત સારી છે. જ્યારે એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. શ્રમિકો ગ્રાઉન્ડ લેવલે કામ કરી રહ્યા ત્યારે કોઇ જેકના લીધે અને લોડ બેલેન્સના કારણે આ ઘટના ઘટી છે. ■

# કન્યા કેળવણીમાં મોટું પગલું, નમો લક્ષ્મી યોજના હેઠળ દસ લાખ વિદ્યાર્થિનીઓને ફાયદો

અમદાવાદઃ ગુજરાતની દીકરીઓ માટે હવે શિક્ષણ માત્ર એક અધિકાર નહીં પણ સશક્તીકરણની ગેરંટી છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં શરૂ કરાયેલ 'નમો લક્ષ્મી યોજના' એ કન્યા કેળવણીના ઇતિહાસમાં એક સુવર્ણ સીમાચિહ્નરૂપ પગલું સાબિત થઈ રહ્યું છે. 'નમો લક્ષ્મી યોજના' હેઠળ અત્યાર સુધીમાં રાજ્યની ૧૦ લાખથી વધુ વિદ્યાર્થિનીઓને રૂપિયા ૧,૦૦૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં આ યોજના માટે રૂપિયા ૧૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ધોરણ ૯થી ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરનાર લાભાર્થી દીકરીને રાજ્ય સરકાર કુલ રૂપિયા ૫૦ હજાર સુધીની સહાય આપીને ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો પરનું આર્થિક ભારણ હળવું કરે છે. આ સહાય ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને મળવાપાત્ર છે. આ યોજનામાં મહત્વની બાબત એ છે કે, જો વિદ્યાર્થિનીને સરકારની અન્ય કોઈ સ્કોલરશિપ મળતી હોય, તો પણ આ યોજનાનો લાભ વધારાના લાભ તરીકે પ્રાપ્ત થાય છે. નમો લક્ષ્મી યોજના હેઠળ ધોરણ ૯ અને ૧૦માં મળીને કુલ ૨૦ હજાર રૂપિયા અને ધોરણ ૧૧ અને ૧૨માં મળીને કુલ ૩૦ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવે છે. આ સહાય દર મહિને લાભાર્થીના ખાતામાં સીધી જમા કરવામાં આવે છે. જેમાં દર મહિને ધોરણ ૦૯-૧૦માં ૫૦૦ રૂપિયા અને ધોરણ ૧૧-૧૨માં ૭૫૦ રૂપિયા આપવામાં આવે છે. જ્યારે, બાકીની રકમ સંબંધિત બોર્ડની પરીક્ષાઓ પાસ કર્યા પછી જમા કરવામાં આવે છે. આ યોજના હેઠળ સરકારી, અનુદાનિત અથવા આર.ટી.ઇ. હેઠળ ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કર્યો હોય અને કુટુંબની વાર્ષિક આવક ૬ લાખ રૂપિયા સુધીની હોય તેવી તમામ વિદ્યાર્થિનીઓને લાભ આપવામાં આવે છે. ■

# દૂધસાગર ડેરીમાં ચેરમેનપદે અશોક ચૌધરી રિપીટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેન અને વાઇસ ચેરમેનની વરણી માટે ચૂંટણી યોજાઈ હતી. સહકારી રાજકારણના ગરમ માહોલ વચ્ચે ચેરમેન પદે ફરી એકવાર અશોક ચૌધરીની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે વાઇસ ચેરમેન તરીકે દશરથ પટેલની વરણી કરવામાં આવી છે. આ ચૂંટણી પ્રક્રિયા ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની હાજરીમાં સંપન્ન થઈ હતી. અશોક ચૌધરીના પુનરાવર્તનથી ડેરીમાં તેમના નેતૃત્વ પર ફરી વિશ્વાસ વ્યક્ત કરાયો હતો.

અશોક ચૌધરીએ યુવાનોને આહ્વાન કર્યું હતું કે, યુવાનો દૂધના વ્યવસાયમાં આવે, જ્યારે આગામી સમયમાં ડેરી દ્વારા ખાસ જગુદણ ખાતે એક પશુ તબેલો બનાવવામાં આવશે અને યુવાનોને તાલીમ આપવાનું આયોજન પણ કરવામાં આવશે એમ જણાવ્યું હતું. ચેરમેન પદે પોતાની વરણી થતા અશોક ચૌધરીએ વક્તવ્યમાં પશુપાલકોનો આભાર માન્યો હતો, આ દરમિયાન તેઓ ભાવુક થઈ ગયા હતા. આ સાથે પોતાના જીવનમાં કાળી ટીલી નહીં પાડવા દે તેવી ખાતરી આપી હતી. ■

# રાજકોટમાં એસઆરપી જવાને છાતીમાં ગોળી મારી જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર પોલીસ કમિશનર કચેરીમાં ફરજ બજાવતા ૫૦ વર્ષીય એસઆરપી જવાન ગજુભા જિલુભા રાઠોડે પોતાની સર્વિસ રાઇફલથી છાતીમાં ગોળી મારી આપઘાત કર્યો હતો. પોલીસ કમિશનર કચેરીના ગેટ નંબર ત્રણ પાસે મોડીરાતે બનાવ બન્યો હતો. જે બાદ એસઆરપી જવાનને સિવિલ હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

જોકે, ત્યાં તબીબો દ્વારા તેમને મૃત્યુ જાહેર કરવામાં આવ્યાં હતા. એસઆરપી જવાને ક્યા કારણોસર આપઘાત કર્યો તપાસ હાથ ધરાઈ હતી. ■

# મહીસાગરના બાલાસિનોરમાંથી ₹ ૨.૩૭ કરોડનો ૪૭૩ કિલો ગાંજો ઝડપાયોઃ પોલીસે એકને ઝડપ્યો

અમદાવાદઃ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના રત્નાજીના મુવાડા ગામેથી પોલીસે રૂ. ૨.૩૭ કરોડનો ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ખેતરમાં એરંડાના પાકની આડમાં વાવેલા ૪૭૩ કિલોગ્રામ ગાંજાના છોડ સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. જિલ્લા પોલીસવડા સફીન હસન અને નાયબ પોલીસવડા કમલેશ વસાવા દ્વારા ગેરકાયદેસર નશીલા પદાર્થો સામે કડક કાર્યવાહી કરવા સૂચના અપાઈ હતી. આ અંતર્ગત, બાલાસિનોર ટાઉન પીઆઈ એ.એન. નિનામાને બાતમી મળી હતી કે, વડદલા તાબે રત્નાજીના મુવાડા ગામે એક ખેતરમાં મોટા પ્રમાણમાં ગાંજાનું વાવેતર થયું છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. સ્થળ પર તપાસ કરતા એરંડાના છોડની આડમાં છુપાવેલા નાના-મોટા ૨૫૮ ગાંજાના છોડ મળી આવ્યા હતા. આ છોડનું વજન ૪૭૩.૯૬૦ કિલોગ્રામ થયું હતું. ■

ભાજપના સર્વેમાં ભાજપને ઝટકો

# મુંબઈના ૭૦ ટકા મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં એકનાથ શિંદે વધુ લોકપ્રિય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની આવી રહેલી ચૂંટણી માટે ભાજપ દ્વારા કરાવવામાં આવેલા આંતરિક સર્વેમાં ભાજપને મોટો ઝટકો લાગે એવા તારણો આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ રિપોર્ટ મુજબ, મુંબઈના મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં ભાજપ કરતાં એકનાથ શિંદે વધુ લોકપ્રિય છે.

ભાજપે મુંબઈના ૧૮ વોર્ડનો સર્વે કર્યો છે જ્યાં ૭૦ ટકા મુસ્લિમ સમુદાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જો આ વિસ્તારોમાં શિંદે સેનાના ઉમેદવારો ઊભા રાખવામાં આવે તો તેમને ફાયદો થઈ શકે છે. એકનાથ શિંદેએ મુખ્ય પ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન શરૂ કરેલી લાડકી બહેન યોજનાનો મુસ્લિમ મહિલાઓ પર ખાસ્સો પ્રભાવ જોવા મળી રહ્યો છે. મુંબઈમાં, ૧૮ બેઠકોમાં ૫૦ ટકા કે તેનાથી વધુ અને ૭ બેઠકોમાં ૩૫ ટકા કે તેનાથી વધુ મુસ્લિમ વસ્તી છે. સર્વેમાં ખુલાસો થયો છે કે આ વિસ્તારોમાં એકનાથ શિંદેને ભાજપ કરતાં વધુ પસંદગી મળી રહી છે. જોકે, એકનાથ શિંદેએ આ સર્વે પર પુછવામાં આવતાં જણાવ્યું હતું કે, હાલમાં બેઠકો અંગે કોઈ ચર્ચા થઈ નથી. અમે જે યોજનાઓ લાવ્યા છે તેમાં અમે ક્યાંય ભેદભાવ કર્યો નથી. અમે વ્યાપક યોજનાઓ લાગુ કરી છે. વિકાસ કરતી વખતે પણ અમે કોઈ ભેદભાવ કર્યો નથી. શિંદેએ કહ્યું હતું કે અમે લોક કલ્યાણકારી લાડકી બહેન યોજના લાવતી વખતે ક્યાંય ભેદભાવ કર્યો નથી.

તેમણે કહ્યું હતું કે ભાજપ અને શિંદે સેના વચ્ચે કોઈપણ વિષય કે મુદ્દા પર મતભેદ નથી. અમે એકબીજા સાથે સંકલનમાં છીએ. યોગ્ય સમયે, ૨૨૭માંથી કયા વોર્ડમાં કયા પક્ષનો ઉમેદવાર ઊભા રહેશે તે નિર્ણય સ્થાનિક ભાવના અને ત્યાંના લોકોની ઇચ્છા જોઈને લેવામાં આવશે. બીજી તરફ મુંબઈ ભાજપના પ્રમુખ અમિત સાટમે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે મહાયુતિના ઉમેદવાર ૨૨૭ વોર્ડમાં ચૂંટણી લડશે અને મહાયુતિના મેયર બનશે.

## પારસી મરણ

શાહરૂખ કૈખશરૂ મેહેરશાહી તે કયાનુશ મેહેરશાહીના ખાવીંદ. તે મરહુમો ખોરશેદ નામેરાનયન તથા કૈખશરૂના દીકરા. તે કૈનાઝ મેહેરશાહી ને કુરૂશ મેહેરશાહીના પપ્પા. તે રોહન મહેતા ને ગ્રીષ્મા રાનેના સસરા. તે પરવીન બખ્તીયારી ને પરીચહેર બાસ્તાનીના ભાઇ. તે મીના, મીથ્રા, અફશીન ને અરશાદના મામા. (ઉં. વ. ૭૧) રે. ઠે. ૧૦૩-એ, એમ.એ.પટેલ સી.એચ.એસ. પાલીરામ રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૩-૧૨-૨૫ને બપોરે ૩.૪૫ વાગે અંધેરી મધે પટેલ અગિયારીમાં.

વિસ્પી ધનજીશૉ ફેનીબાન્દા તે પરસીસના પતિ. તે મરહુમ આલુ અને મરહુમ ધનજીશૉના દીકરા. તે નિલોફર વિસ્પી દમણીયાના ભાઇ. તે મરહુમો બેપ્સી અને મરહુમ પરવેઝ મહેતાના જમાઇ. તે ઝુબીન પરવેઝ મહેતાના બ્રધર ઇન લો. તા. ૧૧-૧૨-૨૦૨૫ના ગુજરી ગયા છે. ઠે. હેરો, લંડન. ઉઠમણું: બહેરામ બાગ અગિયારી, તા. ૧૩-૧૨-૨૦૨૫ના ૩.૪૫ વાગે.

બે-ત્રણ દિવસમાં મહાનગરપાલિકા ચૂંટણીઓની જાહેરાત

# પહેલા તબક્કામાં ૧૯ અને બીજા તબક્કામાં મુંબઈ મનપા સહિત ૧૦ મહાનગરપાલિકાની ચૂંટણીઓ કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં નગરપાલિકા નગર પંચાયતની ચૂંટણીઓમાં મળેલા જ્વલંત પ્રતિસાદથી પ્રોત્સાહિત થયેલી રાજ્યની મહાયુતિ સરકારે આગામી મહિને મહાનગરપાલિકાઓની ચૂંટણી કરવા માટેની તૈયારીઓ આદરી દીધી છે અને આધારભૂત સાધનો પાસેથી મળતી માહિતી અનુસાર આગામી બે-ત્રણ દિવસમાં રાજ્યની ૧૯ મહાનગરપાલિકાની ચૂંટણીઓની જાહેરાત કરી નાખવામાં આવશે જ્યારે મુંબઈ સહિતની બાકીની ૧૦ મહાનગરપાલિકાની ચૂંટણીઓ બીજા તબક્કામાં તેમ જ જિલ્લા પરિષદ અને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ તેના પછીના તબક્કામાં જાહેર કરવામાં આવશે એવું અત્યારે લાગી રહ્યું છે.

ચૂંટણી પંચના આધારભૂત સાધનો અને કેટલાક અગ્રણી રાજકીય નેતાઓ પાસેથી મળતી માહિતી મુજબ ૧૫ ડિસેમ્બરની આસપાસ રાજ્ય ચૂંટણી પંચ મહાનગરપાલિકાની ચૂંટણીઓની જાહેરાત કરે એવી શક્યતા છે. સુપ્રીમ કોર્ટમાં ઓબીસી આરક્ષણની સુનાવણી બાકી હોવાથી જિલ્લા પરિષદ અને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ હાલ પુરતી મુલતવી રાખવાનો વિચાર ચૂંટણી પંચ કરી રહ્યું છે એવું જાણવા મળ્યું હોવા છતાં વાસ્તવિક કારણ એ છે કે જે રીતે નગરપાલિકા અને નગર પંચાયતોની ચૂંટણીમાં મહાયુતિને નાગરિકોનો પ્રતિસાદ મળ્યો તેનાથી સત્તાધારી મહાયુતિના આત્મવિશ્વાસમાં વધારો થયો છે. ભાજપને ૧૦૦થી વધુ નગરપાલિકામાં પોતાના અધ્યક્ષ બેસાડવાનો વિશ્વાસ છે. આનાથી જ પ્રોત્સાહિત થઈને અત્યંત મહત્ત્વની મહાનગરપાલિકાઓની ચૂંટણી પહેલા કરાવી નાખવાની ઉતાવળ થઈ રહી હોવાનું કહેવાય છે.

ચૂંટણી પંચના સૂત્રોના જણાવ્યા મુજબ ચૂંટણીની જાહેરાત કર્યા પછી ઓછામાં ઓછા બાવીસ (૨૨) દિવસમાં મતદાન કરાવી શકાય છે. ૧૫ ડિસેમ્બરની આસપાસ ચૂંટણીની જાહેરાત કરવામાં આવે તો આઠમી જાન્યુઆરીએ પણ ચૂંટણી (મતદાન) કરાવી શકાય છે, પરંતુ અત્યારે એવું માનવામાં આવે છે કે ચૂંટણીઓ ૧૫ જાન્યુઆરીથી લઈને ૨૦ જાન્યુઆરીની વચ્ચે થઈ શકે છે. કેમ કે ઉત્તરાયણની આડે હિન્દુત્વવાદી પક્ષ ચૂંટણી કરાવવા તૈયાર થશે નહીં.

વિરારમાં ઇમારત હોનારત

# પાલિકાના આસિસ્ટન્ટ કમિશનર ગોન્ઝાલ્વીસને ૧૪ દિવસની જુડિશિયલ કસ્ટડી

પાલઘર: પાલઘર જિલ્લાના વિરારમાં ઑગસ્ટમાં ૧૭ નિર્દોષ લોકોનો ભોગ લેનારી ઇમારત હોનારત પ્રકરણે ધરપકડ કરાયેલા વસઇ-વિરાર પાલિકાના આસિસ્ટન્ટ કમિશનર ગિલ્સન ગોન્ઝાલ્વીસને કોર્ટે ૧૪ દિવસની જુડિશિયલ કસ્ટડી ફટકારી હતી. ગિલ્સન ગોન્ઝાલ્વીસની પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી તેને કોર્ટમાં હાજર કરાયો હતો. ગોન્ઝાલ્વીસને હવે સસ્પેન્ડ કરવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. વિરાર પૂર્વના વિજયનગરમાં આવેલી રમાબાઇ એપાર્ટમેન્ટ નામની ચાર માળની અનધિકૃત ઇમારત ૨૬ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ ધરાશાયી થઇ હતી, જેમાં બે બાળક સહિત ૧૭ જણનાં મોત થયાં હતા, જ્યારે નવ લોકો ઘવાયા હતા. ઇમારતમાં પચાસ ફ્લેટ હતા, પણ માત્ર થોડાં વર્ષમાં ઇમારતની દુર્દશા થઇ ગઇ હતી. બિલ્ડરે ઇમારતના રહેવાસીઓની દિશાભૂલ કરીને ઇમારત અધિકૃત હોવાનું જણાવ્યું હતું.

દરમિયાન ઇમારત પત્તાંના મહેલની જેમ તૂટી પડ્યા બાદ પોલીસે ડેવલપર નિતલ સાને, જગ્યાના માલિક તથા અન્યો સામે ગુનો દાખલ કર્યો હતો. આ કેસની તપાસ બાદમાં ક્રાઇમ બ્રાન્ચને સોંપાઇ હતી અને પોલીસે ડેવલપર સહિત પાંચની ધરપકડ કરી હતી. ઇમારત જેના પર બાંધવામાં આવી હતી, તે જગ્યાની માલકણ બે મહિલા અને રહેવાસીઓ પાસેથી ભાડાં વસૂલનારા તેમના પતિઓનો આરોપીઓમાં સમાવેશ છે. ઇમારત હોનારત પ્રકરણે ક્રાઇમ બ્રાન્ચે ગયા સપ્તાહે ગોન્ઝાલ્વીસની ધરપકડ કરી હતી.

# મુંબઈ મહાનગરપાલિકા માટે મહાયુતિનો ફોર્મ્યુલા નક્કી

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીઓ આવતા અઠવાડિયે જાહેર કરવામાં આવે એવી શક્યતાઓ વચ્ચે મ્યુનિસિપલ ચૂંટણીઓમાં મહાયુતિને એક થવાની જરૂર છે તે સમજાતા જ, કેન્દ્રીય પ્રધાન અમિત શાહના આદેશ પછી, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને ભાજપના પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણને મળ્યા અને એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે રાજ્યની બધી મ્યુનિસિપલ ચૂંટણીઓ એક મહાયુતિ તરીકે સાથે લડવામાં આવશે. મુંબઈ મહાનગરપાલિકા માટે તો મહાયુતિની બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલા પણ નક્કી થઈ ગઈ છે.

રાજ્યમાં મહાયુતિમાં રહેલી તિરાડ આખરે ઉકેલાઈ ગઈ છે. હાઈકમાન્ડના આદેશ પછી, ભાજપના પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણ અને એકનાથ શિંદે વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી અને છેલ્લા કેટલાક દિવસોથી ભાજપ અને શિવસેના શિંદે જૂથ વચ્ચે ચાલી રહેલા આંતરિક ઝઘડા પર વિરામ મૂકવામાં આવ્યો હતો. આ પછી, શિંદેની શિવસેના અને ભાજપ રાજ્યની બધી મ્યુનિસિપલ ચૂંટણીઓ એક મહાયુતિ તરીકે સાથે લડશે. મુંબઈ મહાનગરપાલિકા માટે મહાયુતિની સીટ-શેરિંગ ફોર્મ્યુલા પણ નક્કી થઈ ગયો છે. તે મુજબ, ભાજપ ૧૩૦-૧૪૦ બેઠકો પર ચૂંટણી લડશે.

બીજી તરફ, એકનાથ શિંદેની શિવસેનાને ૮૦-૯૦ બેઠકો આપવામાં આવશે. સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી ન હોવા છતાં બેઠકમાં આ ફોર્મ્યુલા પર સર્વસંમતિ સધાઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. બીજી તરફ, મુંબઈના મુસ્લિમ બહુમતી ધરાવતા ૧૮ વોર્ડમાં ભાજપ માટે મૂંઝવણ ઊભી કરી છે અને તેના પર ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. જોકે, મુસ્લિમ બહુમતી ધરાવતા ૧૮ વોર્ડમાં ભાજપનો જોરદાર વિરોધ હોવાથી, ભાજપ આ બેઠકો શિંદેની શિવસેનાને છોડવાનું વિચારી રહી છે. આ ઉપરાંત, આ ૧૮ વોર્ડમાં અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસને આ બેઠકો છોડવાની પણ યોજના છે. જોકે, એનસીપી મુંબઈની જવાબદારી નવાબ મલિકને આપશે, તેથી ભાજપ દ્વારા તેમના નામનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. તેથી, હાલમાં, ભાજપને માટે આ ૧૮ બેઠકોએ મૂંઝવણ ઊભી કરી છે. તેથી, આગામી સમયમાં ભાજપ આ બેઠકો પર શું ઉકેલ લાવશે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. એવું જાણવા મળ્યું છે કે મુંબઈ, થાણે, ડોંબિવલી અને ઉલ્હાસનગરમાં મહાયુતિ એક સાથે ચૂંટણી લડશે. પુણે અને નવી મુંબઈમાં મહાયુતિ ન સધાય એવા એંધાણ જોવા મળી રહ્યા છે.

### મહાયુતિ અંગે એક સમિતિ નિર્ણય લેશે

મહાનગરપાલિકાની ચૂંટણીઓ જાન્યુઆરીમાં યોજાવાની શક્યતા છે. અમારી બેઠકમાં ચૂંટણીઓ અંગે ચર્ચા થઈ હતી. એક સમિતિ બનાવવામાં આવશે અને આગળના નિર્ણયો લેવામાં આવશે. આ સમિતિ પ્રાથમિક સ્તરે ચર્ચા કરશે. મુંબઈ સહિત મુખ્ય મહાનગરપાલિકાઓમાં મહાયુતિ તરીકે ચૂંટણી લડવા અંગે અમારી સકારાત્મક ચર્ચા થઈ હતી. તેથી, એવું નક્કી કરવામાં આવ્યું છે કે મહાયુતિ બધી નગરપાલિકાઓની ચૂંટણીઓ સાથે મળીને લડશે. બેઠક વિતરણનો ફોર્મ્યુલા નક્કી કરવા માટે સ્થાનિક સ્તરે ૪-૫ પદાધિકારીઓની સમિતિઓની રચના કરવામાં આવશે. આ સમિતિ દ્વારા લેવામાં આવેલા નિર્ણયને એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસ સમક્ષ રજૂ કરવામાં આવશે અને તેમના જણાવ્યા મુજબ આગામી નિર્ણય લેવામાં આવશે.

# નાશિકમાં ૨૮.૫૫ લાખ રૂપિયાનો પ્રતિબંધિત દારૂ પકડાયો

નાશિક: નાશિક જિલ્લાની પોલીસે ટ્રકમાંથી ૨૮.૫૫ રૂપિયાની કિંમતનો દારૂ જપ્ત કર્યો હતો, જેના મહારાષ્ટ્રમાં વેચાણ પર પ્રતિબંધ છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

નાશિકમાં પેઠ નજીકથી ગુરુવારે દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો અને આ પ્રકરણે એક વ્યક્તિને તાબામાં લેવાઇ હતી.

પોલીસ અધિકારીઓએ મળેલી માહિતીને આધારે ગુરુવારે કોતાંબી ખાટ નજીક ટ્રકને આંતરી હતી. ડ્રાઇવરે દાવો કર્યો હતો કે ટ્રકમાં કાંઇ નથી, પણ પોલીસે ટ્રકની તલાશી લેતાં તેમાંથી ૨૮.૫૫ લાખ રૂપિયાનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલી બોટલો મળી આવી હતી.

દિવ-દમણમાં બનેલા દારૂના મહારાષ્ટ્રમાં વેચાણ પર પ્રતિબંધ છે. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને ડ્રાઇવરને તાબામાં લીધો હતો.

# માઈક્રોસોફ્ટને મુંબઈનું આકર્ષણ: એશિયાનું સૌથી મોટું રોકાણ

## અબજોનું રોકાણ, ૪૫ હજાર નોકરીઓ આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના વિકાસમાં એક મહત્ત્વના માઈલસ્ટોનરૂપી સમાચારમાં માઈક્રોસોફ્ટને મુંબઈનું આકર્ષણ થયું છે. વૈશ્વિક સોફ્ટવેર દિગ્ગજ માઈક્રોસોફ્ટ મુંબઈમાં અબજો ડોલરનું રોકાણ કરશે અને તેને પગલે શહેરમાં ૪૫,૦૦૦ નોકરીઓનું સર્જન થશે એવી માહિતી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે માઈક્રોસોફ્ટના સીઈઓ સત્યા નાડેલા સાથે મુંબઈમાં મુલાકાત બાદ આપી હતી. નાગપુરમાં ચાલી રહેલા વિધાનસભાના શિયાળુસત્રમાંથી સમય કાઢીને ફડણવીસ આ બેઠક માટે તાત્કાલિક મુંબઈ પહોંચ્યા હતા.

મીટિંગ પછી મીડિયા સાથે વાત કરતા, ફડણવીસે સત્યા નાડેલા સાથેની બેઠક વિશે માહિતી આપી. રાજ્યમાં બ્રુકફિલ્ડ્સ કંપની દ્વારા પવઈમાં સ્થાપિત થનારા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ જીસીસી- ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર વિશે માહિતી આપી. તેમણે કહ્યું કે આ ગ્લોબલ સેન્ટર લગભગ બે મિલિયન ચોરસ ફૂટના વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવશે, અને તે લગભગ ૪૫ હજાર નોકરીઓનું સર્જન કરશે. તેમણે એવો સંકેત આપ્યો હતો કે આ ઉપરાંત માઇક્રોસોફ્ટ સાથે એઆઈ ક્ષેત્રમાં રોકાણમાં ટૂંક સમયમાં સમજૂતીના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. ફડણવીસે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રને એઆઈનું હબ બનાવવામાં માઈક્રોસોફ્ટ ખૂબ જ સકારાત્મક અને સક્રિય ભૂમિકામાં છે. મીટિંગમાં તેમને માઈક્રોસોફ્ટના 'પ્રાઈમ એઆઈ ઓએસ'નો ડેમો બતાવવામાં આવ્યો હતો. બંનેએ મીટિંગમાં કૃષિ, આરોગ્ય, વહીવટ, ઉદ્યોગ વગેરે જેવા વિવિધ ક્ષેત્રોમાં એઆઈને અસરકારક રીતે કેવી રીતે લાગુ કરી શકાય તેના પર ચર્ચા કરી હતી. માઈક્રોસોફ્ટ ભારતમાં ૧૭.૫ બિલિયન ડોલર (લગભગ ૧.૫૭ લાખ કરોડ રૂપિયા)નું રોકાણ કરવા જઈ રહ્યું છે. તેને એશિયામાં માઈક્રોસોફ્ટનું અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ માનવામાં આવે છે. નાડેલાએ સમજાવ્યું હતું કે આ રોકાણનો હેતુ એઆઈ, ક્લાઉડ અને ડેટા સેન્ટર માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા, લાખો ભારતીયોને નવી એઆઈ કુશળતામાં તાલીમ આપવા અને સુરક્ષિત ડેટા ઇકોસિસ્ટમ બનાવવાનો છે.

# શરદ પવારના ૮૫મા જન્મદિવસની ઉજવણી

## મુખ્ય પ્રધાન ફડણવીસ અને મહારાષ્ટ્રના નેતાઓએ શુભેચ્છાઓ પાઠવી

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે પીઢ રાજકારણી અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શરદ પવારને તેમના ૮૫મા જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

'વરિષ્ઠ નેતા શરદ પવારજીને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ! તમને લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્યની શુભેચ્છાઓ!,' એવા શબ્દોમાં ફડણવીસે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં લખ્યું હતું.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પવારને શુભેચ્છાઓ પાઠવવા માટે ફોન કર્યો હતો અને એવી આશા વ્યક્ત કરી હતી કે એનસીપી (એસપી)ના વડા સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યથી આશીર્વાદિત થાય. તેમણે કહ્યું હતું કે પવારનું માર્ગદર્શન બધાને લાભદાયક રહેશે.

શિંદેએ એવી શુભેચ્છા પાઠવી હતી કે પવાર 'વર્ષોની સદી પૂર્ણ કરે' ઘણા દાયકાઓથી જાહેર જીવનમાં તેમના યોગદાનને પ્રકાશિત કરે છે.

શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ પણ એક્સ પર એક પોસ્ટ દ્વારા પવારને તેમના જન્મદિવસની શુભેચ્છા આપી હતી.

બીજી તરફ રાજ્યના વરિષ્ઠ નેતાઓ સવારથી જ મુંબઈના વાય.બી. ચવ્હાણ સેન્ટરમાં તેમને શુભેચ્છા આપવા ઉમટી પડ્યા હતા. બીજી તરફ એનસીપીના કાર્યકરો અને નેતાઓને મળવા શરદ પવાર પોતે વાય.બી. ચવ્હાણ સેન્ટરમાં હાજર રહ્યા હતા.

# મહારાષ્ટ્રના સાત જિલ્લાઓમાં ત્રણ વર્ષમાં ૧૪,૫૨૬ બાળકનાં મૃત્યુ

નાગપુર: મહારાષ્ટ્રના સાત જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૪,૫૨૬ બાળકોના મૃત્યુ નોંધાયા છે, એમ જાહેર આરોગ્ય પ્રધાન પ્રકાશ આબિટકરે સરકારી રેકોર્ડનો ઉલ્લેખ કરીને શુક્રવારે વિધાનસભામાં જણાવ્યું હતું. ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ ની વચ્ચે પુણે, મુંબઈ, છત્રપતિ સંભાજીનગર, નાગપુર, અમરાવતી, અકોલા અને યવતમાલ જિલ્લામાં ૧૪,૫૨૬ બાળકોના મૃત્યુ નોંધાયા હતા. આ આંકડામાં સરકારી સુવિધાઓમાં દાખલ કરાયેલા શિશુઓ અને પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો તેમજ ગંભીર કુપોષણના કેસોનો સમાવેશ થાય છે. પ્રધાને એમ પણ કહ્યું કે પાલઘર જિલ્લામાં ૧૩૮ શિશુ મૃત્યુ નોંધાયા છે. નવેમ્બર ૨૦૨૫ સુધીના રાજ્ય આરોગ્ય વિભાગના ડેટાનો ઉલ્લેખ કરીને આબિટકરે જણાવ્યું હતું કે ૨૦૩ બાળકો ગંભીર કુપોષણથી અને ૨,૬૬૬ મધ્યમ કુપોષણથી પીડાતા હતા.

આબિટકરે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારે કુપોષણ ઘટાડવા માટે સંકલિત બાળ વિકાસ સેવા કાર્યક્રમ હેઠળ અનેક પગલાં અપનાવ્યાં છે, જેમાં નિયમિત આરોગ્ય પરીક્ષાઓ, સગર્ભા સ્ત્રીઓ માટેની ડો. એપીજે અબ્દુલ કલામ અમૃત આહાર યોજના, કુપોષિત બાળકો માટે લક્ષિત હસ્તક્ષેપો, પોષણ અભિયાન, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અને 'સુપોષિત મહારાષ્ટ્ર' પહેલનો સમાવેશ થાય છે.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

નેમિશ ભરત કોઠારી, તા. ૧૧. ૧૨. ૨૦૨૫ના શ્રીજીશરણ પામ્યા છે. તેઓ સ્વ. ભરતભાઈ અને સ્વ નયનાબેનના પુત્ર. આશિષ કોઠારીના ભાઈ. રિતિકાના પતિ. ધ્યાના અને માયરાના પિતા. સ્વ. જુગલ અને સરોજબહેન દાવડાના જમાઈ.

**વાલમ બ્રાહ્મણ**

મુંબઈ નિવાસી જયવર્ધનભાઇ ઉપાધ્યાય, (ઉં.વ. ૬૯), તેઓ સ્વ. પદ્માબેન અને જગદીશચંદ્ર ઉપાધ્યાયના પુત્ર. હેમાબેનના પતિ. પાર્થ અને સાક્ષીતના પિતા. શિવાનીના સસરા અને જ્યોતિબેન ઉમેશભાઇ ભટ્ટના ભાઇનું તા. ૧૨ ડિસેમ્બરને શુક્રવાર ના રોજ મુંબઈ ખાતે અવસાન થયું છે. પ્રાર્થનાસભા તા.૧૪.૧૨.૨૫ રવિવારના સાંજે ૫ થી ૭. કેવલબાગ કાંદિવલી વેસ્ટ, જેઠવા નગર ફ્લાયઓવર, નજીક એસ વી રોડ. મુંબઈ.

**મેઘવાળ**

ગામ દરેડ (પ્રભાદેવી મુંબઈ) હાલ મુલુંડ સ્વ. દેવજીભાઈ કાનજીભાઈ મકવાણાના દિકરી. સ્વ. ડાયાભાઈ પ્રેમજીભાઈ સોલંકીના ધર્મપત્ની. કાંતિભાઈ ડાયાભાઇ સોલંકી, ભાણજીભાઈ ડાયાભાઇ સોલંકી અને સ્વ. નિરૂબેન આલજી સુમરાના માતાશ્રી. કાંતાબેન કાંતિ સોલંકી, રાજુબેન ભાણજી સોલંકી અને આલજીભાઈ ગોવિંદ સુમરાના સાસુ. સ્વ. વાલીબેન ડાયાભાઇ સોલંકી (ઉં.વ.૮૦) ૩/૧૨/૨૫ને બુધવારના અવસાન થયેલ છે. તેમના બારમું ૧૪/૧૨/૨૫ને રવિવારે સાંજે ૫:૦૦ વાગ્યે રાખેલ છે. સ્થળ: શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, રામ રતન ત્રિવેદી રોડ, ભાજી માર્કેટ મુલુંડ (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ મુંદ્રા હાલ ઘાટકોપર મુંબઇ સ્થિત ગં. સ્વ. રેખાબેન (જમના) રમેશ ઠક્કર (ઉં. વ. ૭૯) તા. ૧૧-૧૨-૨૫ ગુરુવારના રોજ ધામ પધાર્યા છે. તે સ્વ. રમેશ કરસનદાસ ઠક્કરના પત્ની. તે વિમલા રણજીત ઠક્કરના દેરાણી. તે સ્વ. માણેકબેન, સ્વ. રતનબેન અને સ્વ. કાંતાબેનના ભાભી. તે કચ્છ ગામ તુણાવાળાના સ્વ. બાબુભાઇ (નાનજી) હંસરાજ રૂપારેલ હાલ ખામગાંવવાળાની મોટી સુપુત્રી. તે કિશોર, પ્રવિણા, સ્વ. અરુણા, સાધના, યોગેશ અને નયનાના મોટાબેન. લૌકિક વ્યવહાર બંધ છે, પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કપડવંજ દશા પોરવાડ**

હાલ પારલા નિવાસી સ્વ. રમણલાલ મણિલાલ દેસાઇની ધર્મપત્ની ગં. સ્વ. શારદાબેન (ઉં. વ. ૯૩) સ્વ. દિનેશભાઇ, સ્વ. હેમંતભાઇના માતુશ્રી. મિલનબેન, પ્રીતીબેનના સાસુ. કમળાબેન મણિલાલ પરીખની પુત્રી. શાલિન, સૌમિલ, શ્યામ, મેઘાના દાદી. તા. ૮-૧૨-૨૫ના સ્વર્ગવાસ થયા છે. પ્રાર્થનાસભા નથી.

**હાલાઇ લોહાણા**

કેશોદ નિવાસી હાલ દહીસર નીતીન હરીદાસ પોપટ (ઉં. વ. ૬૪) સ્વ. દેવકુવરબેન હરીદાસ પોપટના પુત્ર તા. ૧૧-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સાધનાના પતિ. હર્ષના પિતા. નિર્મલાબેન બાબુલાલ ચંદારાણાના જમાઇ. ભાનુબેન મનહર ગઢીયા, ગીતાબેન ગીરીશકુમાર સરૈયા તથા શીતલ કીરીટ પોપટના નાનાભાઇ. દામોદરદાસ, ચુનીલાલ ગોવર્ધન કારીયાના ભાણેજ.લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઇ સુથાર**

રાણપુર નિવાસી હાલ બોરીવલી નિલેશભાઇ પરમાનંદભાઇ પાટડીયા (ઉં.વ.૫૯) તા. ૭-૧૨-૨૫ના રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. દમયંતીબેન પરમાનંદભાઇ પાટડીયાના પુત્ર. મયૂરીબેનના પતિ. કૌશલ અને સોહમના પિતાશ્રી. ખુશ્બુના સસરા. સ્વ. નીતાબેન પ્રકાશકુમાર ગાલિયા, રીટાબેન ધર્મેન્દ્રકુમાર ચૌહાણ, ભરતભાઇ પરમાનંદભાઇ પાટડીયા, પ્રવીણભાઇ અમ્રીતલાલ પાટડીયા, અમિતભાઇ જયંતીલાલ પાટડીયાના ભાઇ.બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૧૨-૨૫ના રવિવારે ૩થી ૫. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, બોરીવલી, લોકમાન્ય તિલક રોડ, ડાયમંડ સિનેમાની સામે, બોરીવલી (પશ્ચિમ).

**દશા સોરઠીયા વણિક**

મુંબઈ નિવાસી હાલ નાશિક ભરતભાઈ મદનલાલ શાહ (ઉં.વ. ૮૩) તે સ્વ. દક્ષાબેનના પતિ. સ્વ ચંદ્રિકાબેન મદનલાલ શાહના સુપુત્ર સ્વ વિજયાબેન નટવરલાલ માલવિયાના જમાઈ સ્વ મહેન્દ્રભાઈ પંકજભાઈ ઉમેશભાઈના ભાઈ. પ્રતિભાબેન સરયુબેન સોનલના જેઠ તે ૯-૧૨-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

રાજુલાવાળા હાલ મુંબઈ યશવંત જમનાદાસ ગાંડાલાલ શેઠ (ઉ. વ. ૭૫), તે તા. ૧૦/૧૨/૨૫ ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. હંસાબેનના પતિ. તે નિમેષ, સમીર તથા શૈલેષના પિતાશ્રી, તે ભરતભાઇ શેઠ, સ્વ. દેવીબેન (શારદાબેન) વસંતરાય મહેતા સ્વ. વસંતબેન ચીમનલાલ ગાંધી, સ્વ. ચંદ્રિકાબેન રસિકલાલ ગોરડીયા તથા ગં. સ્વ. જશુબેન ગુણવંતરાય પારેખના ભાઈ, તે સૌ. નિકિતા, નમ્રતા અને છાયાના સસરા. સ્વસુર પક્ષે કરદેજવાળા સ્વ. બાલકૃષ્ણ દ્વારકાદાસ મોદીના જમાઈ. પ્રાર્થનાસભા ૧૩/૧૨/૨૫ ના શનિવારે સમય સાંજે ૪ થી ૬. વાંઝાવાડી, મથુરાદાસ એક્સટેન્શન રોડ કાંદીવલી વેસ્ટ મુંબઈ.

**દશા સોરઠીયા વણિક**

ઈરોડ નિવાસી હાલ કાંદીવલી સૌ. જાગૃતિબેન રાજેશ વખારિયા (ઉં. વ.૫૬) તે ધ્રુમિલ અને ફલોરાના માતૃશ્રી. કેશા તથા ધ્રુવકુમાર રાકેશભાઈ ઝાટકીયાના સાસુ. નમ્રતા ચંદ્રેશ ધાબલીયા, અમી રાજીવ મધુકરના ભાભી. અરુણાબેન ચંદ્રકાંત વિભાકરના દીકરી, ભાવેશ તથા ધનેશના મોટાબેન તે તા. ૮/૧૨/૨૫ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થના સભા તા.૧૩/૧૨/૨૫ ના રોજ સમય ૪ થી ૬ કલાકે સનરાઇઝ પાર્ટી હોલ શ્રીજી મહલ બિલ્ડીંગ આનંદીબાઈ કાલે કોલેજની પાસે સાઈબાબા નગર બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

તળાજા નિવાસી હાલ વાપી ભક્તિરાય રમણીકલાલ ભાયાણી (ઉં.વ. ૮૭) તે સ્વ. લલીતાબેનના પતિ. તે હિતેશ, ધર્મેશ તથા અમિતા જયેશભાઇ શાહના પિતાશ્રી. તે નિર્મળાબેન જયંતીલાલ શાહ, યશોમતીબેન જશવંતરાય દોશી, ધનસુખભાઇ તથા કુમુદબેન હસમુખભાઇ શાહના મોટાભાઇ. તથા રશ્મી અને ડિમ્પલના સસરા. તથા અંજલીબેનના દાદા-સસરા. માનસી શ્યામલ શાહ, અર્પિત, કરણ, પાર્થ, વિષ્ણુપ્રિયા તથા આધ્યાના દાદા. તે પ્રેમચંદ વેલચંદ શાહના જમાઇ. તા. ૯-૧૨-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૧૨-૨૫ રવિવારના સાંજે ૩થી ૫. ઠે. કે.ટી.વાડી, ૬૦ ફીટ રોડ, હોલી પેરેડાઇઝ સ્કૂલની પાસે, વસઇ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## જૈન મરણ

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પાળીયાદ બોટાદ નિવાસી હાલ કાંદિવલી સ્વ. અરવિંદભાઈ છોટાલાલ દોશીના ધર્મપત્ની કોકિલાબેન (ઉં. વ. ૮૪) તા. ૧૧-૧૨-૨૦૨૫ ગુરુવારના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. ઠાકરશી જયચંદ શાહના સૂપુત્રી, બિરેન, બિંદુ, ડોલીના માતુશ્રી. સોનલ, નૈમિષ, સુબાહુના સાસુ. ભરતભાઈ - અનિલા, સ્વ.રંજનબેન, સરોજબેન, દીપીકાબેન, સ્વ.અરુણાબેનના ભાભી, દિનેશ શાહ અને અશોક શાહના બહેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**વેરાવળ વિશા ઓસવાળ જૈન**

વેરાવળ નિવાસી હાલ નાલાસોપારા સ્વ. જયંતીલાલ મણીલાલ ઝવેરી (ઉં. વ. ૮૭) તા. ૧૧-૧૨-૨૫ના ગુરુવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કુસુમબેનના પતિ. તે દિપ્તી તથા સ્વ. નિતિશ તથા કુલીનના પિતાશ્રી. તે સ્વ. પ્રવીણભાઇ તથા મહેન્દ્રભાઇ તથા ઉર્મિલાબેનના ભાઇ. તે તશ્વીનભાઇ તથા મનીષા તથા હેલ્પાના સસરા. તે સ્વ. પ્રાણલાલ હરખચંદના જમાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન**

મજેવડી નિવાસી હાલ જૂનાગઢ પ્રવિણચંદ્ર અમૃતલાલ મહેતા (ઉં.વ.૮૧) તે સ્વ. અરુણાબેનના પતિ. શ્રેયાંસ, હેતલ, સ્મિતાબેન તથા જિજ્ઞીબેનના પિતા. જિતેન્દ્રકુમાર, કેતનકુમાર, શિલ્પા તથા અમિતાના સસરા. સ્વ. નાગરભાઈ, પ્રફુલભાઇ, રંજનબેન, કાલાવતીબેનના ભાઈ, સાસરાપક્ષે જામકંડોના હાલ કલકત્તા સ્વ. હેમતલાલ કલ્યાણજી મહેતા રાવરાણીના જમાઈ તે ૧૦/૧૨/૨૫ ના જૂનાગઢ મુકામે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તણસા નિવાસી હાલ ભાવનગર સ્વ. વોરા કુમારપાળ વાલજીભાઈના ધર્મપત્ની ઇન્દુમતીબેન (ઉં.વ. ૮૩) તે ૧૧/૧૨/૨૫ ના રોજ અવસાન પામેલ છે તે કિર્તીદા વિપુલકુમાર શાહના માતૃશ્રી. મહેન્દ્ર, મનીષના કાકી. સ્વ.બાબુભાઈ કાંતિભાઈ નગીનભાઈ ચીમનભાઈ જયંતીભાઈ તથા મનહરભાઈનાં નાનાભાઈના પત્ની. તે કમળેજ વાળા સ્વ અમૃતલાલ વિઠ્ઠલદાસ શાહના દીકરી લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે ઠે. ડી ૬૦૩, પોનમ પાર્ક ગોરસવાડી મલાડ વેસ્ટ.

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન**

જેતપુર નિવાસી હાલ ખામ ગામ (મહારાષ્ટ્ર) સ્વર્ગસ્થ રસિકલાલ પ્રભુદાસ શાહ( ગોળવાળા) (ઉં.વ. ૮૭) તે પુષ્પાબેનના પતિ. વિરેન્દ્ર, ધર્મેન્દ્ર, હિતેન્દ્રના પિતાશ્રી તથા શ્રી સુરેશભાઈ સ્વ. પ્રફુલભાઈ તથા શ્રી દિનેશભાઈના મોટાભાઈ તથા શ્વસુરપક્ષે વંથલી સોરઠ નિવાસી હાલ મુંબઈ સ્વ. જમનાદાસ મુલચંદભાઈ વોરાના જમાઈ તારીખ ૯/૧૨/૨૫ ના અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

કપાયા હાલે વિલેપાર્લાના શ્રી વસંતભાઈ શીવજી મામણીયા (ઉં.વ.૭૪) તા. ૧૧-૧૨-૨૫ના અરિહંત શરણ પામેલ છે. ભાણબાઇ શીવજીના સુપુત્ર. મંજુલાબેનના પતિ. ભૌમિક, શીતલના પપ્પા. લુણીના કંકુબાઇ લાલજી શામજી માલદેના જમાઇ. કાન્તી, દીના, ઇંદીરા, જીતેન્દ્ર, હીનાના ભાઈ. પ્રા. હીરાવંતી હોલ, ટાગોર રોડ, સાંતાક્રુઝ (વે), બપોરે ૩ થી ૪.૩૦.

મોટી ઉનડોઠના માતુશ્રી હંસાબેન જગદીશ છેડા (ઉં.વ. ૮૪) તા. ૧૧-૧૨-૨૫ના અવસાન પામેલ છે. કેસરબેન માવજીના પુત્રવધુ. જગદીશના પત્ની. મનિષ, વર્ષા, સોનલ, સ્વાતિના માતુશ્રી. માપરના દેવકાંબેન કાનજી ખેતશી જાગાણીના પુત્રી. ગાંગજી, પદમશી, જયંત, સં. પક્ષે પ.પૂ.પંન્યાસ પ્રવર સા.શ્રી હ પ્રેમવિજયજી મ.સા., સ્વ. કેસરબેન, મીના, ભાનુ, દમયંતી, જ્યોતિના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નવલ છેડા, ૨, ચેતન શોપ બિલ્ડીંગ, રાજાવાડી રોડ, ઘાટકોપર (પૂ.).

કપાયાના ધીરજ રવજી સંગોઈ (ઉં.વ.૭૫) તા. ૯-૧૨-૨૫ ના અવસાન પામેલ છે. વીરબાઈ/લક્ષ્મીબેન રવજીના પુત્ર. મહેમદાવાદના ભુદરબાઈ ઠાકરશીના જમાઈ. રંજનના પતિ. મેઘા-હાર્દિકના પિતા. સ્વ. નવીન, અરવિંદ, રંજન, બકુલ, કલ્પનાના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રંજનબેન સંગોઇ, ૩૦૩, મેરુ શિખર એપાર્ટમેન્ટ, મહાવીર જૈન હોસ્પિટલ પાસે, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર, આણંદ (ગુજરાત).

શેરડી (નાના રતડીયા)ના દેવચંદ રામજી સાવલા (ઉં. વ.૭૦) તા. ૯-૧૨-૨૦૨૫ના મુંબઈમાં અવસાન પામ્યા છે. સરલાબેન રામજીના પુત્ર. કમઈબાઈ રાયશીના પૌત્ર. શેરડીના પાનબાઈ રવજી ખીયશી હરિયાના દોહિત્ર. સ્વ. પ્રવીણ, ઉર્મિલા મણિલાલ ગોસર - મોટા રતાડીયા, રાજશ્રી જયેશ વોરા - બગડાના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : રાજેશ્રી વોરા, બી-૩, ધન બિલ્ડિંગ, દાદા સાહેબ ફાળકે રોડ, ગાડગે મહારાજ લેન, દાદર (ઇસ્ટ).

નરેડીના મહેન્દ્ર પ્રેમજી ગોસર (ઉં.વ. ૬૬) તા. ૧૦-૧૨-૨૫ અવસાન પામેલ છે. સુંદરબેન પ્રેમજી દેવજી ગોસરના પુત્ર. પ્રિતીના પતિ. જીગર, પ્રિયંકાના પિતા. ખીમજી, વિરચંદ, કોટડા પુષ્પા લલીત, બીના હેતલ, મોથાળા કલ્પના ધીરેનના ભાઈ. વરંડીના ગોરબાઈ રાયશી વોરાના જમાઈ. પ્રાર્થના : શ્રી વ. સ્થા.જૈન શ્રા.સંઘ સં. કરસન લઘુ નિસર હોલ, દાદર (વે.) સમય ૨ થી ૩.૩૦. ઠે. મહેન્દ્ર ગોસર, ૧૩, અંજલી, જગડુશા નગર, ઘાટકોપર (વે), મુંબઈ-૮૬. જીગર- ૯૮૨૧૦૫૯૬૩૬.

ગુંદાલાના પ્રભાવતી ચાંપશી દેવજી ગડા (ઉં.વ. ૯૫) તા. ૧૦-૧૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ચાંપશી દેવજીના ધર્મપત્ની. જીવીબાઈ/ચોથીબાઈ દેવજીના પુત્રવધુ. ઈંદિરા, વસંત, જયંત, હર્ષા, ભરતના માતાજી. ભુજપુર દેવઈબાઈ કાકુ કેશવના સુપુત્રી. કલ્યાણજી, દેશલપુર દમયંતી મોહનલાલ, કપાયા નિર્મળા લાલજીના બેન. પ્રા. શ્રી ક. વિ. ઓ. દે. જૈ. મ. સંચાલિત શ્રી જીરાવલ્લા દેરાસર વાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઇ.) ટાઈમ ૨.૩૦ થી ૪.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મુંબઇ નિવાસી અનિલભાઇ મણિલાલ વિરાણી (ઉં. વ. ૯૧) મંગળવાર તા. ૯-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે આરતીબેન અનીલભાઇ વિરાણીના પતિ. મિલનભાઇ તથા અલકાબેનના પિતાશ્રી. તથા પિયુષા, દિપકભાઇના સસરા. તે પ્રિયંકા-માહિર, મલાઇકા અને રીષીના દાદા. પ્રાર્થનાસભા રવિવાર તા. ૧૪-૧૨-૨૫ સવારના ૧૧થી ૧૨.૩૦. ઠે. ફેલોશિપ ઓફ દી ફિઝિકલી હેન્ડીકેપ બિલ્ડિંગ, લાલા લજપતરાય માર્ગ, હાજીઅલી-મુંબઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# પારો ૧૪.૯: માથેરાન કરતા મુંબઈ વધુ ઠંડું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરાની શુક્રવારની સવાર ટાઢીબોળ રહી હતી. વહેલી સવારના મુંબઈમાં લઘુતમ તાપમાન ૧૪.૯ ડિગ્રી જેટલું નીચું નોંધાયું હતું. શુક્રવારનો દિવસ ચાલુ મોસમનો અત્યાર સુધીનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. આગામી દિવસમાં પારો હજી થોડો નીચે ઉતરવાની શક્યતા છે. જોકે ૧૬ ડિસેમ્બર બાદ તાપમાનમાં હળવો વધારો થવાની શક્યતા છે.



**હૂંફ:** મુંબઈમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે ત્યારે અનેક વિસ્તારમાં લોકો રાતના સમયે તાપણું કરતા નજરે પડ્યા હતા. (અમય ખરાડે)

રાજ્યમાં એક તરફ ઠંડીનું મોજું ફરી વળ્યું છે અને રાજ્યમાં સૌથી નીચું તાપમાન મધ્ય મહારાષ્ટ્રના જળગાંવમાં ૬.૯ ડિગ્રી નોંધાયું હતું ત્યારે મુંબઈમાં પણ ગયા અઠવાડિયાથી તાપમાનનો પારો સતત નીચો નોંધાઈ રહ્યો છે. શુક્રવારે હિલ સ્ટેશન માથેરાન કરતા પણ મુંબઈમાં ઠંડી વધારે રહી હતી. માથેરાનમાં લઘુતમ ૧૮.૦ ડિગ્રી તાપમાન સામે મુંબઈમાં ૧૪.૯ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. તો કોલાબામાં લઘુતમ તાપમાન ૨૦.૬ ડિગ્રી નોંધાયું હતું.

મુંબઈમાં ગુરુવારે લઘુતમ તાપમાન ૧૫.૬ ડિગ્રી નોંધાયા બાદ શુક્રવારે લગભગ એક ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાયો હતો. સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૧૪.૯ અને મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી નોંધાયું હતું. તો કોલાબામાં લઘુતમ તાપમાન ૨૦.૬ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૩.૦ ડિગ્રી નોંધાયું હતું.

શુક્રવારનો દિવસ ચાલુ મોસમનો અત્યાર સુધીનો સૌથી ઠંડો દિવસ ૧૪.૯ ડિગ્રી રહ્યો હતો. તો અત્યાર સુધીનો ઓલટાઈમ ડિસેમ્બરનો રેકોર્ડ ૧૦.૬ ડિગ્રીનો છે, જે ૨૦ ડિસેમ્બર ૧૯૪૯ના નોંધાયું હતું. મુંબઈમાં આ અગાઉ સૌથી નીચું તાપમાન એક દાયકા અગાઉ એટલે કે ૨૦૧૫ની ૨૪ ડિસેમ્બરના ૧૧.૪ ડિગ્રી નોંધાયું હતું. તો ૨૦૧૪ની ૧૫ ડિસેમ્બરના ૧૨ ડિગ્રી, ૨૦૧૨માં અને ગયા વર્ષે નવ ડિસેમ્બરના ૧૩.૭ ડિગ્રી, નવ ડિસેમ્બર, ૨૦૧૫માં ૧૪.૧ ડિગ્રી, ૨૦૧૮માં ૨૮ ડિસેમ્બરના ૧૪.૪ ડિગ્રી, ૨૦૧૩માં ૧૪.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગુરુવારે હવામાન વિભાગે મુંબઈમાં આવતા અઠવાડિયા સુધી લઘુતમ તાપાનનો પારો ૧૫ ડિગ્રીન નીચે રહેશે અને ત્યારબાદ ૧૬ ડિસેમ્બરથી તાપમાનનો પારો ફરી એક વખત ધીમે ધીમે ઊંચે જશે. ■

## જીએસટી અધિકારીઓ હડતાળ પર

થાણે: રાજ્યના ગૂડ્સ ઍન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) ઓફિસના અધિકારીઓએ આઠમી ડિસેમ્બરથી આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. શુક્રવારે અધિકારીઓએ કામકાજ બંધ રાખીને હડતાળ કરી હતી, જેના કારણે વિભાગના કામકાજ પર અસર પડી હતી. અધિકારીઓ માટે બેઠક વ્યવસ્થા અને પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી, વિભાગનું અધૂરું પુનર્ગઠન, ઇન્ટરનેટ અને ટૅક્નિકલ સેવાઓમાં મુશ્કેલીઓ, પ્રમોશન અને ટ્રાન્સફર, ચોથા વર્ગના કર્મચારીઓની જગ્યાઓ તાત્કાલિક ભરવી, જેવી વિવિધ માંગણીઓ માટે મહારાષ્ટ્ર રાજ્ય ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ગેઝેટેડ ઓફિસર્સ એસોસિએશને આઠમી ડિસેમ્બરથી આંદોલન શરૂ કર્યું હતું. સમગ્ર રાજ્યના પહેલા અને બીજા ક્લાસના અધિકારીઓ આ આંદોલનમાં જોડાયા હતા. ૧૦ ડિસેમ્બરે અધિકારીઓએ સામૂહિક રજા રાખી આંદોલન કર્યું હતું. જ્યારે ૧૧ ડિસેમ્બરથી કામકાજ બંધ રાખીને આંદોલન શરૂ કર્યું હતું. ■

# 'પાઘડી'ની ઈમારતોથી મુંબઈ થશે મુકત
# નવા કાયદાથી કોને થશે ફાયદો?

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ગુરુવારે મુંબઈના પાઘડી'ની ઈમારતોના રિડેવલપમેન્ટનાં નિયમોનાં નવાં માળખાંની જાહેરાત કરી હતી અને તેના અમલથી દેશની આર્થિક રાજધાની પાઘડીની ઇમારતોથી મુક્ત થશે. એકનાથ શિંદેએ આને ઐતિહાસિક નિર્ણય ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આનો મુખ્ય હેતુ શહેરને આ પ્રકારની (પાઘડીની) મિલકતોથી મુક્ત કરવાનો છે.

### પાઘડી શું છે

પાઘડી એ મિલકત ભાડેથી આપવાનું પરંપરાગત મૉડેલ છે જેમાં ભાડૂત જે તે મિલકતનો આંશિક હિસ્સેદાર હોય છે અને તેણે નજીવું ભાડું ભરવાનું રહે છે. ભાડૂતને એ મિલકત પેટાભાડૂતને આપવાનો તેમજ વેચવાનો પણ અધિકાર હોય છે. આ સિસ્ટમ અંતર્ગત ભાડૂત મકાન માલિકને એક મોટી રકમ એડવાન્સમાં આપે છે. જેના બદલામાં ભાડૂતને સંપત્તિ પર લગભગ આજીવન અધિકાર મળતો હતો. સૌથી મહત્ત્વપૂર્ણ વાત આ સિસ્ટમમાં ઓછું ભાડું અને નિયંત્રિત હતું. દાયકા સુધી ભાડું વધારવામાં આવતું નહોતું. જેનાથી તે બજાર મૂલ્યની તુલનામાં નગણ્ય છે. અનેક મામલામાં પાઘડીની ચૂકવણી માટે ભાડૂતને સંપત્તિના માલિકી હકમાં પણ કેટલોક હિસ્સો મળતો હતો. જોકે સત્તાવાર રીતે તેઓ માલિક નહોતા. તેમજ ભાડૂતને તેઓ કોઈ સંપત્તિને ત્રીજા પક્ષકારને વેચીને મોટી રકમ કમાવાનો અધિકાર હતો. જેને તે મકાન માલિક સાથે વહેંચતો હતો.

### 'પાઘડી સિસ્ટમ' માટે નવું રેગ્યુલેટરી ફ્રેમવર્ક

મુંબઈની લાંબા સમયથી પડતર વાઘડી સિસ્ટમની જટિલતાઓ અને જર્જરિત ઇમારતોના રિડેવલપમેન્ટમાં આવતા અવરોધોને દૂર કરવા માટે રજૂ કરાયેલું નવું રેગ્યુલેટરી ફ્રેમવર્ક શહેરના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ક્રાંતિકારી ફેરફારો લાવવા માટે તૈયાર છે. આ નવા માળખાનો મુખ્ય હેતુ મકાનમાલિકો અને ભાડૂતોના અધિકારો વચ્ચે સંતુલન સ્થાપીને પુનર્વિકાસની પ્રક્રિયાને ઝડપી અને પારદર્શક બનાવવાનો છે.

### શા માટે નવા રેગ્યુલેટરી ફ્રેમવર્કની જરૂર પડી?

મુંબઈમાં વર્ષોથી ચાલી આવતી પાઘડી સિસ્ટમમાં રહેલા ગંભીર દોષો અને તેના કારણે શહેરી વિકાસમાં આવતા અવરોધોને દૂર કરવા માટે એક અલગ રેગ્યુલેટરી ફ્રેમવર્કની જરૂરિયાત ઊભી થઈ હતી. આ સિસ્ટમ માત્ર મકાનમાલિકોને જ નહીં, પરંતુ જર્જરિત ઇમારતોના પુનર્વિકાસમાં પણ અવરોધરૂપ બની રહી હતી. જૂની અને જર્જરિત ઇમારતોના અસરકારક પુનર્વિકાસ માટે તથા કાયદાકીય જટિલતાઓ દૂર કરવા માટે નવું માળખું આવશ્યક હતું.

આ સિસ્ટમ હેઠળ ભાડું નિયંત્રિત અને નજીવું રહેતું હોવાથી મકાનમાલિકોને તેમની જૂની અને જર્જરિત ઇમારતોનું સમારકામ કે જાળવણી કરવા માટે કોઈ પ્રોત્સાહન કે પૂરતા નાણાં મળતા ન હતા. ભાડું એટલું ઓછું હતું કે તે મિલકત પરના ટેક્સ ભરવા માટે પણ પૂરતું નહોતું, જેના કારણે ઇમારતો વધુને વધુ જોખમી બનતી ગઈ હતી.

મુંબઈની મોટાભાગની વાઘડી ઇમારતો જૂની અને જોખમી બની ચૂકી છે. રિડેવલપમેન્ટ પ્રક્રિયામાં મકાનમાલિક અને ભાડુઆત વચ્ચેના અધિકારોના ટકરાવને કારણે ગતિરોધ સર્જાતો હતો. મકાનમાલિકો ઓછું ભાડું મળવાને કારણે બહાર નીકળવા તૈયાર નહોતા થતા અને ભાડૂતોને એવો ડર હતો કે પુનર્વિકાસમાં તેમને તેમનો યોગ્ય હિસ્સો નહીં મળે.

આ સિસ્ટમ ઘણીવાર કાળા નાણાંના વ્યવહારોને પ્રોત્સાહન આપતી હતી. જ્યારે મિલકત વેચવામાં આવતી, ત્યારે પઘડીનો મોટો હિસ્સો રોકડમાં ચૂકવવામાં આવતો હતો, જેના પરિણામે સરકારી તિજોરીને મોટું નુકસાન થતું હતું. પાઘડી સિસ્ટમ હેઠળના કાયદાઓ અત્યંત જટિલ હતા. ભાડૂતોને ડર હતો કે જો ઇમારતનો રિડેવલપમેન્ટ થશે, તો તેઓને તેમની જગ્યા ગુમાવવી પડશે અથવા તેમને મળનારા નવા એપાર્ટમેન્ટની સાઈઝ ઘટી જશે, જેના કારણે તેઓ વિરોધ કરતા હતા. આ તમામ પરિબળોને કારણે, મુંબઈની જૂની મિલકતોના પુનર્વિકાસને સરળ અને પારદર્શક બનાવવા માટે નવા અને સ્પષ્ટ નિયમનકારી માળખાની જરૂરિયાત ઊભી થઈ હતી.

### નવા ફ્રેમવર્કથી થનારા મુખ્ય લાભો

૧. અધિકારોનું સંતુલન અને ભાડૂતોને માલિકી હક: આ નવું માળખું ભાડૂતોને નવી વિકસિત સંપત્તિમાં માલિકીનો દરજ્જો આપવા પર ભાર મૂકશે. આનાથી ભાડૂતોમાં રહેલો ડર દૂર થશે અને તેઓ પુનર્વિકાસ માટે સરળતાથી સંમત થશે, જેનાથી પ્રોજેક્ટ ઝડપથી આગળ વધશે.

૨. રિડેવલપમેન્ટને પ્રોત્સાહન અને મકાનમાલિકોને ફાયદો: નવા માળખાથી મકાનમાલિકોને પણ યોગ્ય વળતર અને વધેલું ભાડું મળવાનો માર્ગ મોકળો થશે. આનાથી તેઓ રિડેવલપમેન્ટની પહેલ કરવા માટે પ્રોત્સાહિત થશે અને જર્જરિત ઇમારતોને આધુનિક બનાવવાની પ્રક્રિયા વેગ પકડશે.

૩. કાનૂની સ્પષ્ટતા અને પારદર્શિતા: એક અલગ નિયમનકારી સંસ્થા અથવા સ્પષ્ટ કાયદાઓ આવવાથી અદાલતોમાં બાકી રહેલા કેસોમાં ઘટાડો થશે. આ ફ્રેમવર્ક રિડેવલપમેન્ટની પ્રક્રિયાને સમયબદ્ધ અને અત્યંત પારદર્શક બનાવશે.

૪. અર્થતંત્ર પર સકારાત્મક અસર: પગડી ઇમારતોના રિડેવલપમેન્ટથી શહેરમાં રિયલ એસ્ટેટ પ્રવૃત્તિને મોટી ગતિ મળશે. આનાથી લાખો જૂના અને જર્જરિત ફ્લેટ આધુનિક આવાસમાં બદલાઈ જશે, જે મુંબઈના આવાસ સંકટને પણ અમુક અંશે ઘટાડવામાં મદદ કરશે. ■

## કીર્તિ કોલેજના વાર્ષિક મહોત્સવ 'મોક્ષ ૨૦૨૫'માં 'રિયલ લાઈફ સુપરહીરો'ને સન્માન

મુંબઈ: કીર્તિ કોલેજના બીએમએમસી વિદ્યાર્થીઓનો વાર્ષિક મહોત્સવ 'મોક્ષ ૨૦૨૫' આ વર્ષે ૧૬મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો. ૨૦૧૦થી શરૂ થયેલા આ ઉત્સવમાં સર્જનાત્મકતા અને સામાજિક જાગૃતિને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. આ વર્ષના કાર્યક્રમની થીમ હતી 'રિયલ લાઈફ સુપરહીરો', જેમાં ડોક્ટર, શિક્ષક, વકીલ અને અન્ય જાહેર ક્ષેત્રના સેવકોને માન અપાયું. ૯ ડિસેમ્બર ૨૦૨૫ના પ્રસિદ્ધ મરાઠી દિગ્દર્શક, અભિનેતા અને લેખક સંજય મોનેની હાજરીમાં ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો, જેમાં પ્રિન્સિપાલ અન્ય વાઈસ પ્રિન્સિપાલ અને એચઓડીએ ભાગ લીધો. ત્રણ દિવસીય મહોત્સવમાં ફોટોગ્રાફી, રિપોર્ટિંગ, રેપ, ડિજિટલ પોસ્ટર મેકિંગ, ટીવીસી અને રેડિયો જોકી જેવી સ્પર્ધાઓ યોજાઈ. બીજા દિવસે સ્ટેન્ડ-અપ કોમેડી, અનિલ ગલ્લિપલ્લિની ઇન્સ્ટ્રુમેન્ટલ પ્રસ્તુતિ, શક્તિશાળી ડ્રામા, ટ્રેઝર હન્ટ અને ઊર્જાભર્યા ગ્રુપ ડાન્સ સ્પર્ધા યોજવામાં આવી હતી. છેલ્લા દિવસે ગાયન, ડાન્સ, ફેશન શો અને મિસ્ટર એન્ડ મિસ મોક્ષ સ્પર્ધા યોજવામાં આવી હતી. વિશેષ આકર્ષણ રૂપે મરાઠી ફિલ્મો ઉત્તર અને અસુરવનની ટીમે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી અને તેમની ફિલ્મોને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી. 'મુંબઈ સમાચાર' પણ આ ઈવેન્ટનું મીડિયા પાર્ટનર રહ્યું હતું. ■

## મુંબઈ પોલીસ માટે ચાર નવા પોલીસ સ્ટેશન, બે નવા વહીવટી ઝોનને મંજૂરી

મુંબઈ : મહારાષ્ટ્ર સરકારે મુંબઈ પોલીસ કમિશનરેટ હેઠળ ચાર નવા પોલીસ સ્ટેશન, બે નવા વહીવટી ઝોન અને ત્રણ સહાયક પોલીસ કમિશનર (એસીપી) ડિવિઝન બનાવવાની મંજૂરી આપી છે, એમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

આ પગલાંનો હેતુ પોલીસિંગ કાર્યક્ષમતામાં સુધારો કરવાનો અને વિસ્તરતા મહાનગર માટે વધુ સારા કાયદાના અમલીકરણ પ્રદાન કરવાનો છે, એમ તેમણે જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળ રાજ્યના ગૃહ વિભાગ દ્વારા ગુરુવારે આ અંગેનો સરકારી ઠરાવ (જીઆર) જારી કરવામાં આવ્યો હતો, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

મુંબઈ પોલીસ કમિશનર દેવેન ભારતીએ આ વર્ષે ઓક્ટોબરમાં નવા પોલીસ સ્ટેશન, ઝોન અને ડિવિઝન બનાવવાની માગણી કરતો પ્રસ્તાવ સરકારને મોકલ્યો હતો. ફડણવીસે આ પ્રસ્તાવને મંજૂરી આપી અને ચાર નવા પોલીસ સ્ટેશન, બે ઝોન અને ત્રણ એસીપી ડિવિઝન બનાવવાની મંજૂરી આપી, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, તે મુજબ સરકારે મહારાષ્ટ્ર નગર, ગોલીબાર, મઢ માર્વે અને અસલ્ફા પોલીસ સ્ટેશન બનાવવા, ૧૩ ઝોનનું પુનર્ગઠન કરવા અને બે નવા ઝોન અને ત્રણ એસીપી પોસ્ટ બનાવવાને મંજૂરી આપી છે. ■

## રેરા હેઠળ નોંધાયેલા પ્રોજેક્ટ હવે મોફા કાયદામાંથી બાકાત

### વિકાસકોને મનમાની કરવાની છૂટ મળશે તેવો ભય

મુંબઈ : મહારાષ્ટ્ર ઓનરશિપ ઓફ ફ્લેટ એક્ટ મોકા હવેથી ફક્ત એવા પ્રોજેક્ટ્સ પર જ લાગુ થશે જે રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી રેરામાં નોંધાયેલા નથી. આ સંદર્ભમાં રાજ્ય કેબિનેટ દ્વારા દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. સુધારેલ પ્રસ્તાવ નાગપુર અધિવેશનમાં રજૂ કરવામાં આવ્યો હતો. તેથી રેરાની સ્થાપના પછી નોંધાયેલા બધા જ પ્રોજેક્ટને મોફા કાયદો લાગુ પડશે નહીં.

આ સુધારેલ વિધેયકમાં મોફા કાયદાની કલમ એક સાથે નવી કલામ (૧અ) જોડવાનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે. મોફા કાયદો ફક્ત રેરામાં નોંધણી ન કરેલા હાઉસિંગ પ્રોજેક્ટને લાગુ રહેશે,એવી સ્પષ્ટતા આ વિધેયકમાં કરવામાં આવી છે. આ નવી કલમથી રેરા કાયદામાં સમાવિષ્ટ ન હોય તેવા હાઉસિંગ પ્રોજેક્ટને ફાયદો થશે.

આ પૂર્વે મોફા કાયદો બધાજ હાઉસિંગ પ્રોજેક્ટ પર લાગુ હતો. ૫૦૦ ચોરસ મીટર ભૂખંડ વાળા અથવા આઠ ઘર હોય તેવા રેરા ની સ્થાપના પહેલા ઓક્યુપેશન સર્ટિફિકેટ મેળવનારા અને પુનર્વિકાસ પ્રોજેક્ટ રેરા કાયદાની કલમ ૩(૧) હેઠળ બાકાત રાખવામાં આવ્યા હતા. હવે ફક્ત તે જ પ્રોજેક્ટને મોફા કાયદો લાગુ પડશે, તેવી આ વિધેયકમાં સ્પષ્ટતા કરવામાં આવી છે.

ડેવલપર દ્વારા કરવામાં આવતી કોઈપણ છેતરપીંડી મોફા કાયદાની કલમ ૧૩(૧) અને (૨) અંતર્ગત બિનજામીન પાત્ર ગુનો છે. ગુનો સાબિત થતા સંબંધિત ડેવલપરને ત્રણ વર્ષની સજા થઇ શકે છે. આ કારણે જ મોફા કાયદામાંથી છૂટ મળે એવી ઘણા વર્ષોથી ડેવલપર માગ કરી રહ્યા હતા. જે આખરે મંજુર થઇ છે.

રેરા કાયદો પણ ડેવલપર પર લગામ તાણવામાં ઊણો ઉતર્યો છે, ત્યારે મોફા કાયદાનો ડર ચાલ્યો જતાં, વિકાસકોને મોકળું મેદાન મળશે, તેવી પ્રતિક્રિયા મુંબઈ ગ્રાહક પંચાયતે વ્યક્ત કરી છે.

૨૦૧૪માં મહારાષ્ટ્ર ગૃહનિર્માણ (નિયમન અને વિકાસ) કાયદો લાગુ થવાથી મોફા કાયદો રદ થયો હોવાનો દાવો કોર્ટમાં ચાલુ સુનાવણી દરમ્યાન કરવામાં આવ્યો હતો. કોર્ટે આ અંગે ગૃહનિર્માણ વિભાગ પાસે સ્પષ્ટતા માગતા, ગૃહનિર્માણ વિભાગે નિધિ અને ન્યાય વિભાગ પાસે અભિપ્રાય માગ્યો હતો. ત્યારે શુરૂઆતમાં મોફા કાયદો અસ્તિત્વમાં હોવાનું કહેવામાં આવ્યું, પરંતુ ત્યારબાદ રેરા કાયદો આવતા મોફા કાયદો રદ થયો હોવાનું જણાવ્યું હતું. તેથી ગૃહનિર્માણ વિભાગમાં ગુંચવણ ઉભી થઇ હતી. આખરે રાજ્યના એડવોકેટ જનરલનો અભિપ્રાય લેવામાં આવ્યો. તેમની પાસેથી પણ અસ્પષ્ટ અભિપ્રાય મળ્યો હતો. હવે સુધારેલ વિધેયકમાં મોફા કાયદાનું કાર્ય ક્ષેત્ર રેરા અંતર્ગત ન નોંધાયેલા પ્રોજેક્ટ પૂરતું સીમિત રહેશે. ■

## ઉદ્ધવ નાર્વેકરને મળ્યા, વિરોધ પક્ષના નેતાની નિમણૂકની માગણી કરી

નાગપુર: શિવસેના (યુબીટી) ના વડા ઉદ્ધવ ઠાકરેએ શુક્રવારે માગ કરી હતી કે વર્તમાન શિયાળુ સત્ર સમાપ્ત થાય તે પહેલાં મહારાષ્ટ્ર વિધાનસભાના બંને ગૃહોમાં વિરોધ પક્ષના નેતાઓની નિમણૂક કરવામાં આવે. સત્ર રવિવારે સમાપ્ત થવાનું છે.

તેઓ વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરને મળ્યા અને આ માગણી કરી છે, એમ વિધાનસભા પરિષદના સભ્ય ઠાકરેએ પત્રકારોને જણાવ્યું. તેમણે કહ્યું કે કાઉન્સિલના અધ્યક્ષ રામ શિંદે સાથે પણ આ જ માગણી કરવામાં આવી હતી.

તેમને કહેવામાં આવ્યું હતું કે નિર્ણય ટૂંક સમયમાં લેવામાં આવશે, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને કહ્યું હતું કે 'અમે સ્પીકર તેમજ અધ્યક્ષને વિનંતી કરી હતી કે સત્ર પૂરું થવા પહેલા વિરોધ પક્ષના નેતાઓની જાહેરાત કરવામાં આવે.' શિવસેના (યુબીટી) એ નીચલા ગૃહમાં આ પદ માટે ભાસ્કર જાધવને નામાંકિત કર્યા છે. તેમજ મહા વિકાસ આઘાડીના સાથી કોંગ્રેસે ઉપલા ગૃહમાં આ પદ માટે સતેજ પાટિલને નામાંકિત કર્યા છે. ઠાકરેએ કહ્યું કે આ કદાચ પહેલી વાર છે જ્યારે મહારાષ્ટ્ર વિધાનસભાનું સત્ર બંને ગૃહોમાં વિરોધી પક્ષના નેતાઓ વિના યોજાઈ રહ્યું છે. ■

## લોકાયુક્ત કાયદામાં સુધારાથી આઈએએસ અધિકારીઓ કાર્યક્ષેત્ર હેઠળ આવશે

નાગપુર: મહારાષ્ટ્ર વિધાનસભાએ લોકાયુક્ત કાયદામાં સુધારાને મંજૂરી આપી છે જેને પગલે પ્રથમ વખત ભારતીય વહીવટી સેવા (આઈએએસ) અધિકારીઓ અને રાજ્ય દ્વારા નિયુક્ત અનેક અધિકારીઓને લોકાયુક્ત હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

ગુરુવારે મોડી સાંજે પસાર થયેલા આ સુધારિત બિલ, મહારાષ્ટ્ર લોકાયુક્ત કાયદા, ૨૦૨૩ના કાર્યક્ષેત્રને વિસ્તૃત કરે છે અને રાષ્ટ્રપતિ કાર્યાલય દ્વારા અગાઉ ઉઠાવવામાં આવેલી અસ્પષ્ટતાઓને દૂર કરે છે.

આ સુધારા રજૂ કરતી વખતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે સુધારિત જોગવાઈઓ લોકાયુક્તની ચકાસણી હેઠળ કયા અધિકારીઓ આવે છે તેની સ્પષ્ટતા કરવા માટે જરૂરી છે.

આ સુધારાથી સ્પષ્ટ થાય છે કે કેન્દ્રીય કાયદાઓ હેઠળ બનાવેલા સત્તાવાળાઓ પર રાજ્ય દ્વારા નિયુક્ત આઈએએસ અધિકારીઓ પણ લોકાયુક્ત હેઠળ આવશે. આનાથી હાલની અસ્પષ્ટતા દૂર થશે,' એવી સ્પષ્ટતા તેમણે કરી હતી.

આ સુધારાઓમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા સંસદીય કાયદાઓ હેઠળ સ્થાપિત વિવિધ બોર્ડ, સત્તાવાળાઓ અને સમિતિઓમાં નિયુક્ત અધિકારીઓને હવે લોકાયુક્ત હેઠળ આવરી લેવામાં આવશે. અગાઉ, આ અંગે એવી અસ્પષ્ટતા હતી કે આવા અધિકારીઓ લોકાયુક્તના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે કે લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, ૨૦૧૩ હેઠળ રચાયેલા લોકપાલના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. ■

## થાણે-બોરીવલી ટ્વિન ટનલ
## 'નાયક' દ્વારા માર્ચથી ટનલ બનાવવાનું કામ શરૂ થશે

મુંબઈ: થાણે-બોરીવલી ટ્વિન ટનલના કામ હેઠળ થાણેના લોન્ચિંગ શાફ્ટ ખાતે 'નાયક' નામના ટનલ બોરિંગ મશીનને જોડવાનું કાર્ય ચાલી રહ્યું છે. ટનલ બોરિંગ મશીનનું જોડાણ પૂર્ણ કરીને માર્ચ ૨૦૨૬માં થાણેથી બોરીવલી સુધી ટનલ બનાવવાનું કામ શરૂ કરવાની એમએમઆરડીએની યોજના છે. આ ટ્વિન ટનલનું કામ મે ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરીને તેને ટ્રાફિક સેવા માટે ખુલ્લો મૂકવામાં આવશે. આ ટનલ ટ્રાફિક સેવા માટે શરૂ થયા બાદ થાણેથી બોરીવલી સુધીનું અંતર માત્ર ૧૨ મિનિટમાં કાપી શકાશે.

બોરીવલી અને થાણે વચ્ચેનું અંતર ઘટાડવા માટે, એમએમઆરડીએ એ કુલ છ લેન સાથે ૧૧.૮ કિમી લાંબો થાણે-બોરીવલી ટ્વિન ટનલ પ્રોજેક્ટ હાથ ધર્યો છે. તેમાં ૧૦.૨૫ કિમી લંબાઈની બે ટનલ હશે અને આ ટનલ સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનની નીચેથી પસાર થશે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૧૮,૦૦૦ કરોડ રૂપિયા છે.

દરમિયાન, ટ્વિન ટનલના કામ માટે ચાર ટનલ બોરિંગ મશીનનો ઉપયોગ કરવામાં આવશે, જે ચેન્નાઈમાં 'હેરેનકનેટ' કંપની દ્વારા બનાવવામાં આવી રહ્યા છે. આમાંથી બે મશીન મુંબઈમાં આવી ગયા છે અને પ્રથમ ટનલ બોરિંગ મશીનનું નામ 'નાયક' છે. નાયક ટનલ બોરિંગ મશીન થાણેથી બોરીવલીની દિશામાં ખોદકામ કરશે. આ ટનલ બોરિંગ મશીનનું જોડાણ કાર્ય હાલમાં થાણે લોન્ચિંગ શાફ્ટ પર ચાલી રહ્યું છે. એમએમઆરડીએ ના વરિષ્ઠ અધિકારીઓએ માહિતી આપી હતી કે આ જોડાણ પૂર્ણ કરીને માર્ચ ૨૦૨૬ માં ટનલિંગનું કામ શરૂ કરવામાં આવશે. મશીનને અંદાજે ૧૧૦ છૂટા ભાગોમાં લાવવામાં આવ્યું છે અને આ ભાગોનું જોડાણ થયા પછી તેને જમીનની અંદર ઉતારવામાં આવશે. બીજા ટનલ બોરિંગ મશીનનું નામ 'અર્જુન' છે અને તેને બોરીવલીના લોન્ચિંગ શાફ્ટમાં ઉતારવામાં આવશે. ■

## વિધાનભવનમાં ઝપાઝપી
## ભાજપ અને એનસીપી (એસપી)ના બે સમર્થકોને કસ્ટડીમાં લેવાયા

નાગપુર: મહારાષ્ટ્ર વિધાનસભાના ચોમાસુ સત્ર દરમિયાન વિધાનસભા પરિસરમાં બે વિધાનસભ્યોના સમર્થકો વચ્ચે થયેલી મારામારીની ઘટનામાં વિશેષાધિકાર સમિતિએ શુક્રવારે ચુકાદો સંભળાવ્યો હતો. હરીફ ભાજપ અને એનસીપી (એસપી)ના વિધાનસભ્યોના બે સમર્થકોને બે દિવસની 'સિવિલ કસ્ટડી' અને વિધાનભવન પરિસરમાં તેમના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની ભલામણ કરવામાં આવી હતી.

પેનલે રાજ્ય વિધાનસભાના બાકીના કાર્યકાળ (જે ૨૦૨૯ સુધી છે) માટે મુંબઈ તેમજ નાગપુર વિધાન ભવન પરિસરમાં નીતિન દેશમુખ અને સરજેરાવ ટકલે આ બંનેના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની ભલામણ કરી હતી. સમિતિના અધ્યક્ષ અને શિવસેનાના વિધાનસભ્ય નરેન્દ્ર ભોંડેકરે વિધાનસભાને જણાવ્યું હતું કે જુલાઈમાં વિધાનસભાના ચોમાસુ સત્ર દરમિયાન મુંબઈમાં વિધાન ભવન સંકુલની અંદર થયેલ મારામારીના વીડિયો ક્લિપ્સની તપાસ કર્યા પછી ભલામણો કરવામાં આવી હતી. સમિતિએ અંતિમ નિર્ણય પર પહોંચતા પહેલા હકીકતો અને ઘટનાક્રમની ચકાસણી કરી છે, એમ તેમણે કહ્યું.

ભોંડેકરે નીચલા ગૃહમાં રજૂ કરેલા ઘટના અંગેના અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે એનસીપી (એસપી)ના ધારાસભ્ય જિતેન્દ્ર આવ્હાડના સમર્થક દેશમુખ અને ભાજપના ધારાસભ્ય ગોપીચંદ પડલકરના સમર્થક ટકલે વચ્ચે ચોમાસા સત્ર દરમિયાન વિધાનસભાની લોબીમાં શારીરિક ઝપાઝપી થઇ હતી.

દેશમુખ અને ટકલેની 'સિવિલ કસ્ટડી'નો પ્રકાર હજુ નક્કી નથી. (પીટીઆઈ) ■

## તપોવનમાં વૃક્ષ કાપણી પર સ્ટે

મુંબઈ: નાશિકના તપોવન વિસ્તારમાં વૃક્ષ કાપવા પર નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે ૧૫ જાન્યુઆરી સુધી રોક લગાવી દીધી છે. આ સ્ટે વચગાળાનો છે અને કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી વૃક્ષો કાપવાનું કામ રોકવાનો આદેશ આપવામાં આવ્યો છે. વકીલ શ્રીરામ પિંગળેએ જણાવ્યું હતું કે, ગ્રીન ટ્રિબ્યુનલમાં નાશિકના તપોવનમાં વૃક્ષોના કાપણી વિરુદ્ધ અરજી દાખલ કરવામાં આવી હતી. ગ્રીન ટ્રિબ્યુનલે તપોવનમાં વૃક્ષોના કાપણી પર ૧૫ જાન્યુઆરી સુધી સ્ટે આપ્યો છે. એકવાર કાપવામાં આવેલા વૃક્ષોનું ફરીથી યોગ્ય રીતે રોપવામાં આવતા નથી. આ વર્ષે યોજાયેલા કુંભ મેળા માટે સ્થાપિત એક્ઝિબિશન સેન્ટરનો કોઈ ઉપયોગ થયો ન હતો. અમે વૃક્ષો કાપવાનો વિરોધ કરીએ છીએ, એમ તેમણે જણાવ્યું છે. ■

## ઘોડબંદર રોડ પર સમારકામ શરૂ, ટ્રાફિક જૅમ

થાણે: ઘોડબંદર ખાતેના ઘાટ રોડના સમારકામનું કામ શુક્રવારથી શરૂ થયા બાદ પહેલા જ દિવસે મીરા ભાઈંદરથી થાણે તરફ જતા રૂટ પર ચેના બ્રિજથી ફાઉન્ટેન હોટેલ સુધી ટ્રાફિક જામ જોવા મળ્યો હતો. બીજી તરફ થાણેથી મીરા ભાયંદર જતા રૂટ પર ગાયમુખ ઘાટ વિસ્તારમાં પણ ટ્રાફિક જામ જોવા મળ્યો હતો. જાહેર બાંધકામ વિભાગ અને થાણે મહાનગરપાલિકા દ્વારા શુક્રવારે રાતે ૧૨.૦૧ વાગ્યાથી ઘોડબંદર ઘાટ વિસ્તારમાં ગાયમુખ ઘાટ વિસ્તારમાં રસ્તાના સમારકામનું કામ શરૂ કરાયું. થાણે ટ્રાફિક પોલીસે આ કામ માટે ૧૪ ડિસેમ્બરની રાતે ૧૧.૫૯ વાગ્યા સુધી પરવાનગી આપી છે. એક તરફી ટ્રાફિકને કારણે આ રૂટ પર ટ્રાફિક જામ થયો હતો. ચેના બ્રિજથી ફાઉન્ટેન હોટલ વિસ્તાર સુધી ટ્રાફિક જામ થવાને કારણે વસઈ-વિરાર, મીરા ભાયંદર વિસ્તારના મુસાફરોને ઘાટ રોડ પર ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો હતો. દરમિયાન, ટ્રાફિક જામને નિયંત્રિત કરવા માટે પરિવહન વિભાગમાં વધારાનો સ્ટાફ તહેનાત કરવામાં આવ્યો છે. ■

# વેલકમ મેસીઃ કોલકાતામાં સ્ટૅચ્યૂ, મુંબઈમાં વૉલ-પેઈન્ટિંગ





લિયોનેલ મેસીનું શનિવારે સવારે કોલકાતામાં આગમન થશે અને એ પહેલાં કોલકાતામાં મેસીનું સૌથી ઊંચું ૭૦ ફૂટનું સ્ટૅચ્યૂ તૈયાર રાખવામાં આવ્યું છે (ડાબે). મેસી રવિવારે મુંબઈ આવશે અને તેના વેલકમ માટે મૂઝ નામના મુંબઈના જાણીતા ગ્રૅફિટી આર્ટિસ્ટે સાયન-પનવેલ હાઈવે નજીકની એક ઈમારત પર મેસીનું વૉલ-પેઈન્ટિંગ (જમણે) બનાવ્યું છે. આ મ્યૂરલ ૮૦ ફૂટ ઊંચું છે. મેસી હૈદરાબાદ તથા દિલ્હી પણ જશે.

# એશિયા કપમાં ભારતનો ૨૩૪ રનથી વિજય, આવતી કાલે પાકિસ્તાન સાથે ટક્કર

## અન્ડર-૧૯ મુકાબલામાં વિક્રમો સાથે ૧૭૧ રન કરનાર વૈભવ સૂર્યવંશી મૅન ઑફ ધ મૅચ

દુબઈઃ ભારતની અન્ડર-૧૯ ટીમે ગઈ કાલે દુબઈમાં યુએઇને એશિયા કપના પ્રારંભિક મુકાબલામાં ૨૩૪ રનના તોતિંગ તફાવતથી હરાવી દીધું હતું. હવે આવતી કાલે (સવારે ૧૦.૩૦ વાગ્યાથી) ભારત અને પાકિસ્તાન વચ્ચે દુબઈમાં ટક્કર થશે.

ભારતે છ વિકેટે ૪૩૩ રન કર્યા હતા જે આ ટૂર્નામેન્ટનો નવો વિક્રમ છે. યુએઇએ જવાબમાં સારી એવી લડત આપીને (પૂરી ૫૦ ઓવર રમીને) સાત વિકેટે ૧૯૯ રન કર્યા હતા.

ભારત વતી આઠ બોલરે બોલિંગ કરી હતી જેમાં દીપેશ દેવેન્દ્રએ સૌથી વધુ બે વિકેટ તેમ જ વલસાડના હેનિલ પટેલ, મોડાસાના ખિલાન પટેલ તથા વિહાન મલ્હોત્રાએ એક-એક વિકેટ લીધી હતી.

ભારતનો ૧૪ વર્ષીય સૂર્યવંશી (૧૭૧ રન, ૯૫ બૉલ, ૧૪ સિક્સર, નવ ફોર) આ મૅચનો સુપરસ્ટાર હતો. આખી યુએઇની ટીમ તે સ્કોરથી માત્ર વધુ ૨૮ રન કરી શકી હતી. ભારતીય મૂળના બે ખેલાડી પૃથ્વી મધુ (૮૭ બૉલમાં ૫૦ રન) અને ઉદિશ સુરી (૧૦૬ બૉલમાં અણનમ ૭૮)એ ભારતના વિજયને વિલંબમાં મૂક્યો હતો.

### પાકિસ્તાનના ૩/૩૪૫, મલયેશિયા ૧૦/૪૮

શુક્રવારની અન્ય એક મૅચમાં પાકિસ્તાને સમીર મિન્હાસના અણનમ ૧૭૭ રન તથા અહમદ હુસેનના ૧૩૨ રનની મદદથી ત્રણ વિકેટે ૩૪૫ રન કર્યા ત્યાર બાદ મલયેશિયાની ટીમ ૧૯.૪ ઓવરમાં ફક્ત ૪૮ રનમાં ઑલઆઉટ થઈ જતાં પાકિસ્તાને ૨૯૭ રનના વિક્રમી



માર્જિનથી વિજય મેળવ્યો હતો. મલયેશિયાની ટીમમાં બે પ્લેયરના ઝીરો હતા અને એકેય બૅટ્સમૅન રનના ડબલ ડિજિટમાં નહોતો પહોંચી શક્યો. અલી રઝા તથા મોહમ્મદ સય્યમે ત્રણ-ત્રણ અને ડેનિયલ અલી ખાને બે વિકેટ લીધી હતી. હવે આ જ પાકિસ્તાની ટીમ સામે રવિવારે ભારતીય ટીમ રમશે. ■

# જાડેજાનાં પત્ની રિવાબાના આક્ષેપથી ખળભળાટ

જામનગરઃ 'બાપુ' તરીકે ઓળખાતા ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાનાં પત્ની રિવાબાએ જાહેરમાં ભારતના ક્રિકેટરો વિશે સનસનાટીભર્યો આક્ષેપ કરીને નવો વિવાદ સર્જ્યો છે. ભાજપના જામનગરના વિધાનસભ્ય અને ગુજરાતનાં પ્રધાન રિવાબા જાડેજાનું શું કહેવું છે. તેમણે સનસનાટીભર્યાં નિવેદનોમાં કહ્યું છે કે ' મારા પતિ (રવીન્દ્ર જાડેજાએ) રમવા માટે લંડન, દુબઈ જેવાં શહેરો તથા ઑસ્ટ્રેલિયા સહિત અનેક દેશોમાં જવું પડતું હોય છે, પરંતુ આજ સુધી તેમણે કોઈ પણ પ્રકારનું વ્યસન નથી કર્યું, કારણકે તેઓ પોતાની જવાબદારી સમજે છે. તેમણે હંમેશાં શિસ્તબદ્ધ લાઇફસ્ટાઇલ જાળવી રાખી છે અને પોતાના મૂલ્યોને તેઓ વળગી રહ્યા છે. જોકે આપણા કેટલાક ક્રિકેટરો વિદેશમાં જઈને ખોટાં કામો કરતા હોય છે, ખોટા વ્યસને ચડી જતા હોય છે અને તેઓ બધા પર તેમના પરિવારનાં કોઈ નિયંત્રણો પણ નથી હોતાં.' ■

# યશસ્વી, રહાણે, શાર્દુલ, સરફરાઝવાળી મુંબઈની ટીમ પર સિરાજ ભારે પડ્યો

ઍમ્બી (મહારાષ્ટ્ર): સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ટી-૨૦ ટૂર્નામેન્ટમાં શુક્રવારે ભારતીય સ્ટાર ખેલાડીઓથી બનેલી મુંબઈ અને આંધ્રની ટીમ સુપર લીગ રાઉન્ડમાં અનુક્રમે હૈદરાબાદ અને મધ્ય પ્રદેશ સામે પરાજિત થઈ હતી જેમાં ખાસ કરીને મુંબઈ સામે મોહમ્મદ સિરાજનો પર્ફોર્મન્સ ઊડીને આંખે વળગે એવો હતો. બીજી તરફ, નીતીશ કુમાર રેડ્ડીની હૅટ-ટ્રિક પાણીમાં ગઈ હતી.

મુંબઈની ટીમમાં યશસ્વી જયસ્વાલ (૨૯ રન), સરફરાઝ ખાન (પાંચ રન), અજિંક્ય રહાણે (નવ રન) અને શાર્દુલ ઠાકુર (૦) જેવા સ્ટાર ખેલાડીઓ હતા, પરંતુ આ ટીમ ૧૮.૫ ઓવરમાં ફક્ત ૧૩૧ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. હૈદરાબાદના સિરાજે શાર્દુલ ઉપરાંત સૂર્યાંશ શેડગે અને તનુશ કોટિયનની વિકેટ લીધી હતી. હૈદરાબાદની ટીમે તન્મય (૭૫ રન) અને અમન રાવ (બાવન અણનમ)ની જોડીની ૧૨૭ રનની ભાગીદારીની મદદથી ૧૧.૫ ઓવરમાં ૧/૧૩૨ના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો.

### અન્ય સુપર લીગ મૅચોમાં શું બન્યું?

(૧) ઍમ્બીમાં આંધ્રની ટીમ ૧૧૨ રનમાં આઉટ થઈ ગયા બાદ મધ્ય પ્રદેશની ટીમે આંધ્રના પેસ બોલર નીતીશ રેડ્ડીની હૅટ-ટ્રિક (૩-૦-૧૭-૩) છતાં વિજય ૧૭.૩ ઓવરમાં ૬/૧૧૩ના સ્કોર સાથે મેળવ્યો હતો જેમાં રિષભ ચૌહાણના ૪૭ રન, વેન્કટેશ ઐયરના બાવીસ, રાહુલ બાથમના અણનમ ૩૫ રન સામેલ હતા.

(૨) પુણેમાં રાજસ્થાન (૮/૧૩૨) સામે હરિયાણા (૧૬.૨ ઓવરમાં ૩/૧૩૩)નો સાત વિકેટે વિજય થયો હતો.

(૩) ઍમ્બીમાં સલીલ અરોરા (૧૨૫ અણનમ, ૪૫ બૉલ, અગિયાર સિક્સર, નવ ફોર)ની સેન્ચુરી સહિત પંજાબે છ વિકેટે ૨૩૫ રન કર્યા પછી ઝારખંડે ૧૮.૧ ઓવરમાં ચાર વિકેટે ૨૩૭ રનના સ્કોર સાથે છ વિકેટે વિજય મેળવ્યો હતો. ■

# ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીની ૧૪ સિક્સર, નવો એશિયન રેકૉર્ડ

દુબઈઃ બિહારનો વૈભવ સૂર્યવંશી (૧૭૧ રન, ૯૫ બૉલ, ૧૪ સિક્સર, નવ ફોર) માર્ચ મહિનામાં ૧૫ વર્ષનો થશે, પરંતુ ૧૪ વર્ષની ઉંમરે તેણે ઘણી સિદ્ધિઓ મેળવી છે જેમાંની એક અહીં શુક્રવારે અન્ડર-૧૯ એશિયા કપ વન-ડે ટૂર્નામેન્ટમાં મેળવી જેમાં તેણે એક જ ઇનિંગ્સમાં ૧૪ છગ્ગા ફટકારવાનો નવો એશિયન વિક્રમ નોંધાવ્યો છે.

અન્ડર-૧૯ એશિયા કપમાં અત્યાર સુધી અફઘાનિસ્તાનના દાર્વિશ રસૂલીની ૧૦ સિક્સરનો વિક્રમ હતો. તેણે એ રેકૉર્ડ ૨૦૧૭માં યુએઇ સામે રચ્યો હતો. જોકે વૈભવ સૂર્યવંશીએ શુક્રવારે દુબઈમાં યુએઇ સામેની મૅચમાં ૧૪ સિક્સર ફટકારીને દાર્વિશના રેકૉર્ડને સાવ ઝાંખો પાડી દીધો હતો.

વૈભવે વધુ એક એશિયન વિક્રમ પણ પોતાના નામે કર્યો છે. અન્ડર-૧૯ એશિયા કપમાં વ્યક્તિગત રીતે એકંદરે બાવીસ છગ્ગા રસૂલીના નામે હતા, પણ વૈભવે એ રેકૉર્ડ પણ તોડી નાખ્યો છે. વૈભવના નામે આ એશિયન સ્પર્ધામાં એકંદરે ૨૬ સિક્સર લખાયેલી છે.

હા, વૈભવ અન્ડર-૧૯માં એક વિક્રમ જરાક માટે ચૂકી ગયો હતો. તેણે શુક્રવારે યુએઇ સામે ૧૭૧ રન કર્યા હતા જે અન્ડર-૧૯ વન-ડે ફૉર્મેટમાં સેકન્ડ હાઇએસ્ટ છે. ભારતના જ અંબાતી રાયુડુએ ૨૦૦૨માં ઇંગ્લૅન્ડ સામેની અન્ડર-૧૯ વન-ડેમાં અણનમ ૧૭૭ રન કર્યા હતા. ■

# ધારાવીમાં બાળકોને ચેસ-સ્ટાર પ્રજ્ઞાનાનંદની સલાહ, 'દરેક નિષ્ફળતાને શિખર પર પહોંચવાનું પગથિયું ગણો'



મુંબઈઃ ચેસના ગ્રૅન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાનંદે શુક્રવારે આયોજિત ધારાવી સ્કૂલ્સ ચેસ ચૅમ્પિયનશિપ દરમ્યાન હાજરી આપીને સેંકડો બાળકોને ચેસની રમતમાં પ્રોત્સાહિત કર્યા હતા. આ ઇવેન્ટમાં પ્રતિભા અને આકાંક્ષાઓનો પ્રેરણાદાયક સંગમ જોવા મળ્યો હતો.

ભૂતપૂર્વ ચેસ વર્લ્ડ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર-વન મૅગ્નસ કાર્લસન સહિત ઘણા નામાંકિત ખેલાડીઓને હરાવી ચૂકેલા ૨૦ વર્ષીય પ્રજ્ઞાનાનંદે શુક્રવારનો લગભગ આખો દિવસ અદાણી ગ્રૂપ તથા નવભારત મેગા ડેવલપર્સ દ્વારા આયોજિત આ ઇવેન્ટમાં ૩૦ સ્કૂલના ૪૦૦થી વધુ ઉત્સાહિત બાળકો સાથે વીતાવ્યો હતો. તેણે બાળકો સાથે વાતચીત કરીને તેમ જ તેમની સાથે હાથ મિલાવીને તેમને મૉટિવેટ કર્યા હતા. જિલ્લા સ્પોર્ટ્સ ક્લબના આ કાર્યક્રમમાં સ્કૂલોના શિક્ષકો તેમ જ બાળકોના પરિવારજનો પણ હાજર રહ્યાં હતાં. ચેસની ઇવેન્ટ્સમાં ખાસ કરીને છોકરીઓએ બહુ સારું પ્રદર્શન કર્યું હતું. પ્રજ્ઞાનાનંદે જુનિયર તથા સિનિયર કૅટેગરીના વિજેતાઓને ટ્રોફી તથા પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.

મૂળ ચેન્નઈના પ્રજ્ઞાનાનંદે બાળકોને સલાહ આપી હતી કે 'તમારે હિંમતભેર સપનાં જોવા જોઈએ તેમ જ વ્યૂહાત્મક વિચારો સાથે ચેસની રમતમાં અને જિંદગીમાં આગળ વધવું જોઈએ. તમારે દરેક નિષ્ફળતાને શિખર પર પહોંચવાની મહત્ત્વકાંક્ષાનાં પગથિયાં તરીકે ગણવી જોઈએ.' ■

## દેશ-વિદેશ




**સાવરકરની પ્રતિમાઃ** આંદામાન અને નિકોબાર ટાપુઓના દક્ષિણ આંદામાનના બેઓદનાબાદમાં વિનાયક દામોદર સાવરકરની પ્રતિમાના અનાવરણ વખતે હાજર કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત. (પીટીઆઇ)

# યુક્રેન યુદ્ધ નહીં અટકે તો વર્લ્ડ વૉર થશેઃ ટ્રમ્પ

વૉશિંગ્ટન : રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને અટકાવવા માટે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવ્યા છે. પરંતુ હજુ સુધી તેનો કોઈ ઉકેલ આવ્યો નથી. જેના પગલે હવે ડોનલ્ડ ટ્રમ્પની ધીરજ ઘટી છે. તેમજ તેમણે હવે સ્ફોટક નિવેદન કર્યું છે. તેમણે કહ્યું છે જો રશિયા યુક્રેન યુદ્ધ નહીં અટકે તો તે ટૂંક સમયમાં ત્રીજા વિશ્વયુદ્ધમાં ફેરવાઈ શકે છે. જોકે, તેમણે કહ્યું છે અમેરિકા આ યુદ્ધને અટકાવવા બનતા તમામ પ્રયાસ કરી રહ્યું છે.

આ સ્થિતિ વિશ્વને ત્રીજા વિશ્વયુદ્ધ તરફ ધકેલી રહી છે

આ અંગે વાઇટ હાઉસ ખાતે પત્રકારોને જણાવતા ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું કે યુક્રેનમાં ચાલી રહેલ યુદ્ધ ખૂબ જ ખતરનાક સ્તરે પહોંચ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે ગયા મહિને યુદ્ધમાં લગભગ પચીસ હજાર લોકો જેમાં મોટાભાગે સૈનિકો માર્યા ગયા હતા. ટ્રમ્પે કહ્યું, હું ઇચ્છું છું કે આ હિંસા બંધ થાય. તેમણે કહ્યું કે આ સ્થિતિ વિશ્વને ત્રીજા વિશ્વયુદ્ધ તરફ ધકેલી રહી છે. જે અમેરિકા નથી ઇચ્છતું.

આ ઉપરાંત ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે, અમેરિકા યુક્રેન સાથે યુદ્ધમાં સામેલ નથી, પરંતુ ફક્ત વાટાઘાટો કરી રહ્યું છે. કારણ કે દરેક ઇચ્છે છે કે અમેરિકા સામેલ થાય. ■

# ઈન્ડિગો કટોકટીઃ ત્રૂટિઓ શોધવા બહારના નિષ્ણાતો નિમ્યા ઍરલાઈન્સે

## ડીજીસીઆઈમાંના ચાર ફ્લાઈટ ઑપરેશન્સ ઈન્સ્પેક્ટર સસ્પેન્ડ

મુંબઈઃ તાજેતરમાં જ ઈન્ડિગો ઍરલાઈન્સની સેવામાં સર્જાયેલી ખામીના કારણો શોધી કાઢવા ઉડ્ડયન ક્ષેત્રના બહારના નિષ્ણાતોની નિમણૂક કરવામાં આવી હોવાની જાહેરાત ઈન્ડિગોના બૉર્ડે શુક્રવારે કરી હતી.

ઉડ્ડયન ક્ષેત્રના સ્વતંત્ર નિષ્ણાતો જલદી જ આ મામલાની સમીક્ષા કરી બૉર્ડને વિસ્તૃત અહેવાલ સુપરત કરશે, એમ ઈન્ડિગો દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

ઈન્ડિગો ઍરલાઈન્સની સેવામાં સર્જાયેલી ખામીનાં કારણોને શોધી કાઢવા અને તેની સમીક્ષા કરવા ઉડ્ડયન ક્ષેત્રના નિષ્ણાતોની નિમણૂક કરવા સલાહકારોની નિમણૂંક કરવાની બૉર્ડે મંજૂરી આપી દીધી છે.

ઉડ્ડયન ક્ષેત્રના નિયામક ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ ઍવિયેશન (ડીજીસીએ) ઈન્ડિગોની સેવા ખોરવાઈ જવાને મામલે ચાર ફ્લાઈટ ઑપરેશન્સ ઈન્સ્પેક્ટર (એફઓઆઈ)ને સસ્પેન્ડ કર્યા હોવાને કારણે ઈન્ડિગોને હજારો ફ્લાઈટ કેન્સલ કરવી પડી હતી જેને કારણે દેશભરના ઍરપોર્ટ પર લાખો પ્રવાસીઓ રઝળી પડ્યા હતા.

શુક્રવારે પણ ઍરલાઈન્સે બૅંગલુરુ ઍરપોર્ટ પર પચાસ ફ્લાઈટ રદ કરી હતી.

ડીજીસીએ દ્વારા રચવામાં આવેલી ચાર સભ્યોની બનેલી પેનલે ઈન્ડિગોના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર (સીઈઓ) પીટર ઍલ્બ્રાસ અને ચીફ ઑપરેટિંગ ઑફિસર (સીઓઓ) સિદ્રે પૉર્કેવેરાસની પૂછપરછ કર્યાના દિવસે જ આ જાહેરાત કરવામાં આવી હતી. (એજન્સી) ■

# નવેમ્બરમાં ભારતની રશિયન ક્રૂડની આયાત પાંચ મહિનાની ઊંચી સપાટીએ

નવી દિલ્હીઃ નવેમ્બરમાં ભારતની રશિયન ક્રૂડ ઓઇલની આયાત ચાર ટકા વધીને ૨.૬ અબજ યુરોની પાંચ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી હતી, જેમાં તેમાંથી ઉત્પાદિત રિફાઇન્ડ ઇંધણનો મોટો હિસ્સો ઓસ્ટ્રેલિયામાં નિકાસ કરવામાં આવ્યો હતો, એમ એક યુરોપિયન થિંક ટેન્કે જણાવ્યું હતું.

સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (ક્રિયા) અનુસાર, નવેમ્બરમાં ભારત, ચીન પછી રશિયન અશ્મિભૂત ઇંધણનો બીજો સૌથી મોટો ખરીદદાર હતો.

ઓક્ટોબરમાં તેણે રશિયન તેલ ખરીદવા માટે અઢી અબજ યુરો ખર્ચ્યા હતા. નવેમ્બરમાં ચીને રશિયાની ક્રૂડ નિકાસનો ૪૭ ટકા હિસ્સો ખરીદ્યો છે, ત્યારબાદ ભારત (૩૮ ટકા), તુર્કી (૬ ટકા) અને ઇયુ (૬ ટકા) આવે છે.

''ભારતની રશિયન ક્રૂડની આયાતમાં માસિક ધોરણે ૪ ટકાનો વધારો નોંધાઈને પાંચ મહિનામાં સૌથી વધુ વોલ્યુમ થયું છે,'' એમ ક્રિયાએ જણાવ્યું હતું. હકીકતમાં, ડિસેમ્બરમાં ભારતની ખરીદીમાં વધુ વધારો થઈ શકે છે, કારણ કે યુએસ ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ દ્વારા પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા તે પહેલાં લોડ થયેલ કાર્ગોને મહિના દરમિયાન ડિલિવર કરવામાં આવે છે. બાવીસ ઓક્ટોબરના રોજ, યુકેએ યુક્રેન યુદ્ધને ભંડોળ પૂરું પાડવા માટે ક્રેમલિનના સંસાધનોને રોકવા માટે રશિયાના બે સૌથી મોટા તેલ ઉત્પાદકો રોઝનેફ્ટ અને લુકોઇલ પર પ્રતિબંધો લાદ્યા હતા. ■

# ટ્રમ્પ જી-સેવનને બાય બાય કરશે, નવું કૉર-ફાઈવ ગ્રૂપની રચના કરશે

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે હજુ થોડાક મહિના પહેલા જ કહ્યું હતું કે અમેરિકાએ ચીન સામે ભારત અને રશિયાને ગુમાવ્યાં છે.

એક અહેવાલ એવા સંકેત આપે છે કે અમેરિકા હવે આ નવા ગ્રૂપમાં જોડાવા માગે છે અને જાપાનને પણ તેમાં સામેલ કરવા માગે છે. જોકે અત્યાર સુધીમાં આ અહેવાલને કોઈ સમર્થન નથી મળ્યું.

'કૉર-ફાઈવ' બ્લૉકની રચના કરવા અંગે અમેરિકામાં આ અઠવાડિયે એ વાતો વહેતી થઈ છે.

એક અહેવાલ મુજબ 'કૉર-ફાઈવ' બ્લૉકમાં ચીન અને રશિયાનો સમાવેશ કરવામાં આવશે જે લાંબા સમયથી એકમેકના પ્રતિસ્પર્ધી રહેલા બંને દેશને એક જ છત્ર હેઠળ લાવશે જે જી-૭થી તદ્દન વિપરિત હશે. જોકે આમાં કદાચ ભારત નહીં હોય.

સી-ફાઈવ કે સી-સેવન અંગે કોઈ ચર્ચા નથી થઈ, પરંતુ ચોક્કસપણે એ વાતચીત થઈ હતી કે જી-૭ અને સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિનું વર્તમાન માળખું એ માટે યોગ્ય નથી.

જોકે વાઈટ હાઉસે આ દાવાને નકારી કાઢ્યો હતો. (એજન્સી) ■

# પાકિસ્તાનને સહાય કરવા માટે આઇએમએફે મૂકી ૧૧ શરત

ઇસ્લામાબાદઃ આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (આઇએમએફ) એ ભ્રષ્ટાચારને કાબુમાં લેવા, શાસન સુધારવા અને સરકારી વિભાગોમાં લીકને ઓળખવા માટે પાકિસ્તાનને તેના ૭ અબજ ડોલરના બેલઆઉટ કાર્યક્રમમાં ૧૧ નવી શરત લગાવી હોવાના અહેવાલ છે. પાકિસ્તાનમાં આબોહવા સ્થિતિસ્થાપકતા બનાવવાના હેતુથી આઇએમએફ દ્વારા ગુરુવારે તેના ચાલુ લોન કાર્યક્રમોના ભાગ રૂપે ૧.૨ અબજ ડોલર જાહેર કર્યાના એક દિવસ પછી આ નવી શરત મૂકવામાં આવી છે.

એક્સપ્રેસ ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, ખાનગી ભાગીદારી દ્વારા વીજ ક્ષેત્રમાં નુકસાન ઘટાડવા, ખાંડ ક્ષેત્ર પર ભદ્ર વર્ગના કબજાને સમાપ્ત કરવા અને વિદેશી રેમિટન્સના સાચા ખર્ચને શોધવા માટે નવી શરતો લાદવામાં આવી છે. નવા નિર્દેશો સાથે, છેલ્લા દોઢ વર્ષમાં આઇએમએફ દ્વારા લાદવામાં આવેલી શરતોની કુલ સંખ્યા ૬૪ થઈ ગઈ છે. ભ્રષ્ટાચારની નબળાઈઓને ઘટાડવા, સરકાર અને અમલદારશાહીમાં વધુ પારદર્શિતા લાવવા અને ખાંડ બજારનું ઉદારીકરણ સુનિશ્ચિત કરવા માટે ૧૧ નવી શરત લાદવામાં આવી છે.

આઇએમએફની શરતોના ભાગ રૂપે, પાકિસ્તાને ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં સરકારી વેબસાઇટ પર ઉચ્ચ કક્ષાના અમલદારોની સંપત્તિની વિગતો રજૂ કરવાની રહેશે.

આ પગલું પારદર્શિતા લાવવા અને આવક અને સંપત્તિ વચ્ચેની અસમાનતા ઓળખવા માટે ધિરાણકર્તાના દબાણને અનુરૂપ છે.

સરકાર દેશની પ્રાંતીય સેવાઓમાં વરિષ્ઠ સનદી અધિકારીઓ સુધી પણ આ આદેશ વિસ્તૃત કરવાની યોજના બનાવી રહી છે.

સરકાર બેંકોને અમલદારોની ઘોષણાઓની સંપૂર્ણ ઍક્સેસ આપવાની પણ મંજૂરી આપશે. ■

# વંદે માતરમ્, ચૂંટણી સુધારાને મુદ્દે સરકાર દબાણ હેઠળઃ રાહુલ

નવી દિલ્હીઃ સંસદના બંને ગૃહમાં વંદે માતરમ્ અને ચૂંટણી સુધારા અંગેની ચર્ચા દરમિયાન પક્ષના સાંસદોની કામગીરીની કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે પ્રશંસા કરી હતી અને દાવો કર્યો હતો કે વિપક્ષે આ મુદ્દે સરકારને ભીંતસરસી ચાંપી દીધી હતી.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલના અધ્યક્ષપદ હેઠળ લોકસભામાં મળેલી પક્ષના સાંસદોની બેઠકમાં સાંસદો પાસેથી જાણકારી મેળવવા ઉપરાંત તેમનાં અભિપ્રાયો પણ લેવામાં આવ્યા હતા.

બેઠક દરમિયાન રાહુલે કહ્યું હતું કે વંદે માતરમ્, ચૂંટણી સુધારાને મુદ્દે સરકાર દબાણ હેઠળ આવી ગઈ હોવાનું જણાઈ રહ્યું છે.

સંસદના પરિસરમાં પત્રકારોને આપેલી મુલાકાતમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે

વંદે માતરમ્ અને ચૂંટણી સુધારાને મુદ્દે ઉગ્ર ચર્ચા થઈ હતી.

મને એટલે સારું લાગ્યું કે બંને મુદ્દે અમે સરકારને ભીતસરસી ચાંપી દેવામાં સફળ રહ્યા હતા, એમ રાહુલે કહ્યું હતું.

મતદાર યાદી સુધારણાની ચર્ચા દરમિયાન અમિત શાહ અસ્વસ્થ જણાતા હતા અને સંસદમાં તેમણે અભદ્ર શબ્દનો ઉપયો કર્યો હોવાનું રાહુલે કહ્યું હતું.

ચર્ચા દરમિયાન અમિત શાહ માનસિક રીતે અસ્વસ્થ અને દબાણ હેઠળ જણાયા હતા અને એ માટે યોગ્ય કારણ પણ હતું- સંપૂર્ણ માળખું જ વૉટ ચોરીનું હતું અને તમામ દેશવાસીઓ આ જાણે છે, એમ રાહુલે કહ્યું હતું. (એજન્સી) ■

# વીક એન્ડ

# સચિન જેવી વિરાટ લોકપ્રિયતાની દિશામાં આગળ વધી રહ્યો છે કિંગ કોહલી

લિટલ ચૅમ્પિયનની ૧૦૦ આંતરરાષ્ટ્રીય સદીના વિશ્વવિક્રમથી વિરાટ કોહલી ૧૬ ડગલાં દૂર છે... શું ક્રિકેટિંગ ગૉડના વિક્રમોને વધુ ઝાંખા પાડવાનું તે પસંદ કરશે?

## સ્પોર્ટ્સમૅન

સાશા
feedback@bombaysamachar.com

સાઉથ આફ્રિકા સામે તાજેતરમાં જ પૂરી થયેલી વન-ડે સિરીઝમાં વિરાટ કોહલીએ જે રીતે બૅક-ટુ-બૅક સેન્ચુરી ફટકારી ત્યાર બાદ ફરી એક વખત દેશભરમાં ક્રિકેટપ્રેમીઓમાં તેની લોકપ્રિયતા વંટોળ તરીકે ફેલાઈ ગઈ છે. કિંગ કોહલીની પૉપ્યુલારિટી હાલમાં એવી છે જ એક સમયે ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાતા સચિન તેન્ડુલકરની હતી. હજી થોડા અઠવાડિયા પહેલાં જ એક ચર્ચા જોરશોરની ખતમ થઈ ગઈ હતી જે પાછી થવા લાગી છે. આ ચર્ચા એ છે કે શું વિરાટ કોહલી લિટલ ચૅમ્પિયન સચિનનો ૧૦૦ આંતરરાષ્ટ્રીય સદીનો વિશ્વવિક્રમ તોડશે?

કોહલીએ ગયા વર્ષે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી અને આ વર્ષે ટેસ્ટમાંથી નિવૃત્તિ લીધી એ સાથે એવું લાગતું હતું કે તેના માટે હવે સચિનની ૧૦૦ ઇન્ટરનૅશનલ સેન્ચુરી સુધી પહોંચવું અસંભવ છે. જોકે તેણે ત્રણ મૅચમાં બે સેન્ચુરી ફટકારી અને પ્લેયર ઑફ ધ સિરીઝનો અવૉર્ડ મેળવ્યો એ સાથે ચર્ચા થવા લાગી છે કે સચિનનો વિક્રમ તોડવો કોહલી માટે શક્ય તો છે. જેમ સચિન તેના યુગમાં માત્ર દેશમાં નહીં, સમગ્ર દુનિયામાં છવાઈ ગયો હતો એમ કોહલીની નામના અત્યારે સમગ્ર વિશ્વમાં ફરી એક વાર ફેલાઈ ગઈ છે.

હવે વાત એ છે કે કોહલી શું સચિનનો સેન્ચુરીઓની સદીનો મહારેકૉર્ડ તોડી શકશે? તોડવાની કોશિશ કરશે ખરો? સચિનની ૧૦૦ સામે કોહલીની ૮૪ સેન્ચુરી છે. હવે કોહલી માત્ર વન-ડે ફૉર્મેટ જ રમે છે અને સચિનથી તે ૧૬ ડગલાં દૂર છે. ટેસ્ટમાં કોહલીની ૩૦, વન-ડેમાં ૫૩ અને ટી-૨૦માં એક સેન્ચુરી છે. જો કોહલી ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ સુધી રમતો રહેશે તો તેને એ દરમ્યાન ૨૭થી ૨૮ વન-ડે રમવા મળશે. તે જો આમાંથી અડધી મૅચમાં પણ સેન્ચુરી ફટકારશે તો સચિનનો ૧૦૦ સેન્ચુરીનો ગોલ્ડન રેકૉર્ડ તોડી નાખશે.



કોહલીની કરીઅરને કુલ ૧૭ વર્ષ થયા છે, પણ સચિને ૨૦૧૩માં નિવૃત્તિ લીધી ત્યારે તેની કારકિર્દી માંડ પાંચ વર્ષ જૂની હતી.

એક વાત તો કહેવી પડે! વન-ડે ફૉર્મેટમાં બૅક-ટુ-બૅક સદી ફટકારવામાં કોહલી જેવું દુનિયામાં કોઈ નથી. તેણે ૧૧ વખત સતત બે વન-ડેમાં સેન્ચુરી ફટકારી છે. બીજા નંબરે તેનો મિત્ર એબી ડિવિલિયર્સ છે જેણે છ વખત બૅક-ટુ-બૅક સેન્ચુરી ફટકારી છે. તમે જ વિચારો કે કોહલી બધાથી કેટલો બધો આગળ છે. જોકે સચિનની ૧૦૦ સદી સુધી પહોંચવામાં તેણે ભારે મહેનત કરવી પડશે. અત્યારે યુવાન વય જેવી જ ફિટનેસ જાળવતો કોહલી ૨૦૨૭ના વર્લ્ડ કપ પહેલાં સંપૂર્ણ નિવૃત્તિ નહીં લે તો સચિનનો વિક્રમ તૂટ્યો જ સમજો. તે ભારતના જ મહાન ક્રિકેટર (સચિન)નો આ અદ્ભુત વિક્રમ તોડવાનું બીજો ભારતીય ખેલાડી (કોહલી) પસંદ ન કરે એ વાત જુદી છે, પણ ૩૭ વર્ષના કોહલીની ફિટનેસ જોતાં તે હજી ૨૪ વર્ષનો હોય એવું લાગે છે. અત્યારે વન-ડે ક્રિકેટમાં બહુ ઓછા ખેલાડીઓ એવા છે જેઓ દોડીને ત્રણ રન લેવા માટે હરહંમેશ તૈયાર રહેતા હોય છે અને તેમની તરફ આવેલો કૅચ ભાગ્યે જ છૂટતો હોય છે. એટલે જ કોહલીને બિગ બૅટ્સમૅન જ નહીં, સુપર ફીલ્ડર અને સુપર ફિટ પ્લેયર તરીકે પણ ઓળખાવાય છે.

એક સમયે સચિન વન-ડેમાં ૪૯ સેન્ચુરી સાથે વર્લ્ડ નંબર-વન હતો, પણ હવે કોહલી ૫૩ સેન્ચુરી સાથે મોખરે છે. વન-ડેમાં ૮,૦૦૦થી ૧૪,૦૦૦ રનના માઇલસ્ટૉન સચિનની તુલનામાં કિંગ કોહલીએ બહુ ઓછી ઇનિંગ્સમાં પૂરા કર્યા છે. આવા કેટલાક રેકૉર્ડ છે જેમાં સચિનથી કોહલી આગળ થઈ ગયો છે. જોકે સચિનના યુગ સાથે કોહલીના વર્તમાન યુગની સરખામણી થઈ ન શકે, પણ રેકૉર્ડ તૂટે ત્યારે નવા વિક્રમી ખેલાડીનું નામ તો ઉપર આવતું જ હોય છે. બીજું, વન-ડેમાં લક્ષ્યાંક પૂરા કરવાની બાબતમાં કોહલીની હાલમાં જે ઓળખ છે એવી દુનિયાના બીજા કોઈ ખેલાડીમાં નથી. એટલે જ ટાર્ગેટનો પીછો કરવામાં રન તેમ જ ૫૦-પ્લસની ઇનિંગ્સમાં સચિન કરતાં કોહલી આગળ છે.

એક વાત નક્કી છે. સચિનના વિક્રમોનો પીછો કરવામાં કે એ તોડવામાં પોતે આતુર છે એવું કોહલીએ ક્યારેય નથી બતાવ્યું. આ મુદ્દે પત્રકારે જ્યારે પણ સવાલ પૂછ્યો છે ત્યારે તેણે જવાબ આપવાનું ટાળ્યું છે. જોકે સચિનના અમુક મોટા મોટા રેકૉર્ડ તોડવાની દોડમાં કોહલી નથી તો બીજું કોણ છે? કોઈ નથી. એક ઉદાહરણ લઈએ. વન-ડે ફૉર્મેટમાં સચિન ૧૮,૪૨૬ રન સાથે મોખરે છે અને કોહલી ૧૪,૫૫૭ રન સાથે બીજા નંબરે છે. જો કોહલી આવા જ વેગ અને આક્રમકતા સાથે આવતા બે-અઢી વર્ષમાં રમતો રહેશે તો તે સચિનનો રનનો વિક્રમ તોડી શકશે એમાં બેમત નથી.

તમે વિચાર કરો કે એક કૅલેન્ડર યરમાં સૌથી વધુ ૧,૩૮૧ રન બનાવનાર કોહલીએ એ સિદ્ધિ ૨૦૧૧ની સાલમાં મેળવી હતી અને એવી જ ફિટનેસ અને આક્રમકતા સાથે તે અત્યારે રમતો જોવા મળી રહ્યો છે. કહેવાય છેને કે કંઈ જ અસંભવ નથી હોતું. હા, એટલું નક્કી છે કે કોહલી જો સચિનના કેટલાક વધુ મોટા વિક્રમો તોડશે તો પણ સચિનનો જે 'મિડાસ ટચ' હતો એને ઝાંખો નહીં પાડી શકે. દરેકમાં કંઈકને કંઈક સ્પેશ્યલ ખૂબીઓ હોય છે. કોહલી તેના રેકૉર્ડ્સ તોડશે તો પણ કોઈ જ રીતે સચિનની મહાનતા લેશમાત્ર ઓછી નહીં થાય અને જો કોહલી તેના વધુ વિક્રમો નહીં તો કોહલીની વિશિષ્ટતા અને મહાનતા પણ જરાય ઓછી નથી થવાની. ■



## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# કોબેમાં શૂઝ ને વ્યૂઝની મજા...









ટોક્યો અને ક્યોટો ઘણાં ક્યુટ હતાં અને બધે યંગ સ્થાનિક લોકો અને ટૂરિસ્ટનાં ટોળાં દેખાતાં હતાં. છતાંય ઓસાકાના વિસ્તારમાં આવ્યા પછી જાણે અચાનક જ સ્થાનિક યુવાન ટોળકીઓની સંખ્યા વધતી ચાલી હતી. તેમાંય જે દિવસે અમે કોબે જવા નીકળ્યાં ત્યારે તો લાગ્યું કે આ વિસ્તારમાં ભાગ્યે જ કોઈ વૃદ્ધો દેખાતા હતા. કોબે જવા માટે અમે જરા મોડાં નીકળ્યાં. પહેલાં હોટલનો બ્રેકફાસ્ટ ગપચાવવામાં જ અમને કલાક લાગી ગયો. આમ તો નાસ્તો ફટાફટ કરીને નીકળવાની વાત હતી, પણ ત્યાં સવારમાં રાઈસની વાનગીઓ, પેન કેક્સ, જાપાનીઝ સ્ટાઇલ કેક્સ, કોફી અને ટી વચ્ચે શાંતિથી વેકેશન માણવાનું સ્પોન્ટેનિયસલી નક્કી કરીને અમે કલાક પછીની ટ્રેન લેવાનું નક્કી કર્યું.

આમ પણ હવે જ્યાં પણ સોશ્યલ મીડિયા એ પોપ્યુલર બનાવેલું સ્થળ સામે આવતું ત્યાંથી અમે દૂર ભાગવા લાગેલાં. ખાસ તો એટલા માટે પણ કે સમય સાથે ભીડ અને એકસરખા અનુભવોમાં તેનાં પ્રત્યેની ઉત્સુકતા જતી રહેતી હતી. જોકે વધુપડતી ભીડવાળાં ખ્યાતનામ સ્થળો પર અલગ વિચારો આવતા હતા. અચાનક જ કોઈ જાપાનીઝ શ્રાઇન કે પેલેસ હજારો આંખોથી સાથે અનુભવાઈ રહ્યું હોય તેવું લાગતું હતું.

ઓસાકાના ઉમેડા સ્ટેશનથી હાક્યુ લાઈન લઈને અમે અડધો કલાકમાં તો કોબે સ્ટેશન પર હતાં. આમ તો ત્યાં હાર્બર પરથી દરિયાનો વ્યૂ છે અને શહેર ખાસ ત્યાંની ખાણી-પીણીની બજાર માટે જાણીતું છે. છતાંય અમને ત્યાં સૌથી વધુ ઉત્સુકતા હતી ઓનિત્સુકા ટાઇગરના ઓરિજિનલ સ્ટોર પર જવાની. ખાસ તો આજકાલ પોપ કલ્ચરમાં વધુપડતી લોકપ્રિય બની ગયેલી આ સ્નિકર બ્રાન્ડ પરની ખાસ ડિઝાઈન લોકોને બહુ ગમી ગઈ છે. તેમાંય આજકાલ બ્રાન્ડ એક્સક્લુઝિવિટી કઈ રીતે જાળવી રાખવી તેનો જાપાનની આ કેટલીક બ્રાન્ડ્સ પાસેથી ક્લાસ લઈ શકાય તેમ છે. ઓનિત્સુકા આખી દુનિયામાં જાણીતાં બની ગયાં છે, છતાંય જાપાનની બહાર માંડ આગળીના વેઢે ગણી શકાય એટલા સ્ટોર દુનિયામાં છે. વળી તે જેટલાં કૂલ માનવામાં આવે છે, એ પ્રમાણમાં તે એકદમ વાજબી ભાવે મળે છે, એટલે તેની લોકપ્રિયતામાં વધારો જ થતો જાય છે.

હવે ૧૯૪૯માં પહેલો ઓનિત્સુકા ટાઇગરનો સ્ટોર કોબેમાં ખોલવામાં આવેલો. તે આજે પણ ત્યાં જ છે. અમે કોબેમાં શરૂઆત આ ઐતિહાસિક સ્ટોરથી કરી. અહીં એસિક્સ અને બીજી થોડી બ્રાન્ડ્સના સ્ટોર્સ પણ એટલા મજેદાર નીકળ્યાં કે અમે શૂઝની ઓવર શોપિંગ કરી લીધી. સ્ટેશન પર લોકરમાં શોપિંગ બેગ્સ મૂકવા જવી પડી. હવે જાપાનની કરન્સી અને ભાવનો ફાયદો ઉઠાવીને ત્યાંથી મોટી ચેક-ઇન બેગ ખરીદવાનો પ્લાન યોગ્ય લાગી રહ્યો હતો. છતાંય લાગ્યું કે મોટી સાઇઝની બીજી બે-ત્રણ ચીજો લઈ લઈશું તો એક ચેક-ઇન બેગ તો અડધા દિવસમાં ભરાઈ જશે.

એક તરફ શોપિંગ પ્લાનિંગ અને બીજી તરફ કોબેની મજા. એ દિવસ ધાર્યા કરતાં વધુ ભરચક બની ગયો હતો. પહેલાં તો વિચારેલું કે અમે ત્યાં શૂ શોપિંગ કરીને ફૂડ માર્કેટમાં સ્થાનિક વાનગીઓ દબાવીને સાંજ પહેલાં ઓસાકા પાછાં આવી જઈશું અને ત્યાં જરા બુક સ્ટોર અને ઇચિરાન રામેનની મજા લઈશું. એકાદ લોકલ સુપર માર્કેટમાં પણ આંટો મારી આવીશું. તે બધું એક બાજુ રહી ગયું, કારણ કે તે દિવસે તો કોબેમાં જ રાત પડી ગઈ. વધુ એક પચીસ હજાર સ્ટેપ્સવાળો દિવસ આકાર લઈ રહ્યો હતો.

સાંજે ફૂડ માર્કેટમાં હોટલના ફેરિયાઓ બહાર લોકોને પોતાની રેસ્ટોરાંમાં લઈ જવા આકર્ષવા પ્રયત્ન કરી રહ્યા હતા. જે પણ રેસ્ટોરાં જુઓ તે એવોર્ડ વિનિંગ હોવાનો દાવો કરતું હતું. અને ત્યાંનું બીફ ખાસ જાણીતું છે. મારા માટે તો ત્યાં વેજિટેરિયન શોધવાનું હતું. પહેલાં તો લાગ્યું કે મુશ્કેલી પડશે, પણ ત્યાં બુદ્ધિસ્ટ ક્વિઝિન ઘણી સરળતાથી મળી ગયું. મોટાભાગે તેમાં જાપાનીઝ સૂપ અને સલાડ જ હતાં, છતાંય દરેક ચીજમાં સાથે રાઈસ આવી જ જતા, એટલે મજાથી જમવા મળ્યું. સાથે ત્યાં દુનિયાભરમાં ખ્યાતનામ કોબેમાં મળતું ખાસ 'વાગ્યુ' શું ચીજ છે, તેના વિષે પણ અમે જાણકારી મેળવવા તો સજ્જ હતાં જ. આ વાગ્યુ માટે ખાસ ઉછેરવામાં આવતી ગાય માટે તો નિશ્ચિત સંગીત વગાડવામાં આવે, તેમને મળતી રિલેક્સ લાઇફ અને ખુશીનાં વર્ષોની વાતો જરા મન ભરાઈ આવે તેવી લાગતી હતી. કોબે આમ તો સાવ સરળ અને મજાનું શહેર લાગતું હતું, પણ ગાયો માટે નહીં.

જાપાનના કોઈ પણ શહેરની મુલાકાત ત્યાંની લોકલ શ્રાઇન જોયા વિના અધૂરી જ રહેવાની. અમે ઇકુતા શ્રાઇન પહોંચ્યાં. ઇકુતા બાકીની અત્યાર સુધી જોયેલી શ્રાઇન કરતાં આર્કિટેક્ચરની દૃષ્ટિએ થોડી અલગ લાગતી હતી. છેક ત્રીજી સદીમાં બનેલું આ મંદિર તે સમયના મેજી રાજા જીન્ગુએ બંધાવેલું. આમ જોવા જાઓ તો જાપાનનું દરેક નામ થોડું રમૂજી તો લાગતું જ હતું, પણ જીન્ગુ નામનો માણસ ભારતમાં રાજા બની શકે કે કેમ તે વાત પણ અમે જરૂર કરતાં વધુ લાંબો સમય સુધી ચર્ચા કરી. અને તે પછી નુનોબિકી હર્બ ગાર્ડન સુધી જવામાં હાઈક કરવી પડી અને જીન્ગુનું હુલામણું નામ શું હશે તે પ્રશ્ન ક્યાંય ભુલાઈ ગયો.

નુનોબિકી ગાર્ડન એક ટેકરીની ટોચ પર હતું. ત્યાંથી ઓસાકાનો દરિયો અને કોબે શહેરનું આખું પેનોરમા નજરે પડતું હતું. નીચે આવતાં અમે કાઝેનો ઓકા ગાર્ડનનો રસ્તો લીધો. આ ગાર્ડન પર તો વ્યૂ માણવા માટે મુલાકાતીઓ હેમોકના હીંચકા પર બેસીને આનંદ માણી શકતાં. બરાબર એ જ સમયે હળવો વરસાદ ચાલુ થયો, તેને સાઇન માનીને અમે આગળ ચાલ્યાં. કિતાનો ડિસ્ટ્રિક્ટ અને હાર્બર પાસે આંટો મારવામાં અંધારું થઈ ચૂક્યું હતું. પાછા ફરવામાં ટ્રેન માંડ મળી. કોબેનું સૌંદર્ય, શૂઝ અને ખાણીપીણી કોબેમાં આનાથી સારો દિવસ ન હોઈ શકે. ■

# ચિઠ્ઠી



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

ઇન્સ્પેક્ટર કરણ બક્ષી અને ઝલક દીક્ષિત જીપમાં સવાર થઈને ચાણક્યપુરી સોસાયટી પહોંચ્યાં. ચાણક્યપુરી એટલે નગરને છેવાડે આવેલી સોળ બંગલીઓની સોસાયટી. મુખ્ય પ્રવેશદ્વારથી બે બાજુ હરિયાળાં વૃક્ષો. વચ્ચે હારબંધ બંગલીઓ. એક એક માળની. એક હારમાં છ બંગલી. લાલ પથ્થરની બનેલી બંગલીઓ. શિખરબંધ મંદિર જેવા ઘુમ્મટ આકારની. દેખાવમાં ભવ્ય અને આકર્ષક. દરેક બંગલીની બહાર નાકકડો બગીચો. બગીચામાં રંગરંગી ફૂલની ક્યારીઓ. વચ્ચે લીલીછમ લોન. બેઠક માટે બાંકડા. બેચાર શણની ખુરસી. દરેક બંગલીની બહાર નંબર લખેલો. જમણી બાજુ એકથી આઠ નંબર અને ડાબી બાજુ નવથી સોળ. સામસામે આવેલી બંગલીઓ વચ્ચે સિમેન્ટના ચોસલા પાડેલો રસ્તો હતો. દેખાવ પગદંડી જેવો હતો, પણ પગથી જેવો સાંકડો નહીં, રસ્તો હતો પહોળો.

કરણે જીપ ડાબી બાજુને રસ્તે આગળ વધવા દીધી. બંગલી નંબર તેર સુધી પહોંચ્યા ત્યાં તો બગીચામાં ઊભેલી યુવતીએ દબાયેલા અવાજે બૂમ પાડીઃ ‘સાહેબ, અહીં...આ બાજુ!’

જીપ પાર્ક કરીને કરણ અને ઝલક ત્યાં જ ઊતરી ગયાં. પેલી યુવતી બે હાથ જોડીને બોલીઃ ‘હું અંગના અભિમન્યુ ભારદ્વાજ!’ આટલું કહેતાં તો એની આંજણ આંજેલી આંખમાં આંસુનાં તોરણ બંધાયાં. કરણ એને જોઈ રહ્યો. એકદમ રૂપાળી નહીં, પણ સુંદર તો હતી જ. કેડ સુધી પહોંચતા કાળા ભમ્મર વાળ. આકર્ષક મુખડું. ઘાટીલો નાકનકશો. ચહેરો માસૂમ. પણ માસૂમિયત તો મુખવટો પણ હોઈ શકે!

અંગના એ બંનેને બંગલીમાં લઇ ગઈ. બંગલીમાં દાખલ થતાં નાનકડી પરસાળ આવે. પરસાળમાં જ ડાબી બાજુ એક ખંડમાં બારણું ખૂલતું. ત્યાં નાનો બેઠકખંડ હતો. બહારના મુલાકાતીઓ માટે. પરસાળ ઓળંગીને સીધા જઈએ એટલે વિશાળ દીવાનખંડ દેખાય. એક દીવાલ પર સાત અશ્વના રથ પર સવાર સૂર્યદેવતાનું લાંબુ પહોળું રંગીન ચિત્ર. બીજી દીવાલે સારથિ કૃષ્ણ અને ગાંડીવનો ટંકાર કરતા અર્જુનનું ચિત્ર. એક ખૂણામાં વીણાવાદન કરતાં સરસ્વતીદેવીની ત્રણ ફૂટની ચાંદીની રત્નજડિત અને માણેકમઢિત મૂર્તિ. ત્રણ બાજુ આછા કેસરી રંગના સુંવાળા સોફા. વચ્ચે કાચની ટીપોય. દીવાનખંડની બરાબર સામે નાનો પેસેજ.પેલું પરસાળમાં બારણું ઊઘડતું હતું એ ખંડનો બીજો દરવાજો આ પેસેજમાં ખૂલતો. આ દ્વારની બાજુમાં પેસેજમાંથી ઉપર લઇ જતી સીડીઓ દેખાય.

અંગના સીડીઓ ચડવા લાગી. પાછળ કરણ અને ઝલક. આઠેક પગથિયાં ચડ્યા પછી જમણી બાજુ વળાંક આવ્યો. બીજાં આઠ પગથિયાં. નાની લોબીમાં આવ્યા. લોબીમાં ત્રણ દરવાજા હતા. એમાંના જમણી બાજુનો દરવાજો અંગનાએ ખોલ્યો. પાછળ કરણ અને ઝલક પણ દાખલ થયા. એક દીવાલે પુસ્તકોનું કેબિનેટ. માથે કાચના દરવાજા. આખું કેબિનેટ પુસ્તકોથી ભરેલું. એક ખૂણામાં કોમ્પ્યુટર ટેબલ. એના પર કાળું દેખાવડું કોમ્પ્યુટર. સામે ખુરસી. બીજી દીવાલને અઢેલીને એક પાટ હતી. પાટ પર નાની ગાદી. અઢેલીને બેસવા માટે બે ગોળ તકિયા. સૂવા માટે નરમ ઓશીકું.

અત્યારે આ પાટ પરના ઓશીકે માથું મૂકીને એક યુવાન મૃત્યુની ગોદમાં સૂતો હતો. મોંમાંથી ફીણ નીકળેલાં. હાથમાં બંધ પુસ્તક. જયરાજે પુસ્તકનું નામ વાંચ્યુંઃ તેરનું ત્રેખડ. નામ પરથી રહસ્યકથા હોય એવું લાગ્યું. આ પુસ્તક વાંચતાં વાંચતાં જ એણે આપઘાત કર્યો હોવાનું અંગનાનું કહેવું હતું!

સાહેબ, અભિ...એટલે કે અભિમન્યુએ આપઘાત કરી નાખ્યો...અંગનાની પાંપણો ભીંજાવા લાગીઃ બોલાચાલી તો કયા ધણીધણિયાણીને નથી થતી?એના વાંચવાના ગાંડા શોખને કારણે અમારી તકરાર થઇ ગઈ. અને હું બહાર જતી રહી. પાછું આવીને જોયું તો અભિમન્યુએ ઝેર ખાઈ લીધેલું. અંગનાની આંખે ઝળઝળિયાં બાઝ્યાં.

તમને કેવી રીતે ખબર પડી કે અભિમન્યુએ ઝેર ખાઈને આપઘાત કર્યો છે? કરણના ઘૂંટાયેલા અવાજમાં કુમાશ હતી.

એ તો એવું થયું કે...અંગના સ્વસ્થ થઈને બોલીઃ ‘હું ઉપર આવી ત્યારે અભિમન્યુ આ જ સ્થિતિમાં પડેલો. પહેલાં તો મને થયું કે એ વાંચતાં વાંચતાં ઊંઘી ગયો હશે. પણ નજીક આવીને જોયું તો એના મોઢામાંથી ફીણ નીકળતાં હતાં. એટલે મને થયું કે અભિમન્યુએ ઝેર ખાધું હોવું જોઈએ. અમારાં પ્રેમલગ્ન પહેલાં હું નર્સ રહી ચૂકી છું એટલે મને ખ્યાલ આવી ગયો. વળી એણે આપઘાતની ચિઠ્ઠી પણ લખેલી.’

‘આપઘાતની ચિઠ્ઠી?’ ઝલકે સવાલ કર્યોઃ ‘ક્યાં છે એ ચિઠ્ઠી?’

આ રહી. કહેતાં અંગનાએ ગળામાં કંઈક અટક્યું હોય એમ ખોંખારો ખાધોઃ ‘આ તેરના ત્રેખડે જ ત્રેખડ કરી નાંખ્યું. એટલે જ અભિમન્યુએ પુસ્તકનું કોઈક દ્રશ્ય વાંચીને આપઘાત કરી નાખ્યો. અને ચિઠ્ઠી પણ પુસ્તકમાં જ મૂકી દીધી. બુકમાર્ક હોય એ રીતે. પાના નંબર તેર અને ચૌદ વચ્ચેથી મને આ ચિઠ્ઠી મળી.’ કહીને અંગનાએ કરણને ચિઠ્ઠી આપી.

‘તમે પાના નંબર પણ યાદ રાખ્યો છે?’ ઝલક બોલીઃ ‘નવાઈ લાગે એવી વાત છે!’

‘ના..ના..એ તો મારી સહજ જ નજર પડી ગયેલી.’ અંગના બોલી.

કરણે ચિઠ્ઠી વાંચવાનું શરૂ કર્યું. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે,

‘આવું તે કેવું જીવન? હું તો હવે કંટાળી ગયો. મારે હવે ઝાઝું જીવવું નથી. હું હવે જિંદગીથી તંગ આવી ગયો છું. જલ્દી જ મોતને વ્હાલું કરી લઈશ. મારા મોત માટે કોઈ જવાબદાર નથી. મારા સિવાય. કોઈએ વસવસો કરવો નહીં. અફસોસ કરવો નહીં. હવે હું જાઉં છું. આ દુનિયાને અભિમન્યુની અલવિદા.’

કરણે અભિમન્યુ પાસેથી પુસ્તક લીધું. ત્યાં આસપાસ બીજું કાંઈ નહોતું. કરણે પુસ્તક ઉપાડ્યું. ખોલ્યું. પહેલે પાને પુસ્તકનું શીર્ષક લખેલું. અને પ્રકાશકનું નામ સરનામું. એમાં કોઈ પ્રસ્તાવના નહોતી. ત્રીજે પાનેથી સીધી જ નવલકથા શરૂ થતી હતી. કરણ પાનાં ફેરવતો ગયો. તેરમે અને ચૌદમે પાને શું દ્રશ્ય આવે છે એ જોવા આતુર હતો. તેરમું પાનું. કથાનાયક સાગર અને એની પ્રેયસી સરિતાનો સંવાદ હતો. સરિતા રિસાયેલી અને સાગર મનાવતો હતો. સાગર કહેતો હતો કે, સરિતા, હવે તો માની જા. આખરે તો તારે સાગરમાં જ ભળી જવાનું છે! અડધું પાનું રિસામણાં મનામણાંનું જ હતું. સરિતા માનતી નથી, એટલે ચૌદમે પાને પ્રિયતમાને મનાવવાના અંતિમ પ્રયાસરૂપે સાગર ઊંચી મંઝિલ પરથી છલાંગ મારવાનું નાટક કરે છે. આત્મહત્યાનું નાટક!

કરણે પુસ્તક એક બાજુએ મૂક્યું. પછી પૂછપરછ આગળ વધારીઃ ‘અંગનાજી, પુસ્તકનો નાયક તો આપઘાતનું નાટક કરે છે. શું તમને લાગે છે કે એ વાંચીને અભિમન્યુએ સાચુકલો આપઘાત કર્યો?’

‘એમાં તો હું શું કહી શકું?’ અંગનાએ પ્રતિપ્રશ્ન કર્યોઃ ‘મને તો લાગે છે કે તેરનો આંકડો જ ખરાબ છે. આ જુઓને પુસ્તકમાં પણ તેર ને બંગલીનો નંબર પણ તેર! મેં તો ના જ પાડેલી આ તેર નંબરની મનહૂસ બંગલી ખરીદવાની. અંતે અભિમન્યુનો જીવ લઈને જ રહી! મેં તો તેરનું ત્રેખડ વાંચવાની પણ ના પાડેલી. પણ માને તો ને!’

‘હં, તમે ના પાડેલી એમ ને?’ કરણે રસ લઈને પૂછ્યું.

‘સાહેબ, અભિમન્યુને રહસ્યકથાઓ અને જાસૂસીકથાઓ વાંચવાનો બેહદ શોખ હતો...’ અંગના કરણના સવાલનો જવાબ આપતાં બોલીઃ ‘આ કેબિનેટ જોયું ને! એમાં બધી રહસ્યકથાઓ જ છે. ઓફિસેથી આવે એટલે જમી પરવારીને કોઈ રહસ્યકથા લઈને બેસી જાય. રવિવારે તો વાંચનમાંથી નવરા જ ન પડે આ કક્ષમાં ભરાઈ જાય અને વાંચ્યા કરે. આજે ઓફિસેથી બપોરે બે વાગ્યે જ ઘેર આવી ગયા. ચા પીને આ પુસ્તક લઈને વાંચવા બેઠા. હું કંઈક કામસર બજારે ગઈ. આવીને જોયું તો એ...એ... આ તેરનું ત્રેખડ જ કહેવાયને! તેરનો આંકડો જ અપશુકનિયાળ!’

‘તમે બજારેથી પાછાં ક્યારે આવ્યાં?’ કરણે ઇન્વેસ્ટિગેશન આગળ વધાર્યું.

‘આ જુઓને...’ અંગનાં યાદ કરતાં બોલીઃ ‘હું લગભગ બે વાગ્યે ગઈ. અને સાંજે ચાર વાગ્યે પાછી ફરી. અભિ માટે ચા બનાવી અને લઈને ઉપર આવી. જોયું તો....ઓ મારા અભિ રે! આ રહસ્યકથાઓએ તો મારા અભિનો જીવ લઇ લીધો!’

તમે કહેલું કે તમારે અને અભિમન્યુને બોલાચાલી થયેલી. કરણે પૂછ્યુંઃ કયા કારણસર બોલવાનું થયેલું?

‘અં, ખાસ કાંઈ નહીં...’ અંગના શાંતિથી બોલીઃ ‘કોઈ પણ પતિ પત્ની વચ્ચે થાય એવી જ રકઝક હતી. મારે સાંજે સિનેમા જોવા જવું હતું અને અભિમન્યુ વાંચવા માંગતો હતો. મેં કહ્યું કે જયારે હોય ત્યારે વાંચવા શેનો બેસી જાય છે. આખરે મારેય કોડ પૂરા કરવા હોયને! તો મને કહેવા લાગ્યો કે તું તારા કોડ પૂરા કર. હું મારા કોડ પૂરા કરીશ. મને ગુસ્સો આવી ગયો. અમારો ઝઘડો થયો. એ ઉગ્ર થઈને બોલવા લાગ્યો. મેં પણ થોડી ખરીખોટી સંભળાવી. પછી હું બજાર જવાના બહાને ઘેરથી નીકળી ગઈ.’

‘અભિમન્યુને ઝેર આપ્યા પહેલાં કે પછી?’ કરણના શબ્દો તીર સમાન હતા.

‘શું...શું કહ્યું?’ અંગનાએ પ્રશ્ન ન સમજાયો હોવાનો દેખાવ કર્યો.

મેં એમ પૂછ્યું કે ‘અભિમન્યુને ઝેર ખવડાવીને ગયેલાં કે આવીને ઝેર ખવડાવેલું?’ કરણે એક એક શબ્દ છુટ્ટો પાડીને કહ્યું.

‘આ શું મજાક છે, ઇન્સ્પેક્ટર!’ અંગનાના અવાજમાં આક્રોશ છલકવા લાગ્યોઃ ‘તમને ચોખ્ખું દેખાય છે કે અભિએ આત્મહત્યા કરી છે. તો પછી આવો ઉટપટાંગ સવાલ કેમ કરો છો?’

‘ચોખ્ખું તો એટલું જ દેખાય છે કે અભિમન્યુનું મૃત્યુ થયું છે...’ કરણની આંખમાં રતાશ ભળીઃ ‘જોવાનું એટલું જ છે કે એણે આત્મહત્યા કરી છે કે એની હત્યા થઇ છે!’

‘હત્યા....મારા અભિની હત્યા!’ અંજનાની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગીઃ ‘કોણે કરી હત્યા? તો આ આપઘાતની ચિઠ્ઠી!’

‘એ ચિઠ્ઠી જ પોકાર કરી કરીને કહે છે કે અભિમન્યુની હત્યા થઇ છે...’ કરણે સૂચક વિધાન કર્યુંઃ ‘અને એ હત્યા તમે કરી છે શ્રીમતી અંગના ભારદ્વાજ!’

‘અચ્છા, એ કઈ રીતે?’ અંગનાનો મિજાજ એકાએક પલટાયો. નાગણની જેમ ફુત્કાર કરતાં એણે પ્રશ્ન કર્યો. એની આંખોમાંથી ઝેર નીતરતું હતું.

‘એ એ રીતે કે....’ કહીને નાગણનું માથું પકડીને કરંડિયામાં પૂરવાના ઝનૂનથી કરણ બોલ્યોઃ ‘તમે કહ્યું કે આપઘાતની ચિઠ્ઠી પુસ્તકના પાના નંબર તેર અને ચૌદ વચ્ચેથી મળી. મેં જોયું કે એ તો એક જ પાનાનો આગળપાછળનો ક્રમ છે. એક જ પાનું! આગળ તેર પાછળ ચૌદ. બે પાનાં સામસામે હોય તો એની વચ્ચે ચિઠ્ઠી મૂકી શકાય. ઉદાહરણ તરીકે ચિઠ્ઠી બાર અને તેર નંબરના પાના વચ્ચેથી મળી હોય તો સમજી શકાય, પણ એક જ પાનું હોય તો એની વચ્ચે ચિઠ્ઠી કેવી રીતે મૂકી શકાય? તમારું જ નિવેદન છે. બસ. તમારી આ એક ભૂલ અને ખેલ ખતમ!’

‘પણ કદાચ પાના નંબર જોવામાં મારી ભૂલ થઇ હોય એ પણ શક્ય છે ને?’ અંગના શરણે આવવા તૈયાર નહોતી.

‘હા, એવું બની શકે....’ કરણે આકાશમાં ઊડતા પતંગને પહેલાં થોડી ઢીલ આપીને અને પછી એકઝાટકે કાપી નાખતો હોય એમ બોલ્યોઃ ‘પણ એવું તો ન બની શકે ને કે કોઈ આપઘાતની ચિઠ્ઠી અદ્રશ્ય પેનથી લખે? અભિમન્યુના મૃતદેહ પાસેથી ચિઠ્ઠી મળે તો પેન પણ મળવી જ જોઈએ. પણ ત્યાં પેન, પેન્સિલ કે લખવાનું બીજું કોઈ સાધન મળ્યું નથી. શું ચિઠ્ઠી લખીને અભિમન્યુએ પેન સગેવગે કરી દીધી! પેન ક્યાં ગઈ? એનો જવાબ સ્વયંસ્પષ્ટ છે. પહેલાં તમે અભિમન્યુને ઝેર આપ્યું. તમે નર્સ હતાં એટલે તમને ઝેર અંગેની માહિતી હોય જ. અને પછી તમે જ ચિઠ્ઠી લખીને મૂકી. ફોરેન્સિક તપાસમાં એ સ્પષ્ટ થઇ જશે. બોલો, ખરું કે ખોટું?’

અંગના ભાંગી પડી. એણે ગુનો કબૂલ કરી લીધોઃ ‘હું અભિમન્યુથી કંટાળી ગયેલી. આખો દિવસ બસ વાંચ, વાંચ ને વાંચ. બીજું કાંઈ નહીં. અમારી રોજ તકરાર થતી. આજે તો એણે મને એમ કહી દીધું કે એ મને છૂટાછેડા આપી દેશે. વકીલને ફોન પણ કરવા લાગેલો. એટલે મેં એની માફી માંગવાનું નાટક કર્યું અને ચામાં ઝેર ભેળવીને એને પીવડાવી દીધી. મને એમ કે મારો પ્લાન ફૂલપ્રૂફ છે, પણ...’

ઝલકે અંગનાને હાથકડી પહેરાવી ત્યારે કરણની નજર પેલા કેબિનેટમાં પડેલા પુસ્તક પર પડી. એનું શીર્ષક હતુંઃ ક્રાઈમ નેવર પેઝ! ■

**આવતા અઠવાડિયે નવી કથા**

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com

# સુપર કાઈલેન અર્બન પાર્ક, કોપનહેગન




ક્યારેક એમ જણાય છે કે શહેરી-માનવી પોતાની જાતને ફરીથી શોધવાનો પ્રયત્ન કરે છે. અન્યની સાથે જોડાવા તે તત્પર હોય છે. નાની નાની ચેષ્ટામાં તે ખુશી શોધતો હોય છે. મોકળાશનો સમય કેવી રીતે પસાર કરવો તે વિશે તે ચિંતિત હોય છે. શહેરની એકધારી જિંદગી તથા પરિસ્થિતિથી તે કંટાળી ગયો હોય તેમ જણાય છે. કંઈક નવું કંઈક જુદું અને સાથે સાથે કંઈક વિચિત્ર માણવાની, પામવાની તેની ઈચ્છા હોય છે. શહેરી માનવીની આ પ્રકારની માનસિકતાને પ્રતિભાવ આપવા સ્થપતિ પોતાની રીતે પ્રયત્ન કરતો હોય છે. ડેનિશ રાજધાની કોપનહેગનનું સુપર કાઇલેન અર્બન પાર્ક આવો એક પ્રયત્ન છે. અન્ય દરેક શહેરની જેમ અહીં પણ સાંસ્કૃતિક વિવિધતા છે. જર્મન સ્થપતિ કંપની બજાર્કે ઇંગેલ્સ ગ્રુપ તથા ટોપોટેક-૧ દ્વારા નિર્ધારિત કરાયેલ આ રચના વર્ષ ૨૦૧૨માં શહેરી નાગરિકો માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. લગભગ એક કિલોમીટર લાંબા અને ક્યાંક આશરે ૭૫૦ મીટરની પહોળાઈ ધરાવતા આ પાર્કનું નામ તેનાં આકાર પ્રમાણે ‘કાઈલેન’ અર્થાત્ ‘ફાચર’ રાખવામાં આવ્યું છે.

આ અર્બન પાર્કની રચનામાં લોકોની ભાગીદારી હતી. અર્બન પાર્કમાં સામાન્ય રીતે હોય છે તે પ્રમાણે અહીં બેઠક, સુશોભિત લાઈટના થાંભલા, દેખાવમાં સારી કહી શકાય તેવી કચરાપેટી જેવી બાબતો મૂકવાને બદલે જુદા જુદા દેશોના પડોશીઓને તેમનાં વતનની યાદગીરી સમાન વસ્તુઓ સૂચવવા માટે કહેવામાં આવ્યું. આ રીતે જે યાદી તૈયાર થયેલી યાદીમાં જે જે વસ્તુઓ નોંધપાત્ર તેમ જ જરૂરી હતી તેનો ઉપયોગ કરી આ અર્બન પાર્કની રચના નિર્ધારિત કરવામાં આવી. એક દ્રષ્ટિકોણથી એમ પણ કહી શકાય કે આ આશરે ૩૦૦૦૦ ચોરસ મીટરનો વિસ્તાર એક ખુલ્લી ‘સાર્વત્રિક ગેલેરી’ સમાન છે.

આ અર્બન પાર્કના ત્રણ વિભાગ છે અને દરેક વિભાગને ચોક્કસ રંગ - લાલ, કાળો અને લીલો - દ્વારા વિશેષતા અપાઈ છે. દરેકમાં ભિન્ન ભિન્ન પ્રકારની ઉપયોગીતા અને દરેકની એક ખાસ મનોવૈજ્ઞાનિક પ્રસ્તુતિ છે. લાલ વિસ્તાર ચોક્કસ પ્રકારની રમત તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે નિર્ધારિત કરાયો છે, જે સપ્તાહના અંતે સ્થાનિક બજાર બની જાય છે. આ સમગ્ર વિસ્તારમાં જુદા જુદા શેડની લાલ લાદી જડી દેવામાં આવી છે. જે કાળો વિસ્તાર છે તે શહેરના દીવાનખંડ સમાન છે તેમ કહેવાય છે. અહીં મોરોક્કન શૈલીના ફુવારાની આસપાસ અને અન્ય સ્થાને પણ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ સમગ્ર વિસ્તારમાં સફેદ રંગના લહેરાતા પટ્ટા દોરવામાં આવ્યા છે જે વિરામસ્થાનને આવનજાવનના માર્ગથી અલગ નિર્ધારિત કરે છે. જ્યાં બેઠક વ્યવસ્થા હોય ત્યાં આ પટ્ટા વળાંક લઈ લે અને જાણે બેઠક વ્યવસ્થાને માન આપે. લીલો વિસ્તાર એ જાણે બાળકો સાથેના પારિવારિક પિકનિકનું સ્થાન છે. અહીં સૂર્યપ્રકાશનું સ્નાન પણ લઈ શકાય અને કેટલીક હળવી રમત પણ રમી શકાય. અહીં પ્રમાણમાં વધુ લીલોતરી છે. આ સમગ્ર રચનામાં ઇરાકના પરંપરાગત હીંચકા, બ્રાઝિલની પ્રચલિત જાહેર બેઠક, રશિયાનું ચર્ચિત બસ સ્ટોપ,





મોરોક્કોથી ઐતિહાસિક ફુવારો, બ્રિટનની કચરાપેટી, ઝાંઝીબાર તથા પેરિસના મેનહોલ કવર, જેવી ઘણી વસ્તુઓ આયાત કરવામાં આવી છે અથવા વિદેશી ડિઝાઇન મુજબ તેની નકલ તૈયાર કરવામાં આવી છે. આ અર્બન પાર્કમાં આ બધી વસ્તુ સાથે જમીનમાં એક નાની સ્ટેનલેસ પ્લેટ જડેલી હોય છે જેના પર જે તે વસ્તુની માહિતી આલેખવામાં આવી છે. આ પ્રકારની સામગ્રીના ઉપયોગથી આ પાર્ક



‘સહિયારું’ હોવાની ભાવના જાગ્રત કરી શકે. સાથે સાથે એમ કહી શકાય કે આ પાર્ક વિવિધતાને ટેકો આપે છે.

આ અર્બન પાર્ક એક સારું કૌટુંબિક તેમ જ સામાજિક સ્થાન તો બની જ શકે પણ સાથે સાથે તે ફિટનેસ એરિયા પણ છે. અહીં બાળકો, યુવાનો તથા વૃદ્ધો માટે ઉપયોગિતા છે. અહીં એકલ વ્યક્તિ માટે અને વ્યક્તિ-સમૂહ માટે પણ સંભાવના છે. અહીં વાહનનો બાધ છે પરંતુ અહીંના કોઈપણ સ્થાને કોઈપણ વાહનથી પહોંચી શકાય છે. યુરોપમાં અન્ય સ્થાને હોય છે તેમ આ પાર્કમાં પણ સાયકલની છૂટ હોય તેમ જણાય છે. આ એક સાંપ્રત સમયનું અર્બન પાર્ક છે જેમાં લગભગ બધી જ અર્બન - શહેરી જરૂરિયાતોનો સમાવેશ થયો હોય તેમ લાગે છે. અહીં મોકળાશ છે અને સંભાવના છે. અહીં સ્વતંત્રતા છે અને સાથે સૂચન છે. અહીં આદર્શ સામાજિક વ્યવસ્થા સ્થાપિત કરવાનો પ્રયત્ન છે અને સાથે સાથે કોઈપણ સામાજિક ગ્રૂપને અવહેલનાની ભાવના ન જન્મે તેનું ધ્યાન રખાયું છે. આ એક આદર્શવાદી રચના છે.

ડિઝાઇનની દ્રષ્ટિએ જોઈએ તો ક્યાંક અતિશયોક્તિ થઈ હોય તેમ લાગે છે. અમુક રંગ અમુક સમય પછી કદાચ આંખમાં ખૂંચી શકે. પાર્કની વિશાળતા સામાન્ય સંજોગોમાં ‘ખાલીપો’ દર્શાવી શકે. સમગ્ર પાર્ક જે રીતે એક કિલોમીટર જેટલો લાંબો છે અને જેને ત્રણ વિભાગમાં વિભાજિત કરી દેવાયો છે ત્યાં પરસ્પરનું સંકલન લગભગ અશક્ય બની રહે. તેની લંબાઈને કારણે પણ તેની ઉપયોગીતામાં મર્યાદા પણ રહે. આ એ વિસ્તાર છે જ્યાં સામાન્ય રીતે ઉષ્ણતામાન નીચું રહે છે. તેવા સંજોગોમાં ઠંડી સામે રક્ષણની પણ આવશ્યકતા હતી. એમ માનવા મન પ્રેરાય છે કે શનિ-રવિમાં આ પાર્કમાં ચહલપહલ રહેતી હશે પરંતુ બાકીના સમયે તેની ઉપયોગીતા અતિ મર્યાદિત હશે.

આ દેશમાં નિર્વાસીત લોકોની વસ્તી અહીં સૌથી વધુ હોવાથી અહીં જે તે કારણસર, ગુનાનું પ્રમાણ પણ વધુ છે. વર્ષ ૨૦૦૬માં ઇસ્લામના પયગંબરનાં વિવાદાસ્પદ ચિત્રણને કારણે આ સ્થળ ઉપર રમખાણો થયાં હતાં. એમ કહેવાય છે કે સુપર કાઇલેનની રચના બે સાવજ ભિન્ન વિચારધારા ધરાવતાં સામાજિક સમૂહને જોડવાનો પ્રયત્ન છે. આ પ્રકારનો દાવો વધુ પડતો હોય તેમ જણાય છે. ઈરાદો સારો છે, સન્નિષ્ઠ પ્રયત્ન છે, પરંતુ જે વિઘટનવાદી અને આક્રમક વિચારધારા છે તેને સામાન્ય પ્રવાહમાં લાવવી એ સ્થાપત્યના ક્ષેત્રનો વિષય નથી. એમ કહેવાય છે કે અહીં જાતિ, ધર્મ, સંસ્કૃતિ, દેશ, વતન, વિચારધારા અને ભાષાના એકીકરણને પ્રોત્સાહન આપવાનો સ્થાપત્યકીય પ્રયત્ન કરાયો છે. આ વાત થોડી વધુ પડતી જણાય છે. ■

## એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# ગિથોનઃ ગોરી તેરા ગાંવ બડા પ્યારા...

### વાહનોને નો- એન્ટ્રીવાળા નેધરલેન્ડ્સના આ વિલેજની ખાસિયતો હેરત પમાડે છે

નેધરલેન્ડ્સ એક એવો દેશ છે , જ્યાં મનુષ્યની ઈચ્છા અને પ્રયાસને કારણે વાયુ તેમ જ ઘોંઘાટના પ્રદૂષણનું સ્તર ઘણું નીચું જોવા મળે છે. ઘોંઘાટથી દૂર નીરવ શાંતિ અને એર પોલ્યુશનથી મુક્ત હવા પાણી માણવા હોય તો ગિથોનની સહેલ કરવા જેવી છે.



પ્રકૃતિના ખોળામાં આળોટતું ગામ

**બડા પ્યારા ગાંવ ગિથોનઃ**

ગામમાં પગપાળા અને બોટની સફર કરતી વખતે ’ચિતચોર’ ફિલ્મનું ગીત ‘ગોરી તેરા ગાંવ બડા પ્યારા, મૈંતો ગયા મારા, આકે યહાં રે, આકે યહાં રે’ મનમાં – હૃદયમાં ગુંજવા લાગ્યું. દોઢેક કલાકનો કાર પ્રવાસ પછી અમે એવી જગ્યાએ પહોંચ્યા , જ્યાંથી મશીનનો સાથ છોડી શરીરના સથવારે પ્રકૃતિના ખોળામાં ખૂંદવાનું હતું. ‘નો રોડ્સ’ એટલે કે સડક વિનાના આ બ્રિજ અને કેનાલના આ ગામડામાં ઈંધણથી ચાલતાં વાહનોને એન્ટ્રી નથી. પહેલા પગપાળા અને પછી નાવડીમાં ફેરફટકા મારવાના. નેધરલેન્ડ્સના ટોપ ટેન ફેવરિટ સ્થળમાં ગિથોન વટથી સ્થાન ધરાવે છે. એની ખ્યાતિ દેશાવરમાં એવી ફેલાયેલી છે કે એક પણ નાગરિકે આની મુલાકાત ન લીધી હોય એવા દેશનું નામ શોધતા પરસેવો પડી જાય. ચાલવાની મજા માણતા માણતા થોડા આગળ ચાલ્યા ત્યાં સમગ્ર વિસ્તારમાં Binnenpad તરીકે ઓળખાતા ખાસ સાઇકલ માટે તૈયાર કરવામાં આવેલા માર્ગ નજરે પડ્યા. આ સાઇકલ રૂટ ગિથોન સોંસરવો નીકળી ગામની નહેરોને દુકાનો, રેસ્ટોરાં સાથે જોડે છે. એક સહેલાણી તો ગણગણી પણ ઊઠી કે ‘બનકે પંછી ગાયે પ્યાર કા તરાના’ અને સાઇકલ સવાર નૂતનનું મીઠું સ્મરણ થયું અને મોં મલકાઈ ગયું.



જુના સમયનો પરિચય કરાવતું મ્યુઝિયમ

**બ્રિજની બાદશાહીઃ**

દેશના પાટનગર એમ્સ્ટર્ડમથી અંદાજે ૧૦૦ કિલોમીટરના અંતરે આવેલા આ ગામડામાં હાથે ખોદીને બનાવેલી નહેરો અને નાના નાના ટાપુ જેવા વિસ્તારને એકબીજા સાથે જોડતા ૧૭૬ બ્રિજ જોવા મળે છે. આ બધા બ્રિજ લાકડાના બનેલા છે. બાંધકામમાં ઓક, લાર્ચ કે પાઈન વૃક્ષના લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેને પાણી નુકસાન નથી પહોંચાડી શકતા. ગામમાં લટાર મારતી વખતે નજરે પડતા ફાર્મહાઉસ (આપણી ભાષામાં ગામના ખોરડાં)ની સાદગી હેરત પમાડે છે. જોકે, ૧૮ - ૧૯મી સદીમાં એનું બાંધકામ થયું હોવાની જાણકારી મળતા અચરજ વિરમે છે પણ આ પ્રાચીન આવાસની અંદરની કેટલીક આધુનિક સુવિધા જોતા આંખો ફરી આશ્ચર્ય ફેલાઈ જાય છે.

**ઈતિહાસઃ**

નેધરલેન્ડ્સના આ મનોહર ગામમાં લટાર મારતી વખતે એના નામ સાથે જોડાયેલો ઈતિહાસ જાણવાની ઉત્કંઠા થઈ. મહારાષ્ટ્ર અને ખાસ કરી મુંબઈમાં ઊછર્યા હોય એ લોકો વસઈ - વિરાર ક્ષેત્રના ‘ગાવઠણ’થી પરિચિત જરૂર હોય. ‘ગિથોન’ નામનો ઉચ્ચાર સાંભળ્યો ત્યારે એને ગાવઠણ સાથે તો કોઈ સંબંધ હશે કે કેમ એવો વિચાર મગજમાં ઝબકી ગયો. જોકે, સ્થાનિક વ્યક્તિએ કરેલી સ્પષ્ટતા અનુસાર ઈતિહાસના અભ્યાસુઓમાં નામના ઇતિહાસ બાબતે ભિન્ન મત છે. કેટલાક લોકોનું માનવું છે કે આ ગામની સ્થાપના સાધુ- સંતોએ કરી હતી તો જમીન ખોદનારા લોકો અહીં પહેલા આવ્યા અને ગામ વસાવ્યું એવો પણ અન્ય અભિપ્રાય છે. અલબત્ત, ચોપડે ચડેલી નોંધ અનુસાર બરાબર ૮૦૦ વર્ષ પહેલાં એટલે કે ઈ. સ. ૧૨૨૫માં ગિથોનનો પહેલી વાર ઉલ્લેખ થયો હતો. ગામનું મૂળ નામ Geytenhoren હતું, જેનો અર્થ ડચ ભાષામાં સંખ્યાબંધ બકરીનાં શિંગડાં એવો થાય છે. આ શિંગડા મૂળ સ્થાનિક રહેવાસીઓને મળી આવ્યાં હતાં. ૧૧૭૦માં વાવાઝોડાના તોફાનમાં આ બકરીઓ મોતને ભેટી હતી. કાળક્રમે Geytenhoren બદલાઈ Giethoorn થઈ ગયું.

**મ્યુઝિયમઃ**

પ્રાકૃતિક સૌંદર્યનો વૈભવ ધરાવતા આ ગામમાં અનોખું મ્યુઝિયમ પણ છે. અલબત્ત, તમે વિવિધ દેશના મહાનગરોમાં જોયા હશે એથી સાવ વિપરીત આ મ્યુઝિયમનુ ંબંધારણ છે.The Old Earth નામનું મ્યુઝિયમ એના અર્થને સાર્થક કરે છે. ગિથોનના આ સૌથી પ્રાચીન મ્યુઝિયમમાં વિશ્વભરના કિંમતી અને આભૂષણમાં વપરાતા રત્નોનો વિશિષ્ટ ખજાનો જોવા મળે છે. પૃથ્વીના ઈતિહાસ દર્શન કરાવી વિવિધ જાણકારી ઉપલબ્ધ કરવામાં આવી છે. The Old Farm House/Home of the Farmer મ્યુઝિયમમાં તમને કેટલીક સદી જૂના સમયનો પરિચય કરાવે છે. આ ગામ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું તેમજ Whisper boats, Punters, Kayaks એમ લાક્ષણિકતા અનુસાર વિવિધ નામથી ઓળખાતી હોડીઓ - નાવડીઓનું બાંધકામ કેવી રીતે કરવામાં આવતું હતું એની રસપ્રદ જાણકારી પણ મળે છે. Art Pottery Giethoorn Floramics નામનું મ્યુઝિયમની ખાસિયત એમાં રહેલી કલાકૃતિઓ કરતા વિશેષ તો ૧૦૦ વર્ષથી વધુ પુરાણા છાપરાં ધરાવતા ફાર્મ હાઉસમાં એ તૈયાર કરવામાં આવ્યું એ છે.

**પ્રવાસન પરેશાનઃ**

ગિથોનની લોકપ્રિયતા દેશ - પરદેશના સીમાડા ઓળંગી સર્વત્ર ફેલાઈ હોવાથી દર વર્ષે આ ગામમાં ૧૦ લાખથી વધુ સહેલાણીઓના ધાડેધાડાં ઉતરી આવે છે. ટુરિઝમ કમાણી કરાવી આપે, સ્થાનિક પ્રદેશની સમૃદ્ધિ વધારે એ વાત સાચી, પણ આજે વિશ્વના કેટલાક ફેવરિટ સ્થાન ‘ઓવર ટુરિઝમ’ વધુ પડતા પ્રવાસીઓની સમસ્યાથી પરેશાન છે એ યાદીમાં હવે ગિથોનનું નામ પણ જોડાઈ ગયું છે. ૧૯૫૮માં રિલીઝ થયેલી ડચ કોમેડી ફિલ્મ Fanfareમાં ગિથોનના સૌંદર્યને દર્શાવવામાં આવ્યા બાદ ટુરિસ્ટો અહીં આવતા થયા. જોકે, આજની તારીખમાં સહેલાણીઓની વિશાળ સંખ્યાને કારણે સ્થાનિક જીવનનું સંતુલન ખોરવાઈ જતું હોવાની ફરિયાદ થઈ રહી છે.

છ એક કલાક ગિથોનમાં ટહેલ્યા પછી હવે નીકળવાનું છે એમ કહેવામાં આવ્યું ત્યારે પિયર રોકવા આવેલી દીકરીને સાસરે પાછા ફરતી વખતે જે લાગણી થાય, એવી જ લાગણી બધા અનુભવતા હતા. ખૂબ ચાલવાનો કોઈ શારીરિક થાક નહીં, ચા - કોફીની તલબ નહીં કે નહોતો કોઈ પ્રકારનો કંટાળો. પ્રકૃતિની ગોદ ખૂંદવાના આનંદ સામે બીજું બધું ગૌણ લાગતું હતું. શહેર પાછા ફરવા કારમાં બેઠા ત્યારે હસરત જયપુરી લિખિત ગીતની પંક્તિ નજીવા ફેરફાર સાથે ગણગણવાનું મન થયું...

*‘હમરે ગાંવ જો ભી આયેગા, પ્યાર કી ડોર સે બંધ જાયેગા...’* ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# એલા, મને કોઈક તો પરણાવો...




ચુનીલાલનો છોકરો જીગો (જીગ્નેશ) અમસ્તો પણ મોઢું સૂજી ગયું હોય તેવો લાગે.એમાં આજે સવારથી જ મોટું ફુલાવી ઘરમાં આંટાફેરા મારતો હતો.

આજે સવારની ચા મારે ચૂનિયાને ત્યાં હતી એટલે મેં જોયું કે મારા ધ્યાનમાં આવે તે માટે તે ચાર - પાંચ વાર મારી સામેથી ધૂઆંફૂઆં થતો નીકળ્યો.

કોઈ પણ વ્યક્તિને આવા સંજોગોમાં એમ હોય કે મને કોઈક પૂછે કે ‘શું થયું છે?’ મેં પણ પૂછી નાખ્યું અને ભ્રષ્ટાચારી નેતાએ બનાવેલા બંધમાં ઉપરવાસમાંથી થોડું પાણી આવે તો પણ બંધની દીવાલ તરત તૂટી જાય અને નીચાણવાળા વિસ્તારમાં તારાજી સરજે તેવી હાલત થઈ પૂછતાની સાથે જ એ વરસી પડ્યો. તાત્કાલિક ટેબલ ખેંચી અમારી સામે બેઠો :

‘મિલન કાકા, તમારા લગ્ન કેટલા વર્ષે થયા હતા?’

મેં કહ્યું ‘૨૭ મા વર્ષે.’

‘મારા પપ્પાના લગ્ન ૨૫મા વર્ષે થયા હતા. અને તમારા બંનેની જાણ ખાતર મને અત્યારે ૩૨ થયા.’

હું કંઈ બોલું તે પહેલા ચુનિયો બોલ્યો : અમારા કરતાં સાત વર્ષ સુખની જિંદગી વધારે મળી.

‘મારે તાત્કાલિક દુઃખી થવું છે, બોલો તમારે એ સંદર્ભે કાંઈ કરવાનું છે?’

તેના આ સીધા આક્રમણથી હું સમજી ગયો કે પ્રશ્ન શું છે.

લગ્ન છે એ એક તાળું મારેલા બારણા જેવું છે. તેની બંને બાજુ પુરુષો ઊભા છે.

એક બાજુ પરિણીત પુરુષો અને બીજી બાજુ કુંવારા છોકરાઓ. બંને લોકો બારણું ખોલતા જ સામેની બાજુએ જવા ઉતાવળા હોય છે. બારણું ખૂલતાં જ પરણેલા પુરુષો બહાર નીકળી ખુલ્લો શ્ર્વાસ લેવા ઉતાવળા હોય છે. ત્યારે બારણું ખોલતા જ કુંવારા છોકરાઓ પરિણીત વિભાગ બાજુએ ધસી જવા ઇચ્છતા હોય છે.

તમે એક વાત ધ્યાનમાં લીધી છે કે નહીં મને ખબર નથી, પરંતુ હવે લેજો. જ્યારે કોઈનો વરઘોડો નીકળતો હોય ત્યારે વરઘોડા પાછળ ચાલતા પરિણીત પુરુષોના ચહેરા પર કોઈ ભાવ હોતો નથી. વરઘોડાની પાછળ પાછળ નિસ્તેજ અને એક્સપ્રેશનલેસ ટોળું જતું હોય એ પરિણીત પુરુષોનું હોય. કહેવાય છે ને કે મૌન ઘણું કહી જતું હોય છે.

વરઘોડામાં બહેનો વધારે આનંદમાં હોય છે , કારણ કે વધુ એક પુરુષ મહિલા મંડળના તાબે થવા જઈ રહ્યો છે.

લગ્નના પ્રથમ બે વર્ષ તો એટલાં સરસ ક્યાંય જાય કે કોઈપણ શોરૂમમાં ડિસ્પ્લેમાં સારામાં સારી વસ્તુઓ મૂકી હોય તે જોઈ અને ગ્રાહકો અંદર પડેલો ભંગાર પણ હોંશે હોંશે ખરીદી લેશે તેમ કુંવારા યુવકો પોતાના નજીકના મિત્રને ખુશખુશાલ જોઈ અને હસીખુશી પરણી જાય છે.

વોરંટી ગેરંટી પિરિયડ પૂરો થયા પછી જેમ કંપની દાદ દેતી નથી. તેવું જ લગ્નનું છે. જોકે કુંવારી છોકરીઓની પણ એ જ ફરિયાદ હોય છે. શરૂઆતના બે વર્ષ અમે અમારા ધણીને ગમે તેમ કહી લેતા તો પણ તે હસી નાખતો. હવે કેમ ગમતું નથી?

લગ્નનાં ૧૦ વર્ષ પછી તો આખી પરિસ્થિતિ જ બદલાઈ ગઈ હોય છે. ગરમ ગરમ રોટલી ઊતરતી જાય અને બે પેટ કરી અને ખાતો યુવાન ડિનરમાં લંચ કરતો હોય છે.

મારા ઘરની જ વાત કરું તો આજે પણ રીંગણા- બટેટાનું શાક થાળીમાં આવ્યું એટલે મેં કહ્યું કે ‘‘ગઈકાલે પણ આ જ શાક હતું આજે ફરી રીંગણા- બટેટા?

મને કહે ‘ગઈકાલે બટેટા- રીંગણા હતા. આજે રીંગણા- બટેટા છે.’

મારા ચહેરા પરનો પ્રશ્નાર્થ જોઈ અને મને કહે :

‘ગઈકાલે ત્રણ રીંગણા અને બે બટેટા હતા. આજે બે રીંગણા અને ત્રણ બટેટા છે. આવતીકાલે રીંગટાનું શાક છે.’

મારા ચહેરા પર હાસ્ય આવ્યું કે ચાલો. કાલે કંઈક નવું આવશે.

‘બસ આમ જ તમે હસતા રહો કાલે બે રીંગણા અને બે બટેટા સરખા ભાગે એટલે રીંગટા (રીંગણા+બટેટા).’

આવા સમયે એમ થાય કે થાળીમાં પણ શું કામ પીરસો છો? જ્યાં રીંગણા અને બટેટા વાવ્યા હોય તે વાડીમાં જ અમને છુટા મૂકી દો ને, અમે અમારી જાતે ચરી લેશું.

જીગા ને મેં શાંતિથી પૂછ્યું કે ‘તને આ પરણવાનું આટલું બધું મન શુ કામ છે?’

મને કહેઃ ‘બધા પરણિત મિત્રો પોતાની પત્ની સાથે ભેગા થાય ત્યારે મને એકલું એકલું લાગે છે. સવારના પોરમાં તેમને તેમના પત્ની જગાડવા જાય ત્યારે ભીના વાળ છંટકોરી, થોડું વ્હાલ કરી જગાડે, ગરમા ગરમ ચા પથારીમાં જ મળે, રોજ નિતનવા નાસ્તા અને ભોજનમાં સ્વાદિષ્ટ વ્યંજનો ગરમાગરમ પીરસાય, જિંદગી જલસાઘર લાગે.’

મેં ચુનિયા સામે જોયું અમે બંને હસવાનું માંડ રોકી શક્યા અને મનોમન સમજી ગયા કે આ એડવર્ટાઇઝમેન્ટ જોઈ અને પ્રોડક્ટ ખરીદવાવાળા વર્ગમાંથી આવે છે.

આમ જુઓ તો લગ્ન જરૂરી છે. ખુલ્લા ફરતા સાંઢને ખીલે બાંધવા માટે લીલા ઘાસના પૂળા આખા રસ્તે છેક ખૂંટા સુધી પાથરતા આવવા પડે. જેથી કરીને તે ખાતો ખાતો ખૂંટા સુધી આવે અને માલિક તેને બાંધે.

ચાલો, ત્યારે હવે જીગા માટે ગોતીએ છોકરી.... જે પણ છોકરી વગર કારણે વઢવા માગતી હોય તે તાત્કાલિક સંપર્ક કરે. ■

**વિચારવાયુઃ**

*તમારા લગ્ન થઈ ગયા છે?*
*હા*
*તમે શું કરો છો?*
*જલસા*
*પતિ શું કરે છે?*
*પસ્તાવો.*

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# કોણ હતા એ વીર ભારતીય સૈનિકો?

### જેમને આખરે ઇઝરાયલે હાઈફાના ઐતિહાસિક વિજય માટે ઇતિહાસમાં સ્થાન આપવું પડ્યું!

ઇતિહાસ ભારતીયોના રસનો વિષય નથી. પરિણામે આપણે ઈતિહાસની અનેક ગર્વીલી ક્ષણોને વિસારે પાડી દીધી છે. સદનસીબે ક્યારેક સમય પોતે જ આવી ક્ષણોને આપણી સમક્ષ લાવી મૂકે છે. ગાઝામાં ઇઝરાયેલ અને હમાસ વચ્ચે ખેલાઈ ગયેલા લોહિયાળ સંઘર્ષ વચ્ચે ભારતીય તરીકે ગર્વ થાય એવી એક ઘટના બની ગઈ.





હાઈફા શહેરને મુક્ત કર્યું મેજર ઠાકુર દલપતસિંહ શેખાવતના જવાંમર્દ ભારતીય સૈનિકોએ..

સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન ઇઝરાયલ સરકારે જાહેરાત કરી કે હવેથી હાઈફા શહેરને સ્વતંત્રતા અપાવવા બદલ બ્રિટિશર્સને નહિ પણ તત્કાલીન ભારતીય સેનાના બહાદુર જવાનોને ક્રેડિટ આપવામાં આવશે. આ માટે ઇઝરાયલ દ્વારા ‘બેટલ ઓફ હાઈફા’ તરીકે પ્રખ્યાત યુધ્ધના ઇતિહાસમાં જરૂરી સુધારો પણ કરવામાં આવ્યો છે. હમણાં સુધી ઈઝરાયેલી બાળકોને એવો ઇતિહાસ ભણાવાતો હતો કે હાઈફા શહેરની મુક્તિ બ્રિટિશર્સને કારણે શક્ય બની , પણ હવે એવું ભણાવાશે કે પ્રથમ વિશ્વયુદ્ધ વખતે ઓટોમન સામ્રાજ્યમાંથી હાઈફાને સ્વતંત્ર કરાવવાનું સઘળું શ્રેય ભારતના જાંબાઝ સૈનિકો અને એમના નેતાને ફાળે જાય છે.

- તોએવું તે શું થયેલું હાઈફા શહેરમાં?

વિશ્વયુદ્ધના ઇતિહાસમાં અમુક લડાઈઓનું અદકેરું મહત્ત્વ છે. એ પૈકીની એક તે ‘બેટલ ઓફ હાઈફા’. આ લડાઈમાં ભારતીય નરબંકાઓએ જે બહાદુરી દેખાડી, એના પર આજે ય દુનિયાભરના યુદ્ધ નિષ્ણાતો ફિદા છે. યુદ્ધમાં આધુનિક હથિયારો વપરાતા થાય એટલે પુરાણાં યુદ્ધ કૌશલ્યો સ્વાભાવિકપણે જ ભૂલાતા જાય. આવા જ બે કૌશલ્ય એટલે અશ્વ પર બેસીને તલવાર-ભાલા જેવાં પરંપરાગત શસ્ત્રો સાથે લડવા ઊતરવું તે, અને તીર-કામઠાનો ઉપયોગ. આ બંને પ્રકારના યુદ્ધ કૌશલ્યો પ્રથમ વિશ્વયુદ્ધમાં છેલ્લી વખત વપરાયા. ભારતમાં તો હજારો વર્ષોથી આ બંને યુદ્ધકૌશલ્યોની બોલબાલા હતી એટલે ભારતભૂમિના હજારો વર્ષના વીરતાના ઇતિહાસને છાજે એ રીતે ભારતીય ઘોડેસવાર રેજિમેન્ટ્સ પ્રથમ વિશ્વયુદ્ધમાં વિવિધ મોરચે ધૂંઆધાર યુદ્ધો લડી. જોધપુર, મૈસુર અને હૈદરાબાદની રેજિમેન્ટ્સનો પ્રથમ વિશ્વયુદ્ધના વિવિધ મોરચે ડંકો વાગતો રહ્યો.

હવે વાત આપણા વીર સૈનિકોના ઇઝરાયલ કનેક્શનની. હકીકતે ઇઝરાયેલ નામનો દેશ તો ઠેઠ બીજા વિશ્વયુદ્ધ પછી બન્યો. એ પહેલા એટલે કે પ્રથમ વિશ્વયુદ્ધ વખતે આ ભૂમિપ્રદેશ પર તૂર્કીના ઓટોમન સામ્રાજ્યે કબજો જમાવેલો. તૂર્કી અને બ્રિટન યુધ્ધમાં સામસામે પક્ષે હતા. અને ભારત દેશ અંગ્રેજી હકૂમતના તાબા હેઠળ હતો એટલે ભારતના બહાદુર સિપાહીઓએ બ્રિટનના પક્ષે રહીને લડવું પડ્યું. જે મોરચે જીતવું અશક્ય લાગતું હોય ત્યાં બદમાશ બ્રિટિશર્સ ભારતીય ટુકડીઓને મરવા માટે ધકેલતા એવી અનેક ઘટનાઓ ઇતિહાસને ચોપડે નોંધાયેલી છે. ભારતીય સૈનિકોની એ ટુકડીઓ પાસે પૂરતાં હથિયારો કે સારા કપડાં-જૂતાં સુધ્ધાં નહોતા! ભાલા જેવાં પરંપરાગત હથિયારો વાપરતા ભારતીય સૈનિકોને બંદૂકધારી દુશ્મનો સામે ખડા કરી દેવામાં બ્રિટિશરો જરાસરખો વિચાર નહોતા કરતા. હાઈફા શહેરમાં પણ એવું જ થયું.

૨૩ સપ્ટેમ્બર, ૧૯૧૮ના રોજ પંદરમી કેવેલરી બ્રિગેડને બ્રિટિશ અધિકારીએ હુકમ કર્યોઃ

‘જાવ, હાઈફા કબજે કરો!’

પણ કઈ રીતે? એનો કોઈ જવાબ નહોતો. પરિસ્થિતિ એવી કઠિન હતી કે કાચીપોચી સેના લડવાને બદલે પોતાના જ સેનાપતિ સામે બળવો પોકારી બેસે. લગભગ બે હજાર કરતાં વધુ સંખ્યામાં તૂર્ક અને જર્મન સૈનિકો એ વખતે આધુનિક ગણાય એવી મશીનગન્સ અને અન્ય હથિયારોથી સજ્જ થઈને માઉન્ટ કાર્મેલ તરીકે ઓળખાતી ટેકરીઓ ઉપર તૈયાર બેઠેલા. બીજી તરફ બ્રિટિ ધ્વજ હેઠળ લડી રહેલા જોધપુર લાન્સર્સના ૪૫૦ ઘોડેસવાર સૈનિકો માત્ર ભાલા અને તલવાર જેવાં હથિયારો લઈને તળેટીમાં હતા, પણ ભારતીય લાન્સર્સ એટલે કે ભાલા વાપરતા ઘોડેસવારોની ટુકડીમાં નરબંકાઓનો તોટો નહોતો. ટુકડીના કમાન્ડિંગ ઓફિસર હતા મેજર ઠાકુર દલપતસિંહ શેખાવત. માત્ર છવ્વીસ વર્ષના આ યુવાનની નસોમાં લોહીની સાથે ભારોભાર પરાક્રમ દોડતું. એના નેતૃત્વ હેઠળ ભારતીય લાન્સર્સ હાઈફા શહેરની ઉત્તર-પૂર્વ દિશામાં આવેલ કિશોન નદી પાર કરીને માઉન્ટ કાર્મેલની ટેકરીઓ નજીક પહોંચ્યા.

એ વખતે સમય હતો બપોરે ૨.૦૦ વાગ્યાનો. બ્રિટિશ કમાન્ડરનો આદેશ હતોઃ Take Haifa at any cost... મરવું પડે તો મરો , પણ હાઈફા શહેર કબજે કરો. કહેવાય છે કે ટેકરી પર બેઠેલી ઓટોમન સેના પાસે અઢાર જેટલી મશીનગન્સ અને ત્રણ તોપ હતી. દલપતસિંહના સૈનિકો પાસે માત્ર ભાલા જેવા દેશી હથિયાર હતા. પણ એક ચીજ એવી હતી જે દુશ્મન પાસે નહોતી એ હતું શૌર્ય. દલપતસિંહે યુદ્ધનાદ કર્યો ‘જોધપુર.... ચાર્જ!’ એ સાથે જ ભારતીય નસોમાં દોડતા લાલઘુમ્મ લોહીમાં અપ્રતિમ શૌર્ય પ્રકટ્યું. નિપુણ ઘોડેસવારોએ તોપોની ખીલ્લી ઉડાવતા હોય એમ ટેકરીઓના ઢાળ ચડવા માંડ્યા. દુશ્મનો પહેલા અચંબિત થયા અને પછી ભયભીત થઇ ઉઠ્યા. હિન્દુસ્તાનીઓનું આ સાહસ તુર્કી સેના માટે કલ્પના બહારનું હતું. પહેલા ઘોડાને અને પછી ખુદને ગોળી વાગવા છતાં દલપતસિંહ શેખાવત પોતાના જવાનોને માર્ગદર્શન આપતા રહ્યા. આખરે છાતી અને માથામાં વાગેલી ગોળીઓએ વીર સેનાપતિનો જીવ લીધો, પણ ત્યાં સુધી હાઈફાનું દુષ્કર લાગતું યુદ્ધ ભારતીય જવાનોએ માનસિક રીતે જીતી લીધું હતું.

એ પછી બાકીનું કામ પૂરું કરવા કેપ્ટન ચરણસિંહે નેતૃત્વ સંભાળ્યું. ભારતીય જવાનો પહેલેથી જ ઝનુને ચડેલા, એમાં મેજર દલપતસિંહ શેખાવતના સર્વોચ્ચ બલિદાને એવો રંગ દેખાડ્યો કે આ જવાનો સાક્ષાત કાળ બનીને ત્રાટક્યા. મૈસુર લાન્સર ટુકડી પણ બીજી તરફથી મોરચો સંભાળી રહી હતી. આખરે શૌર્ય અને રણનીતિને પ્રતાપે હાઈફા જીતાયું. સેંકડો દુશ્મન સૈનિકો યુદ્ધકેદી તરીકે પકડાયા અને તોપ સહિતના સંખ્યાબંધ હથિયારો ભારતીય સૈનિકોએ કબજે કર્યા.

જો એ દિવસે મેજર દલપતસિંહ શેખાવતના નેતૃત્વ હેઠળની ભારતીય ટુકડીઓ હાઈફા જીતવામાં નિષ્ફળ રહી હોત તો એ શહેર તુર્કીના કબજામાં જ રહ્યું હોત અને બીજા વિશ્વયુદ્ધ બાદ અસ્તિત્વમાં આવેલા ઇઝરાયલનો નકશો પણ કંઈક જુદો જ હોત. ઇતિહાસનાં પુસ્તકોમાં હાઈફાની મુક્તિ માટે ભારતીય સેનાને શ્રેય આપીને ઇઝરાયલ સરકારે મોડે મોડેથી ય ભારતીય નરબંકાઓનું ઋણ ચૂકવ્યું છે. અને હા, હાઈફાના એ યુદ્ધને વિશ્વના ઇતિહાસમાં ઘોડેસવાર હુમલાની છેલ્લી મોટી ઘટના ગણવામાં આવે છે. ■

# જાપાનમાં ૬.૭નો ભૂકંપઃ સુનામીની ચેતવણી પાછી ખેંચાઈ

ટોક્યોઃ જાપાનના ઈશાન ભાગમાં ૬.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યા બાદ ત્યાંની સરકારે શુક્રવારે સુનામીની માર્ગદર્શિકા પાછી ખેંચી લીધી હોવાનું હવામાન ખાતાએ જણાવ્યું હતું.ય

જાપાનના મુખ્ય ટાપુ હૉન્શૂની ઉત્તરે ઑમૉરીના કિનારા વિસ્તારમાં ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિન્દુ જમીનની સપાટીથી ૨૦ કિ.મી.ની ઊંડાઈએ આવેલું હતું.

સ્થાનિક સમય પ્રમાણે ભૂકંપ ૧૧:૪૪ વાગે આવ્યો હતો. ભૂકંપના બે કલાક બાદ માર્ગદર્શિકા પાછી ખેંચી લેવામાં આવી હતી. ભૂકંપને કારણે ગંભીર નુકસાન કે ઈજાનાં કોઈ અહેવાલ નથી. અગાઉ આ અઠવાડિયે જાપાનની ઉત્તરે ૭.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જેને કારણે ૩૪ જણને ઈજા થઈ હતી, વીજપુરવઠો ખોરવાઈ ગયો હતો અને પેસિફિક કિનારા વિસ્તારમાં સુનામીની સ્થિતિ નિર્માણ પામી હતી.

વર્ષ ૨૦૧૧માં જાપાનમાં ૯.૦ની તીવ્રતાના આવેલા ભૂકંપમાં ૨૦,૦૦૦ લોકોનાં મોત થયાં હતાં. (એજન્સી) ■




**નાતાલઃ** જાપાનના ટોક્યોની પાસે યોકોહામામાં રેડ બ્રિક વૅરહાઉસ ખાતે ક્રિસમસ માર્કેટમાં લોકોની ભીડ. (એપી-પીટીઆઈ)

# કફ સિરપ સિન્ડિકેટ પર ત્રાટક : દેશના પચીસ સ્થળે ઈડીના દરોડા

નવી દિલ્હીઃ કોડીન યુક્ત કફ સિરપના ગેરકાયદે વેપાર સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસ મામલે એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ ઇડીએ મોટી કાર્યવાહી હાથ ધરી છે. અહેવાલ મુજબ શુક્રવારે સવારે ઇડીએ દેશભરના છ શહેરોમાં કફ સિરપ સિન્ડિકેટના પચીસ સ્થળોએ દરોડા પડ્યા છે. અહેવાલ મુજબ ઇડીની ટીમો લખનઊ, વારાણસી, અમદાવાદ, જૌનપુર, સહારનપુર અને રાંચીમાં તપાસ કરી રહી છે.

ઊઉના અધિકારીઓએ ઉત્તર પ્રદેશના લખનઉમાં કોડીન યુક્ત કફ સિરપ હેરાફેરી કેસમાં મુખ્ય આરોપી કોન્સ્ટેબલ આલોક પ્રતાપ સિંહના નિવાસસ્થાને દરોડા પાડવામાં આવ્યા છે. દરોડા દરમિયાન અધિકારીઓને શંકાસ્પદ દસ્તાવજો, બેંક ટ્રાન્ઝેક્શન ફાઇલો, ડિજિટલ ડિવાઈસીસ અને હવાલા ટ્રાન્ઝેક્શન સહિત ઘણાં પુરાવા મળ્યા છે, આગળની તપાસ માટે તમામ પુરાવાઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. આલોક પ્રતાપ સિંહ હાલમાં કસ્ટડીમાં છે.

છેલ્લા કેટલાક મહિનોથી કફ સિરપ પીવાને કારને બાળકોના મોત થયા હોવાના અહેવાલ સતત મળી રહ્યા છે, હવે એજન્સીઓ આ કફ સિરપ સિન્ડિકેટ સામે કડક કાર્યવાહી કરી રહી છે, કોડીન યુક્ત કફ સિરપના ગેરકાયદે વેપાર મામલે છેલ્લા બે મહિનામાં ૩૦ થી વધુ ફરિયાદ નોંધવામાં આવી છે, જેના આધારે એ મની લોન્ડરિંગ કેસ નોંધ્યો છે અને કાર્યવાહી શરૂ કરી છે. ઉત્તર પ્રદેશ સરકારે આ મામલાની તપાસ માટે એક સ્પેશિયલ ઇન્વેસ્ટીગેશન ટીમની રચના કરી છે. અહેવાલ મુજબ આ મામલે તપાસ શરુ થયા બાદ મુખ્ય આરોપી શુભમ જયસ્વાલ દેશ છોડીને દુબઈમાં છુપાઈ ગયો છે. આ મામલે તેના પિતા ભોલા પ્રસાદ સહિત ૩૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ■

# સીઆઈસીની નિમણૂક : પસંદગી કરાયેલા આઠ ઉમેદમારમાં પાંચ વંચિત વર્ગમાંથી : સરકાર

નવી દિલ્હીઃ સીઆઈસીમાં ખાલી જગ્યાઓ ભરવા માટે ઉચ્ચ સ્તરીય પેનલે વંચિત વર્ગોના પાંચ લોકોના નામની ભલામણ કરી છે, જે વિપક્ષી નેતા રાહુલ ગાંધીના અહેવાલને ફગાવી દે છે કે અંતિમ યાદીમાં એસસી, એસટી, ઓબીસી અને લઘુમતી સમુદાયોના નામ નથી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આગામી મુખ્ય માહિતી કમિશનર અને આઠ માહિતી કમિશનરની પસંદગી માટે બુધવારે યોજાયેલી ત્રણ સભ્યની ઉચ્ચ સ્તરીય સમિતિની બેઠક દરમિયાન લોકસભામાં રાહુલે પોતાની અસંમતિ વ્યક્ત કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠકમાં વિચારણા હેઠળ લેવામાં આવેલા માહિતી કમિશનરોની આઠ ખાલી જગ્યાઓ માટે, કેન્દ્રએ એક એસસી, એક એસટી, એક ઓબીસી, એક લઘુમતી પ્રતિનિધિ અને એક મહિલાની ભલામણ કરી છે.

એકંદરે, ભલામણ કરાયેલા આઠ નામમાંથી પાંચ વંચિત વર્ગોના છે.

સીઆઈસીની સ્થાપના ૨૦૦૫માં કરવામાં આવી હતી. ૨૦૦૫ થી ૨૦૧૪ સુધી, યુપીએ સરકારના કાર્યકાળ દરમિયાન, એસસી/એસટી સમુદાયની એક પણ વ્યક્તિને કમિશનના સભ્ય કે અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવી ન હતી, એમ તેમણે જણાવ્યું હતું.

એનડીએ સરકારે ૨૦૧૮માં સુરેશ ચંદ્રાને, જે એસટી સમુદાયના સભ્ય હતા, સીઆઈસીમાં નિયુક્ત કર્યા હતા.

૨૦૨૦માં, હીરાલાલ સમરિયાને માહિતી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, અને ૨૦૨૩માં, તેઓ મુખ્ય માહિતી કમિશનર બન્યા - એસસી સમુદાયના પ્રથમ સીઆઈસી, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# એપલ આઈફોનના કવર વેચીને એરલાઈન્સ કરતા વધુ કમાણી કરશેઃ આઈએટીએના પ્રમુખ

જિનિવાઃ ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (આઈએટીએ)ના વિલી વોલ્શે મંગળવારે જણાવ્યું હતું કે એપલ એક આઈફોન કવર વેચીને આગામી વર્ષે એરલાઈન્સને પ્રત્યેક મુસાફર પર થતા ૭.૯૦ ડોલરના નફા કરતા વધુ કમાણી કરશે. તેમણે કહ્યું હતું કે ઈન્ડસ્ટ્રી સ્તર પર માર્જિન ખૂબ ઓછું છે.

તેમણે કહ્યું હતું કે આઈએટીએ વિશ્વભરમાં લગભગ ૩૬૦ કેરિયર્સનું પ્રતિનિધિત્વ કરે છે. તેણે મંગળવારે ૨૦૨૬ માટે ઈન્ડસ્ટ્રીના નાણાકીય અંદાજની જાહેરાત કરી હતી, જેમાં કુલ નેટ પ્રોફિટ ૪૧ અબજ અમેરિકન ડોલર થવાનો અંદાજ લગાવ્યો છે. ઈન્ડસ્ટ્રીના સ્તર પર માર્જિન હજુ સુધી ખૂબ ઓછું છે. તેઓ એક વેલ્યૂ ચેઈનના સેન્ટરમાં છે જે ગ્લોબલ ઈકોનોમીના લગભગ ચાર ટકા હિસ્સો છે અને ૮૭ મિલ્યન નોકરીઓ પેદા કરે છે. છતાં પણ એપલ એક આઇફોન કવર વેચીને ૭.૯૦ અમેરિકન ડોલરની કમાણી કરશે જે એરલાઇન્સ સરેરાશ મુસાફરોને ટ્રાન્સપોર્ટ કરીને કમાય છે.

તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે એર ટ્રાન્સપોર્ટ વેલ્યૂ ચેઈનની અંદર પણ એરલાઇન માર્જિન સંપૂર્ણપણે બેલેન્સમાં નથી. ખાસ કરીને ત્યારે જ્યારે એન્જિન અને એવિઓનિક્સ ઉત્પાદકો અને અમારા ઘણા સર્વિસ સપ્લાયર્સના માર્જિનની સરખામણી કરવામાં આવે છે. ૨૦૨૬ માટે ટ્રાન્સપોર્ટ કરવામાં આવેલા પ્રત્યેક મુસાફર પર નેટ પ્રોફિટ ૭.૯૦ ડોલર અમેરિકન ડોલર રહેવાની ધારણા છે, જેમાં ૨૦૨૫થી કોઈ ફેરફાર થયો નથી. વર્ષ ૨૦૨૩માં રેકોર્ડ કરાયેલા ૮.૫૦ અમેરિકન ડોલર કરતા ઓછું છે. ગ્લોબલ એરલાઇન ઈન્ડસ્ટ્રી સપ્લાય ચેઈનની સમસ્યાઓ, એરક્રાફ્ટ ડિલિવરીમાં વિલંબ અને જિયોપોલિટિકલ અનિશ્ચિતતાઓ સહિત વિવિધ અવરોધોનો સામનો કરી રહ્યો છે. ફ્યુઅલ કાર્યક્ષમતામાં વધારો ફક્ત ૧ ટકા રહેવાની ધારણા છે કારણ કે સપ્લાય ચેઇનના મુદ્દાઓ ફ્લીટને અવરોધે છે અને સરેરાશ એરક્રાફ્ટ ૧૫ વર્ષથી વધુ જૂના છે. ■

# ૨૯ ટૉપ નકસલી હણાયા, નકસલવાદ હવે ત્રણ જિલ્લામાં સમેટાયોઃ સરકાર

નવી દિલ્હીઃ નક્સલવાદીઓને મોટો ઝટકો આપતા સુરક્ષા દળોએ ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૨૯ ટોચના નક્સલી કમાન્ડરોને ઠાર માર્યા છે જેમાં એકલા આ વર્ષે ૧૪ સેન્ટ્રલ કમિટી મેમ્બર્સ (સીસીએમ) અને પોલિટ બ્યુરો મેમ્બર્સ (પીબીએમ) માર્યા ગયા છે, એમ મંગળવારે સરકારે લોકસભામાં જણાવ્યું હતું.

પ્રશ્નકાળ દરમિયાન એક પૂરક પ્રશ્નના જવાબમાં ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે પ્રભાવિત રાજ્યોની સંખ્યા ૨૦૧૪માં ૧૦થી ઘટીને ૨૦૨૫માં (ઓક્ટોબર સુધી) પાંચ થઈ ગઈ છે, જે ૫૦ ટકાનો ઘટાડો દર્શાવે છે જ્યારે ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા ૧૨૬થી ૧૧ સુધી ૯૧ ટકાનો તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. તેમણે કહ્યું હતું કે ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા એપ્રિલ ૨૦૧૮માં ૧૨૬થી ઘટીને જુલાઈ ૨૦૨૧માં ૯૦, એપ્રિલ ૨૦૨૪માં ૭૦, એપ્રિલ ૨૦૨૫માં ૩૮ અને ઓક્ટોબર ૨૦૨૫માં ૧૧ થઈ ગઈ છે, જેમાં હવે ફક્ત ત્રણ જિલ્લાઓને ડાબેરી ઉગ્રવાદથી ''સૌથી વધુ પ્રભાવિત'' ગણવામાં આવે છે.

મંત્રીએ કહ્યું હતું કે જોકે, તાજેતરમાં ડાબેરી ઉગ્રવાદના પ્રભાવથી મુક્ત થયેલા વિસ્તારોમાં સીપીઆઈ (માઓવાદી) ને ફરીથી પગ જમાવતા અટકાવવા માટે ૨૭ જિલ્લાઓને સિક્યોરિટી રિલેટેડ એક્સપેન્ડિચર (એસઆરઈ) યોજના હેઠળ 'લેગસી એન્ડ થ્રસ્ટ જિલ્લાઓ' તરીકે સામેલ કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું હતું કે વડાપ્રધાનના નેતૃત્વ અને ગૃહ પ્રધાનના સફળ માર્ગદર્શનમાં ડાબેરી ઉગ્રવાદ માર્ચ ૨૦૨૬ સુધીમાં ખતમ કરવામાં આવશે અને હવે તેમના માટે બચવાનો કોઈ રસ્તો નથી. પહેલાની સરકારો ડાબેરી ઉગ્રવાદને રાજ્યની સમસ્યા માનતી હતી, જેના કારણે કેન્દ્ર સરકારે તેની સામે કોઈ નક્કર નીતિ બનાવી ન હતી. પરંતુ મોદી સરકારે ડાબેરી ઉગ્રવાદ સામે એક વ્યાપક અને અસરકારક નીતિ બનાવી છે, જ્યાં કેન્દ્ર સરકારે તેને ખત્મ કરવાનો સંકલ્પ કર્યો છે. રાજ્ય સરકારો સાથે મળીને આ અભિયાનને સફળ બનાવવામાં આવી રહ્યું છે.

નક્સલવાદીઓ સામે કેન્દ્ર સરકારની ઝીરો ટોલરન્સ પોલિસીનાં પરિણામ પર ભાર મૂકતા રાયે કહ્યું હતું કે ૨૦૧૦માં જોવા મળેલી નક્સલી હિંસાના સૌથી ઉંચા સ્તરથી ૨૦૨૪માં ઘટનાઓમાં ૮૧ ટકાનો મોટો ઘટાડો જોવા મળ્યો છે. મંત્રીએ કહ્યું હતું કે ૨૦૦૪ થી ૨૦૧૪ (તે વર્ષના મે સુધી) દરમિયાન નક્સલી હિંસામાં ૬,૫૦૮ લોકો મૃત્યુ પામ્યા હતા, જેમાં ૪,૬૮૪ નાગરિકો અને ૧,૮૨૪ સુરક્ષા કર્મચારીઓનો સમાવેશ થાય છે.

રાયે જણાવ્યું હતું કે, આગામી દાયકામાં ૨૦૧૫થી ૨૦૨૫ (મે સુધી) દરમિયાન મૃત્યુની સંખ્યા ૭૧ ટકા ઘટીને ૧,૮૬૮ થઈ ગઈ, જેમાં ૧,૪૦૪ નાગરિકો અને ૪૬૪ સુરક્ષા કર્મચારીઓનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે આ વર્ષે મે અને નવેમ્બર દરમિયાન ૪૪ મૃત્યુ નોંધાયા છે. આ દર્શાવે છે કે આપણા સુરક્ષા દળો સામે લડવાની તેમની ક્ષમતા સંપૂર્ણપણે ઘટી ગઈ છે. તેથી તેમની પાસે હવે તેમના શસ્ત્રો સાથે આત્મસમર્પણ કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. મંત્રીએ ઉમેર્યું હતું કે જે નક્સલવાદી શરણાગતિ સ્વીકારે છે તેને તાત્કાલિક અનુદાન અને અન્ય નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી રહી છે, જેમ કે મોટા કેડર માટે પાંચ લાખ રૂપિયા, અન્ય કેડર માટે ૨.૫૦ લાખ રૂપિયા, શસ્ત્રો સાથે શરણાગતિ સ્વીકારવા માટે વધારાના નાણાકીય પ્રોત્સાહનો અને તાલીમ માટે ત્રણ વર્ષ માટે ૧૦,૦૦૦ રૂપિયા મહિને સ્ટાઇપન્ડ આપવામાં આવે છે. આવા રાજ્યોમાં સુરક્ષા માળખાગત સુવિધાઓમાં સુધારો કરવા ઉપરાંત, એકંદર વિકાસના ભાગ રૂપે શાળાઓ, આઈટીઆઈ, કૌશલ વિકાસ કેન્દ્રો, બેન્કો અને એટીએમ સ્થાપિત કરવામાં આવ્યા છે. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પછટી | દીવાલ |
| પછવાઈ | તલવાર |
| પછવાડે | ખેસ |
| પછીત | પાછળ |
| પછેડી | શોભાનું લૂગડું |

### જાણવા જેવું

ક્રિકેટમાં એક્સ્ટ્રા રન એટલે કે બેટ્સમેને ન કર્યા હોય એવા રનનો રસિક ઈતિહાસ છે. કોઈ ટીમે સૌથી વધુ એક્સ્ટ્રા રન આપ્યા હોય એનો વિશ્વવિક્રમ ભારતના નામે છે. ૨૦૦૭માં બેંગલુરુમાં રમાયેલી પાકિસ્તાન વિરુદ્ધની ટેસ્ટમાં ભારતે ૭૬ એક્સ્ટ્રા આપ્યા હતા જેમાં ૩૫ બાય, ૨૬ લેગ બાય અને ૧૫ નોબોલ હતા.

### ગુજરાત મોરી મોરી રે

'મુંબઈ સમાચાર' પ્રસ્તુત પારિતોષિક સમારોહમાં લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ મેળવનારા ઉત્કર્ષ મજુમદાર અભિનીત બાળ નાટક કયું?

અ) છકો મકો
બ) મામાનું ઘર
ક) પાઠશાળા
ડ) એંડેરી ગેંડેરી ટીપરી ટેન

### નોંધી રાખો

એક વાત હૈયે કોતરી રાખજો કે ગરુડની જેમ પાંખો ફેલાવી ખૂબ ઊંચે આકાશમાં ઊડવું હશે તો કાગડાનો સંગ છોડવો જ પડશે.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | | ■ | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | | | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | ■ | ૧૨ | | | ■ | | ■ |
| | ■ | ૧૩ | | | ■ | ■ | ૧૪ | | ૧૫ |
| ■ | ૧૬ | | ■ | ■ | ૧૭ | | | ■ | |
| ૧૮ | ■ | ૧૯ | | | ■ | ■ | ૨૦ | | ■ |
| ૨૧ | ૨૨ | | ■ | ■ | ૨૩ | | | ■ | ૨૪ |
| ■ | | ■ | ૨૫ | ૨૬ | | ■ | ■ | ૨૭ | |
| ૨૮ | | ■ | ૨૯ | | | ૩૦ | ■ | ૩૧ | |
| | ■ | ૩૨ | | | ■ | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. સમાપ્તિ (૪)
૪. અણઘટતો ખર્ચ (૩)
૭. --- કરવો=રસ્તો કરવો (૨)
૮. દુષ્ટતા (૪)
૧૦. --- તે કામ અને વીંધ્યું તે મોતી (૨)
૧૧. જુવાર, મકાઈ વગેરે અનાજનાં શેકવાથી ફૂટેલા દાણા (૨)
૧૨. વેણ, કથન (૩)
૧૩. પ્રશંસા (૩)
૧૪. લાલી (૩)
૧૬. ફરક, તફાવત (૨)
૧૭. અનુકૂળતા, સગવડ (૩)
૧૯. આશ્ચર્યચકિત, દંગ (૩)
૨૦. મૂળાક્ષરોની આખી યોજના (૨)
૨૧. હૂંફ, આશ્રય (૩)
૨૩. ફેલાવો, વિશાળતા (૩)
૨૫. --- હોય સો કીજીયે, ઓર ન કીજીયે કગ (૩)
૨૭. પાણી, જલ (૨)
૨૮. સોયનું કાણું (૨)
૨૯. શ્રમ (૪)
૩૧. ધ્વનિ, અવાજ (૨)
૩૨. અંતિમ, છેવટનું (૩)
૩૩. લાંચ (૪)

**ઊભી ચાવી**

૧. વિરોધ કે ગૂંચવણનો નિવેડો (૪)
૨. માગ, ઉઘરાણી (૩)
૩. નામ તેનો --- છે (૨)
૪. નાની પાતળી કકડી (૩)
૫. મૂળ ગામ કે દેશ (૩)
૬. --- ધણીનું થાય (૨)
૯. દશાનન (૩)
૧૦. ભૂલ, ચૂક (૩)
૧૩. ભવિષ્યકથન (૪)
૧૪. ચન્દ્ર (૪)
૧૫. ચીડ, ગુસ્સો (૨)
૧૮. શ્રી કૃષ્ણનો મામો (૨)
૨૨. અસ્થી (૩)
૨૩. ચંદરવો (૩)
૨૪. મેલ ---, મોચીના મોચી (૪)
૨૫. કેડ, કટિ (૩)
૨૬. કૃપા, મહેરબાની (૩)
૨૭. શાંત (૩)
૨૮. હજામ (૨)
૩૦. ઝાડ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્ર | ભા | ૨ ત | ■ | ■ | ૩ ફો | ર | ૪ મ | ■ | ■ |
| ખ્યા | ■ | ૫ ક | ૬ મ | ■ | ગ | ■ | ૭ ઢી | ૮ લ | ■ |
| ૯ ત | ૧૦ થા | ■ | ૧૧ ટ | ક | ટ | ૧૨ ક | ■ | ૧૩ બ | ૧૪ ગા |
| ■ | ૧૫ પો | ૧૬ તી | કું | ■ | ■ | ૧૭ દા | ૧૮ સ | ■ | રુ |
| ■ | ■ | રં | ■ | ૧૯ ક | ૨૦ પિ | ■ | ૨૧ પ | બ | ડી |
| ૨૨ ઉ | મ | દા | ■ | ૨૩ મ | તા | ■ | ર | ■ | ■ |
| દા | ■ | ૨૪ જ | ૨૫ મ | ■ | ■ | ૨૬ ચા | મું | ૨૭ ડા | ■ |
| ૨૮ સ | ૨૯ હ | ■ | ૩૦ હા | ૩૧ લ | ચા | લ | ■ | ૩૨ રો | ૩૩ જ |
| ■ | ૩૪ ક | ૩૫ ઠે | | તા | ■ | ૩૬ ક | ૩૭ મી | ■ | ઠ |
| ■ | ■ | સ | ■ | ડ | ■ | ■ | ૩૮ ન | ગ | ર |

### ઓળખાણ પડી?

ઓસ્ટ્રેલિયાના ખ્યાતનામ વિકેટ કીપર વોલી ગ્રાઉટની પ્રશંસા મેળવનારા મુંબઈ અને ભારતના વિકેટ કિપરની ઓળખાણ પડી?



અ) બુદ્ધિ કુંદરન
બ) નાના જોશી
ક) સી. ટી. પાટણકર
ડ) નરેન તામ્હાણે

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

દરવાજા, વિવિધ વાસણ, આભૂષણો, સંગીત વાદ્યો સહિત અનેક વસ્તુનો સંગ્રહ ધરાવતી કેળકર મ્યુઝિયમ કયા શહેરમાં છે એ જણાવો.

અ) કોલ્હાપુર બ) પુણે ક) નાશિક ડ) ઔરંગાબાદ

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૧૦૫, ૧૫૫, ૨૧૦, ૨૭૦, ૩૩૫ .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૩૩૫ પછી કઈ સંખ્યા આવે?

અ) ૩૯૦ બ) ૪૦૫ ક) ૪૧૦ ડ) ૪૪૦

### સુડોકુ-૯૧૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૭ | | ૪ | ૬ | | |
| ૬ | | | | | ૫ | ૮ | | |
| | ૯ | | | | | | | |
| ૫ | ૭ | ૮ | | ૩ | | | | |
| ૧ | | | | | | | | ૨ |
| | | | | ૮ | | ૭ | ૫ | ૧ |
| | | | | | | | ૬ | |
| | | ૨ | ૯ | | | | | ૮ |
| | | ૪ | ૬ | | ૧ | | ૨ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૬૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | ૮ | ૬ | ૨ | ૧ | ૪ | ૩ | ૫ |
| ૬ | ૨ | ૫ | ૩ | ૯ | ૪ | ૧ | ૮ | ૭ |
| ૪ | ૩ | ૧ | ૫ | ૭ | ૮ | ૯ | ૨ | ૬ |
| ૯ | ૮ | ૨ | ૭ | ૧ | ૫ | ૬ | ૪ | ૩ |
| ૫ | ૭ | ૬ | ૪ | ૩ | ૨ | ૮ | ૧ | ૯ |
| ૧ | ૪ | ૩ | ૮ | ૬ | ૯ | ૫ | ૭ | ૨ |
| ૨ | ૫ | ૯ | ૧ | ૪ | ૭ | ૩ | ૬ | ૮ |
| ૮ | ૬ | ૪ | ૨ | ૫ | ૩ | ૭ | ૯ | ૧ |
| ૩ | ૧ | ૭ | ૯ | ૮ | ૬ | ૨ | ૫ | ૪ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પઘર | પરસેવો |
| પઘા | દોરડું |
| પચકું | પોચું |
| પચખાણ | પ્રતિજ્ઞા |
| પચત | અગ્નિ |

**ગુજરાત મોરી મોરી રેઃ** વડીલોના વાંકે

**ઓળખાણ પડી?** અમર્ત્ય સેન

**માઈન્ડ ગેમ :** ૧૭૯

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ઈજિપ્ત

**ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.**

(૧) કિશોરકુમાર જીવણદાસ પટેલ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) નિશીધ દેસાઈ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) ખૂશરૂ કાપડિયા (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) પુષ્પા પટેલ (૧૨) હર્ષા મહેતા (૧૩) લજિતા ખોના (૧૪) ફાલ્ગુની શાહ (૧૫) પ્રવીણ વોરા (૧૬) મહેશ સંઘવી (૧૭) મીનળ કાપડિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) કિરીટ છેડા (૨૦) અમીશી બંગાળી (૨૧) તાહેર ઔરંગાબાદવાલા (૨૨) શીરીન ઔરંગાબાદવાલા (૨૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૪) ભરત કજરિયા (૨૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૬) ભારતી બુચ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) વિણા સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) અરવિંદ કામદાર (૩૧) જયવંત પદમશી ચિખલ (૩૨) મહેન્દ્ર લોઢાવિયા (૩૩) મીના ભગત (૩૪) અંજુ ટોલિયા (૩૫) જાગૃતિ નિતીન બજરિયા (૩૬) ડાયના સંતોકે (૩૭) પુષ્પા ખોના (૩૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) રમેશભાઈ દલાલ (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) શિલ્પા શ્રોફ (૪૫) કમલ માતલિયા (૪૬) નિતીન જયંતિલાલ બજરિયા (૪૭) ધીરેન્દ્ર મુલરાજ (૪૮) ડો. પ્રકાશ કટિકયા (૪૯) મહેશ દેસાઈ (૫૦) નયના ગિરીશ મિસ્ત્રી (૫૧) કિરીટ છેડા (૫૨) મનીષા શેઠ (૫૩) પ્રતિમા પમાણી

# સકારાત્મક વૈશ્વિક વલણોને કારણે સેન્સેક્સ લગભગ ૪૫૦ પોઈન્ટ ઊછળ્યો, નિફ્ટી ફરી ૨૬,૦૦૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મેટલ શેરમાં ખરીદી અને સકારાત્મક વૈશ્વિક વલણોને કારણે શુક્રવારે બેન્ચમાર્ક સ્ટોક ઇન્ડેક્સ સેન્સેક્સ લગભગ ૪૫૦ પોઈન્ટ આગળ વધ્યો હતો, જ્યારે વ્યાપક નિફ્ટી ૨૬,૦૦૦ના સ્તરથી ઉપર બંધ થયો હતો. બીજા દિવસે આગેકૂચ ચાલુ રાખીને સેન્સેક્સ ૪૪૯.૫૩ પોઈન્ટ અથવા ૦.૫૩ ટકા વધીને ૮૫,૨૬૭.૬૬ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૫૦૨.૬૯ પોઈન્ટ અથવા ૦.૫૯ ટકા વધીને ૮૫,૩૨૦.૮૨ સુધી ઊંચે ગયો હતો. નિફ્ટી ૧૪૮.૪૦ પોઈન્ટ અથવા ૦.૫૭ ટકા વધીને ૨૬,૦૪૬.૯૫ પર બંધ થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાં, ટાટા સ્ટીલ, એટરનલ, અલ્ટ્રાટેક સિમેન્ટ, લાર્સન એન્ડ ટુબ્રો, મારુતિ અને ભારતી એરટેલ સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા. જ્યારે, હિન્દુસ્તાન યુનિલિવર, સન ફાર્મા, આઇટીસી અને એશિયન પેઇન્ટ્સ ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતા. જેએસડબલ્યુ એનર્જી ક્વિપ્સ અને અન્ય માધ્યમો દ્વારા રૂ. ૧૦,૦૦૦ કરોડ સુધીનું ભંડોળ એકત્ર કરશે.

યુરો સામે રૂપિયાના અવમૂલ્યનની અસર સરભર કરવા માટે મર્સિડીઝ જાન્યુઆરીથી તેના વાહનોની કિંમતમાં બે ટકા વધારો કરી રહી છે. પીસીએમએમ, સાઉથ-ઇસ્ટર્ન રેલવે પાસેથી જીપીટી ઇન્ફ્રાને રૂ. ૫૩.૬૦ કરોડનો ઓર્ડર મળ્યો છે. જેએસડબલ્યુ એનર્જી (ઉત્કલ) લિમિટેડે કર્ણાટક સ્કિોમ સાથે ૪૦૦ મેગાવોટના વીજ પુરવઠા માટે પાવર પરચેઝ એગ્રીમેન્ટ કર્યા છે.

ઇન્ડિયન ઓઇલ કોર્પ લિમિટેડના બોર્ડે ૨૦૨૫-૨૬ (એપ્રિલ-માર્ચ) માટે પ્રતિ શેર રૂ. પાંચનું વચગાળાનું ડિવિડન્ડ જાહેર કર્યું છે. આ વચગાળાનું ડિવિડન્ડ ૧૧ જાન્યુઆરી અથવા તે પહેલાં પાત્ર શેરધારકોને ચૂકવવામાં આવશે. એરલાઇન ઇન્ડિગોનો શેર બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ પર સૌથી ખરાબ સાપ્તાહિક પ્રદર્શન કરનાર બન્યો છે. આ અઠવાડિયે નિફ્ટીના લગભગ ૦.૭ ટકા ઘટાડાની સરખામણીમાં આ શેર લગભગ ૧૦ ટકા ઘટ્યો છે.

એનબીએફસી રૂપાંતર માટે સેન્ટ્રલ બેંકની મંજૂરી બાદ આદિત્ય બિરલા કેપિટલના શેર બે ટકા વધ્યા હતા. દ્વિપક્ષીય વેપાર કરાર વાટાઘાટો હેઠળ ભારતે અમેરિકા પાસેથી ઉર્જા ઉત્પાદનો અને સંરક્ષણ અને ઉડ્ડયન સાધનોની મોટી ખરીદી માટે પ્રતિબદ્ધતા દર્શાવતા એક અહેવાલ બાદ મોટાભાગના ડીફેન્સ શેર ઘટ્યા હતા.

ગ્લોબલ જાપાનીઝ સ્પોર્ટવેર બ્રાન્ડ, એએસઆઇસીએસે સતત ૧૭મા વર્ષે ટાટા મુંબઇ મેરેથોન (ટીએમએમ) સાથે સત્તાવાર સ્પોર્ટ્સ ગુડ્સ પાર્ટનર તરીકે ટાઇઅપ જાહેર



કરવા સાથે મેરેથોન સીઝન માટે નવા પર્ફોર્મન્સ રનિંગ શૂ જેલ - નિમ્બસ ૨૮ સાથે વિશિષ્ટ ટીએમએમ ૨૦૨૬ મર્ચેન્ડાઇઝનું અનાવરણ પણ કર્યું છે. એઆઇ સીઆરએમ સેલ્સફોર્સે ભારત અને સાઉદી સહિત મધ્ય પૂવના કેટલાક દેશોમાં હાજરી ધરાવતી મલ્ટિનેશનલ રિક્રૂટીંગ, સ્ટાફિંગ અને એચઆર સોલ્યુશન્સ ફર્મ ટીએએસસી આઉટસોર્સિંગ સાથે વ્યૂહાત્મક સહયોગ સાધ્યો છે.

એક્સચેન્જમાં ૪,૩૫૬ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૫૯૩ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૫૯૩ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૭૦ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૯૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૯૬ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૦ સ્ટોક્સને ઉપલી જ્યારે ૮ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ટાટા સ્ટીલ ૩.૩૪ ટકા, ઈટર્નલ ૨.૩૭ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૩૫ ટકા, લાર્સન ૧.૭૧ ટકા, મારુતિ ૧.૫૧ ટકા, ભારતી એરટેલ ૧.૪૭ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૨૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૧૫ ટકા એક્સિસ બેન્ક ૧.૦૯ ટકા અને ટાઈટન ૦.૯૮ ટકા વધ્યા હતા, જ્યારે હિંદુસ્તાન યુનિલિવર ૧.૮૯ ટકા, સન ફાર્મા ૦.૬૯ ટકા, આઈટીસી ૦.૬૩ ટકા, એશિયન પેઈન્ટ ૦.૫૭ ટકા, પાવર ગ્રીડ ૦.૩૬ ટકા, કોટક બેન્ક ૦.૨૩ ટકા અને સ્ટેટ બેન્ક ૦.૦૫ ટકા ઘટ્યા હતા.

યુએસ ફેડ દ્વારા રેટ કટ પછી વૈશ્વિક સ્તરે જોખમ લેવાની ક્ષમતામાં સુધારો થયો હોવાથી પ્રવાહિતાનો આશાવાદ વધ્યો અને રૂપિયાના રેકોર્ડ નીચા સ્તરે પહોંચવા સાથે એફઆઇઆઇના સતત આઉટફ્લો છતાં સ્થાનિક ઇક્વિટીમાં સુધારો જોવા મળ્યો છે. તાજેતરના કોન્સોલિડેશન પછી વ્યાપક બજારમાં સારી લેવાલી જોવા મળી છે અને મિડકેપ તથા સ્મોલ કેપ શેરોમાં સુધારો જોવા મળ્યો છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા હતા. યુરોપિયન બજારો ઊંચા મથાળે ક્વોટ થયા હતા. ગુરુવારે યુએસ બજારો મોટાભાગે ઊંચા મથાળે બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૦.૦૫ ટકા ઘટીને ૬૧.૨૫ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

એક્સચેન્જ ડેટા અનુસાર ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૨,૦૨૦.૯૪ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ ૩,૭૯૬.૦૭ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. ગુરુવારે, સેન્સેક્સ ૪૨૬.૮૬ પોઈન્ટ અથવા ૦.૫૧ ટકા વધીને ૮૪,૮૧૮.૧૩ પર બંધ થયો હતો. નિફ્ટી ૧૪૦.૫૫ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા વધીને ૨૫,૮૯૮.૫૫ પર બંધ થયો હતો.

# ડૉલર સામે રૂપિયો ૧૭ પૈસાના ધોવાણ સાથે નવા તળિયે

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારો, આયાતકારોની ડૉલરમાં નીકળેલી વ્યાપક લેવાલી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૦૨૦.૦૪ કરોડની ચોખ્ખી વેચવાલીનું દબાણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો વધુ ૧૭ પૈસાના ધોવાણ સાથે ૯૦.૪૯ના નવા તળિયે બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૩૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૦.૪૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૯૦.૫૬ની નવી નીચી સપાટી દર્શાવ્યા બાદ ઉપરમાં ૯૦.૨૮ સુધી સુધર્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૭ પૈસાના ઘટાડા સાથે ૯૦.૪૯ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયો ૩૮ પૈસા ગબડ્યો હતો. ગઈકાલે ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ માટેની બે દિવસીય વાટાઘાટોનો અંત આવ્યો હતો અને બન્ને દેશો માટેની હિતકારી થાય તેવા કરાર અંગે ચર્ચા થઈ હતી. તેમ જ ગઈકાલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાતચીત થઈ હતી અને ટ્રેડ ડીલની નજીક પહોંચ્યાનો આશાવાદ વ્યક્ત કર્યો હોવાના અહેવાલ હતા. એકંદરે ટ્રેડ ડીલમાં થઈ રહેલા વિલંબને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન રૂપિયો દબાણ હેઠળ રહેશે તેમ છતાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડો અને સંભવિત રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રૂપિયામાં ઘટાડો મર્યાદિત રાખે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૭ ટકા વધીને ૯૮.૪૧ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૨ ટકા વધીને બેરલદીઠ ૬૧.૨૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૪૯.૫૩ પૉઈન્ટનો અને ૧૪૮.૪૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયામાં ઘટાડો સીમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ડૉલર નબળો પડતાં વૈશ્વિક સોનું સાત સપ્તાહની ટોચે, ચાંદી ૬૪ ડૉલરની સપાટી કુદાવી પાછી ફરી

# સ્થાનિક સોનું ₹ ૪૧૧૪ ઝળક્યું, ચાંદી ₹ ૬૮૯૯ ચમકીને ૧.૯૫ લાખની પાર

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી વર્ષે હળવી નાણાનીતિ જાળવીને વ્યાજદરમાં વધુ કાપ મૂકે તેવા આશાવાદ અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ ઉપરાંત વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવને પગલે આજે લંડન ખાતે સત્રના આરંભે સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ૦.૭ ટકા ઉછળીને સાત સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ એક તબક્કે ઔંસદીઠ ૬૪.૩૨ ડૉલર સુધી પહોંચીને પાછા ફર્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં ઝડપી તેજી જોવા મળી હતી, જેમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૦૯૮થી ૪૧૧૪ વધીને ૧.૩૨ લાખની સપાટી કુદાવી ગયા હતા, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૬૮૯૯ના ઉછાળા સાથે રૂ. ૧.૯૫ લાખની સપાટી પાર કરી ગયા હતા.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ રહી હોવા છતાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૬૮૯૯ની ઝડપી તેજી સાથે રૂ. ૧,૯૫,૧૮૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચી સપાટીએથી જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહી હતી. તેમ જ આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ તેજીનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૦૯૮ વધીને રૂ. ૧,૩૨,૧૭૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૧૧૪ વધીને રૂ. ૧,૩૨,૭૧૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજની તોફાની તેજીમા સ્ટોકિસ્ટો અને રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ગત ૨૧મી ઑક્ટોબર પછીની ઊંચી ઔંસદીઠ ૪૩૧૧.૭૩ ડૉલર આસપાસની સપાટીએ તથા વાયદામાં ભાવ ૦.૭ ટકા વધીને ૪૩૪૩.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૬૪.૩૨ સુધી ક્વૉટ થયા બાદ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૬૩.૮૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ગઈકાલે અમેરિકાના જાહેર થયેલા સાપ્તાહિક બેરોજગારીનાં ડેટામાં બેરોજગારી ભથ્થું મેળવનારાની સંખ્યા વધીને સાડા ચાર મહિનાની ઊંચી સપાટીએ પહોંચતા ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવે તેવા આશાવાદ સાથે ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં સોનાચાંદીની તેજીને પ્રેરક બળ મળ્યું હોવાનું ઓએએનડીએનાં વિશ્લેષક ઝાઈન વાવદાએ જણાવતાં ઉમેર્યું હતું કે હવે રોકાણકારો આગામી વર્ષ ૨૦૨૬માં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં બે વખત કાપ મૂકે તેવી ધારણા મૂકી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આ વર્ષે ખાસ કરીને ચાંદીમાં ઔદ્યોગિક માગ મજબૂત રહેવાની સાથે અમેરિકાએ ચાંદીનો મુખ્ય ધાતુઓમાં સમાવેશ કરતાં પુરવઠાસ્થિતિ પણ તંગ થવાની સાથે સટ્ટાકીય આકર્ષણમાં વધારો થવાથી ચાંદીના ભાવ લગભગ બમણાં જેવા થઈ ગયા હોવાનું સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજી વિભાગના હેડ ઓલે હાસને જણાવ્યું હતું.

# વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ધાતુમાં ઝડપી તેજી, ટીનમાં ₹ ૧૬૦નો ઉછાળો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની ગત નીતિવિષયક બેઠકના અંતે ચેરમેન જૅરૉમ પૉવૅલે અમેરિકન અર્થતંત્રમાં મજબૂત વૃદ્ધિ જળવાઈ રહેવાનો આશાવાદ વ્યક્ત કરી હતી. તેમ જ અમેરિકા ધાતુનો મુખ્ય વપરાશકાર દેશ હોવને કારણે છેલ્લા થોડા દિવસોથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં તેજીનું વલણ જોવા મળી રહ્યું છે. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે ટીનની આગેવાની હેઠળ એકમાત્ર નિકલમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. ચારના ઘટાડા અને લીડ ઈન્ગોટ્સ તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં કિલોદીઠ રૂ. ચારથી રૂ. ૧૬૨ સુધીનો ઉછાળો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૬૨ના ઉછાળા સાથે રૂ. ૩૯૦૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ વધીને ટનદીઠ ૧૧,૮૦૦ ડૉલરની ઊંચી સપાટીએ પહોંચ્યાના અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં કોપરમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ રહેતાં ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું. જેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૩૩ વધીને રૂ. ૧૧૫૮, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૧૦૫૮, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ વધીને અનુક્રમે રૂ. ૧૦૪૫ અને રૂ. ૧૦૨૩ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૯૩૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ટીન અને કોપરની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે સુધારો જોવા મળ્યો હતો તેમાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૩૩૦, બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૭૨૦ અને રૂ. ૬૩૩ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૨૮૭ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૩૩૩ અને ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧૪ અને રૂ. ૧૮૬ના મથાળે ટકેલા રહ્યા હતા.

# કપાસિયા રિફાઈન્ડમાં મથકો પાછળ સુધારો, આયાતી તેલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૫ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે પાંખાં કામકાજો વચ્ચે આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે એકમાત્ર કપાસિયા રિફાઈન્ડમાં મથકો પાછળ ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપારો છૂટાછવાયા રહ્યા હતા અને મુખ્યત્વે રવાનગીના કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૫૫ અને જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૫૮, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૧ તથા સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૬ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે ગોકુલ એગ્રોની સોયા રિફાઈન્ડમાં બાયબૅકમાં લેવાલી નીકળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સિંગતેલના રૂ. ૧૫૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સરસવના રૂ. ૧૫૧૫ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૦૦માં થયાના અહેવાલ હતા.



# ખાંડમાં આગળ ધપતી નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ શુષ્ક રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૬૨૦થી ૩૬૭૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં મુખ્યત્વે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો અને ઉપલા મથાળેથી રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સ્મોલ ગ્રેડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો જોવા મળ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે મથકો પાછળ મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ ઘટી આવ્યા હતા અને સ્મોલ ગ્રેડની ખાંડમાં માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતા ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ આજે હાજરમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૮૫૨થી ૩૯૨૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મથકો પરના નિરુત્સાહી અહેવાલ, ખપપૂરતી માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ અને ઉપલા મથાળેથી રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૩૯૨૨થી ૪૦૨૦માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ખાસ કરીને મિડિયમ ગ્રેડની ખાંડમાં મથકો પરના નિરુત્સાહી અહેવાલે ભાવ ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ ઘટીને રૂ. ૩૮૧૦થી ૩૮૫૦ના મથાળે રહ્યા હતા, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૦૦ના મથાળે ટકેલા રહ્યા હતા. જોકે, ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કચ્છની અત્યંત સંવેદનશીલ જળસીમા પાસેથી ઝડપાયેલા ૧૧ પાકિસ્તાની ઘુસણખોરોની સુરક્ષા એજન્સીઓ દ્વારા ઉલટ તપાસ શરૂ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: પહેલગાંવ આતંકી હુમલા બાદ, પાકિસ્તાન પ્રેરિત આતંકવાદને જડબાતોડ જવાબ આપવા માટે ભારત દ્વારા શરૂ કરવામાં આવેલાં ઓપરેશન સિંદૂર બાદ, હાલ આ બંને દેશ વચ્ચેના સંબંધોમાં ભારે તંગદિલી સર્જાવા પામી છે અને 'કોલ્ડ વોર' ચાલી રહ્યું છે એ વચ્ચે રણપ્રદેશ કચ્છના જખૌ પાસેની આંતરરાષ્ટ્રીય જળસીમામાં ૧૮ નોટિકલ માઈલ સુધી અંદર ઘુસી આવેલી પાકિસ્તાની બોટને ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા આંતરી, પકડવામાં આવેલા ૧૧ જેટલા પાકિસ્તાની ઘુસણખોરોને જખૌ પોલીસ મથકને સોંપવામાં આવ્યા બાદ, તમામની સઘન પૂછપરછ આદરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પાકિસ્તાનના ઈબ્રાહીમ હૈદરી બંદર પરથી ગત શુક્રવારના રોજ નીકળેલી 'અલ વલી' નામની આ માછીમારી બોટને ભારતીય કોસ્ટ ગાર્ડની ચોકિયાત નૌકા દ્વારા કચ્છના જખૌનાં સમુદ્રમાં આંતરી લીધી હતી.

કોસ્ટ ગાર્ડ દ્વારા આ બોટની તલાશી લેવામાં આવતા તેમાંથી માછીમારીના સાધનો, જાળ અને રાશન,મોબાઈલ ફોન, ૧૦૦૦ પાકિસ્તાની રૂપિયા સહિતનો સામાન મળી આવ્યો હતો. ઝડપાયેલા તમામ ૧૧ પાકિસ્તાની માછીમારોમાં સફી મોહમ્મદ ટંડેલ (ઉં.વ.૫૦), અબ્રાહમ (ઉં.વ.૫૨), ગુલામ મુસ્તફા (ઉં.વ.૩૧), સુરમિરબાર (ઉં.વ.૩૨), હબીબ બીલા (ઉં.વ.૧૫), સુલતાન અહેમદ (ઉં.વ.૩૫), સુમા (ઉં.વ. ૫૧), સરફરાજ (ઉં.વ.૨૪), મહેતાબ અલી (ઉં.વ.૨૫), ઝહીર (ઉં.વ.૧૨) અને હુસૈન (ઉં.વ.૫૬)નો સમાવેશ થાય છે. એન્જીન વાળી બોટ અને પકડાયેલા ૧૧ ઘૂસણખોરોને જખૌથી પોરબંદરના નવી બંદર ખાતે લઈ જઈ મરીન પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા તેમની સંયુક્ત ઉલટ તપાસ કરવામાં આવશે તેવું હાલ જાણવા મળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, નાપાક પાકિસ્તાન દ્વારા, માછીમારોના સ્વાંગમાં તાલીમબદ્ધ ત્રાસવાદીઓને ભારતની સરહદ વાટે ઘુસાડવાના પ્રયાસો કરાય છે. પાકિસ્તાનની જૂની 'મોડ્સ-ઓપરેન્ડી' પ્રમાણે માછીમારોના સ્વાંગમાં, માછીમારોની બોટને મોટેભાગે હરામી નાળા, કોરી ક્રીક, અબડાસા આસપાસના દરિયાઈ રસ્તેથી ભારતીય સીમામાં ઘુસાડવામાં આવે છે અને એક વખત ભારતીય સીમામાં ઘૂસી આવ્યા બાદ તેમાંથી કેટલાક ત્રાસવાદીઓ પોતાના સ્થાનિક સંપર્કોની મદદથી ભારતના શહેરોમાં તેમના મલિન ઇરાદાઓને પાર પાડવા માટે પહોંચી જાય છે. ■

# વરસામેડી ગામમાં કિંમતી જમીન પચાવી પાડવા માટે અંજાર સબરજિસ્ટ્રાર કચેરીમાં ખોટા દસ્તાવેજ રજૂ કરનારા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: વિનાશક ધરતીકંપ બાદ વિકાસના માર્ગે આગેકૂચ કરી રહેલા સરહદી કચ્છમાં મિલ્કત સંબંધિત કૌભાંડોના બનાવોમાં સતત ઇજાફો નોંધાઈ રહ્યો છે તેવામાં પૂર્વ કચ્છના અંજાર તાલુકાના વરસામેડી ગામની એક કિંમતી જમીનને પચાવી પાડવા માટે ખોટા દસ્તાવેજ, સોગંદનામા બનાવી તેને ખરી તરીકે ઉપયોગ કરવાના ચોંકાવનારા પ્રકરણમાં સામેલ ત્રણ શખ્સોની સ્થાનિક પોલીસે ધરપકડ કરી લીધી હતી.

અંજારના સબ રજિસ્ટ્રા નીલેશ ભગવાન ચૌધરીએ અંજાર પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર, વરસામેડી ગામમાં સ્થિત એક કિંમતી જમીનને પચાવી પાડવાના ઉદેશ્યથી મૂળ માલિકનાં ખોટાં નામ ધારણ કરી ખોટું પાવરનામું બનાવી, તેને ખરા તરીકે ઉપયોગ કરાયો હતો. અને બાદમાં જમીન બારોબાર વેચાણ કરવાના ઉદેશ્યથી આ બનાવટી દસ્તાવેજોમાં સહીઓ કરી રજિસ્ટ્રાર સમક્ષ જમીન વેચનારની ખોટી ઓળખ આપી નોંધ પડાવી હતી આ પ્રકરણની અંજાર પોલીસે તપાસ હાથ ધરી હતી અને પંકજ હિતેશ વાણિયાનું ખોટું નામ ધારણ કરનાર મુખ્ય આરોપી દિનમામદ કાસમ રાયમા, ખોટા દસ્તાવેજોમાં સાક્ષી તરીકે સહી કરનારા ઈભલા કાસમ મથડા, સુલ્તાન અભુભાકર ખલીફા નામના શખ્સોને પકડી પાડ્યા હતા. આ ત્રણેય આરોપીઓને રિમાન્ડની માંગ સાથે નામદાર અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા જેમાં ત્રણેયના સાત દિવસના રિમાન્ડ મંજૂર થયા હતા. જમીન પચાવી પાડવાના કારસામાં સામેલ અન્ય આરોપીઓને ઝડપી પાડવા સહિતની વધુ તપાસ પોલીસે હાથ ધરી છે. ■

# ખાવડાના રિન્યુએબલ એનર્જી પાર્કમાં ટ્રેક્ટર-ટ્રોલી પલટતાં હેલ્પરનું મોત, બે ઘાયલ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: કચ્છના સીમાવર્તી ખાવડા ખાતે આવેલા વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કમાં ટ્રેક્ટર-ટ્રોલી પલટતાં તેમાં સવાર હેલ્પર એવા ૫૧ વર્ષીય જયેશ મનસુખલાલ ઝાલાને ગંભીર ઈજા પહોંચતાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે ટ્રેક્ટરમાં સવાર અન્ય બે પરપ્રાંતિય શ્રમિક ઘાયલ થયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, ભુજના મુંદરા રોડ પરના પ્રમુખસ્વામી નગરમાં રહેતા અને ખાવડાના સોલાર એનર્જી પાર્કમાં હેલ્પર તરીકે ફરજ બજાવનાર જયેશ ઝાલા તથા અન્ય પરપ્રાંતિય શ્રમિકો ટ્રેક્ટરની ટ્રોલીમાં સવાર હતા એ દરમ્યાન સામેથી આવતા ટ્રેઈલરે ટ્રેક્ટરની ટ્રોલીને ટક્કર મારી દેતાં ટ્રેક્ટર પલટી જતાં આ અકસ્માત સર્જાયો હતો. ઘાયલોને સારવાર અર્થે ભુજની અદાણી જી.કે. જનરલ હૉસ્પિટલમાં લઈ આવતાં જયેશને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો જ્યારે અકસ્માતમાં ઘાયલ થયેલા મુળ મધ્ય પ્રદેશના અન્ય બે શ્રમિક મુકેશ તથા રામકરણને સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. ■

# ભાવનગરમાં નિવૃત એએસઆઇના પત્નીની પુત્ર વિરુદ્ધ ફરિયાદ: આજીવન કમાણીનું મકાન પચાવી પાડવા દસ્તાવેજ ચોરી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: શહેરમાં પારિવારિક સંબંધોને શર્મસાર કરતી એક સનસનીખેજ ઘટના બની હતી, જ્યાં ગુજરાત પોલીસમાંથી નિવૃત્ત થયેલા એક આસિસ્ટન્ટ સબ-ઇન્સ્પેક્ટર (એએસઆઈ)ના ૬૯ વર્ષીય પત્નીએ પોતાના જ સગા દીકરા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પુત્રએ પિતાની આજીવન કમાણીથી બનેલું કરોડોનું મકાન બળજબરીથી પોતાના નામે કરાવવા માટે માતા-પિતાને માર મારી, મકાનનો કબજો લઈ અને તેના અસલ દસ્તાવેજોની ચોરી કરી હોવાનો ગંભીર આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો હતો.

આ બનાવ ની વિગત એવી છે કે ફરિયાદી ગંગાબેન દેવજીભાઈ સોલંકી (ઉ.વ. ૬૯) મૂળ મીરાનગર, ભાવનગરના રહેવાસી છે. તેમના પતિ દેવજીભાઈ સોલંકી ગુજરાત પોલીસમાં એ.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા અને પંદરેક વર્ષ પહેલાં નિવૃત્ત થયા હતા. તેમણે નિવૃત્તિ બાદ પોતાની કમાણીમાંથી સિદસર-ચિત્રા રોડ પર મીરાનગરમાં પ્લોટ નં. ૬૯-બી પર આશરે ૨૩૨ ચોરસ વાર નો પ્લોટ ખરીદી મકાન બનાવ્યું હતું , જેનો દસ્તાવેજ પતિના નામે છે. ફરિયાદ અનુસાર, છેલ્લાં બે વર્ષથી પતિ દેવજીભાઈને પેરાલિસિસની બીમારી હોવાથી તેઓ બીમાર રહે છે. આ નબળાઈનો લાભ લઈ, તેમનો દીકરો ધીરજ દેવજીભાઈ સોલંકી (ઉ.વ. ૫૦), જે અલગ રહે છે, તે અવારનવાર ઘરે આવતો અને માતા-પિતાને ગાળો આપી ઢીકા-પાટુનો માર મારતો હતો, જેથી તેઓ મકાન ખાલી કરી દસ્તાવેજ પોતાના નામે કરી આપે.

પુત્રના અસહ્ય ત્રાસથી કંટાળી ગંગાબેન અને તેમના પતિએ છ મહિના પહેલાં મકાનનો અસલ દસ્તાવેજ લોકરમાં સંતાડી, મકાનને તાળું મારી દીકરી નિર્મળાબેનના ઘરે ઉમરાળા રહેવાં ચાલ્યાં ગયાં હતાં.

પરંતુ, ગત ૧૮ નવેમ્બરના રોજ સવારના અગિયાર વાગ્યે ગંગાબેન પોતાની દીકરી પારૂલબેન સાથે ઘરે ચીજ-વસ્તુ લેવા માટે ગયા ત્યારે તેમણે જોયું કે, દીકરા ધીરજે મકાનના મેઇન ગેટનું તાળું તોડી નાખ્યું હતું અને તે પોતે જ મકાનમાં રહેવા લાગ્યો હતો.

જ્યારે ગંગાબેને ઘરમાં જઈ કબાટનું લોકર તપાસ્યું, તો લોક પણ તૂટેલું હતું અને અંદાજે રૂ.૨૦ લાખની કિંમતના મકાનનો અસલ દસ્તાવેજ તેમાંથી ગુમ હતો. ગંગાબેને દીકરા ધીરજને દસ્તાવેજ બાબતે પૂછતાં તેણે ઉદ્ધતતાથી જવાબ આપ્યો કે, ''આ દસ્તાવેજ મેં લીધેલ છે અને આ મકાન મારા નામે કરવાનું છે. તું ડોશી અહીંથી જતી રહે, નહીંતર તને જીવતી નહીં રહેવા દઉં '' તેમ કહી ગાળો આપી, ઢીકા-પાટુનો માર મારી માતા અને બહેનને ઘરમાંથી કાઢી મૂક્યા હતા. પતિ દેવજીભાઈએ પણ ફરિયાદમાં ઉમેર્યું હતું કે ધીરજ અગાઉ પણ બે-ત્રણ વાર બળજબરીથી દસ્તાવેજ પોતાના નામે કરાવવા માટે તેમને મામલતદાર ઓફિસમાં લઈ ગયો હતો.

પુત્ર હોવાથી ગંગાબેને ઘરમેળે સમાધાનની આશા રાખી હતી, પરંતુ આજદિન સુધી દસ્તાવેજ પરત ન મળતા આખરે તેમણે કાયદાનો સહારો લીધો હતો અને વરતેજ પોલીસ સ્ટેશનમાં પોતાના પુત્ર વિરોધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ■

# કચ્છમાં બર્ફીલા ઠારનો ચમકારો: નલિયામાં ૮.૮ ડિગ્રી સે સિંગલ ડિજિટ તાપમાન

ભુજ: જમ્મુ-કાશ્મીર અને તેની આસપાસના પહાડી વિસ્તારોમાં સતત થઇ રહેલી ભારે હિમવર્ષાની અસર હેઠળ સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીએ આક્રમણ જારી રાખ્યું છે ત્યારે રણપ્રદેશ કચ્છમાં પણ લઘુતમ તાપમાનનો આંક ચાલુ વર્ષમાં પ્રથમવાર સિંગલ ડિજિટ પર સ્થિર થઇ જતાં હાવી થયેલી ગાત્રો થીજવી દેતી ઠંડીના મારથી જનજીવન પ્રભાવિત થઇ રહ્યું છે. વિદાય લઇ રહેલાં વર્ષ ૨૦૨૫ના અંતિમ દિવસોમાં અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં ૮.૮ ડિગ્રી સે.જેટલું નીચું તાપમાન નોંધાયું હતું, જ્યારે જિલ્લાના મુખ્ય મથક ભુજમાં ૧૪.૪ ડિગ્રી સે.લઘુતમ તાપમાન નોંધાયું હતું. તેમાં પણ વળી ઉત્તર-પૂર્વ દિશાએથી પ્રતિકલાકે ૮ કિલોમીટરની ઝડપથી ફૂંકાઈ રહેલા ઠંડાગાર પવનોએ માગશરની મારકણી ઠંડીની ધાર તેજ બનાવી છે. અલબત્ત મહત્તમ તાપમાન ૩૦થી ૩૨ ડિગ્રી સે. વચ્ચે રહેતાં બપોર બાદ ટાઢોળાની તીવ્રતા ઓછી થઇ જતાં રાહત વર્તાઈ હતી. ગાંધીધામ-કંડલામાં ઠંડીનું જોર આંશિક વધઘટ સાથે યથાવત રહ્યું છે. કંડલા એરપોર્ટ ખાતે ન્યુનતમ તાપમાન ૧૫ અને કંડલા પોર્ટ ખાતે ૧૪.૮ ડિગ્રી સે. નોંધાયું હતું. ■

# જામનગરના ચકચારી દુષ્કર્મ કેસમાં ફરાર ઉદ્યોગપતિ વિશાલ મોદી પોલીસ સમક્ષ હાજર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગરના ચકચારી દુષ્કર્મ કેસમાં આરોપી ઉદ્યોગપતિ વિશાલ મોદી ગુજરાત હાઈ કોર્ટના આદેશ બાદ સિક્કા પોલીસ મથકે હાજર થયા હતા. પોલીસે તેમના બે મોબાઈલ ફોન કબજે કરી પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલ્યા છે.

બળાત્કારનો આ કેસ અંબર સિનેમા વિસ્તારની એક યુવતી સાથે સંબંધિત છે. યુવતીને લોન અપાવવાના બહાને ખંભાળિયા હાઈવે પરના 'ભગવતી વિલા' ફાર્મ હાઉસમાં લઈ જઈ નશાકારક પ્રવાહી પીવડાવી દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આરોપીએ યુવતીનો વીડિયો ક્લિપ બનાવી બ્લેકમેલ પણ કરી હતી. આ પ્રકરણમાં સિક્કા પોલીસ વિશાલ મોદીની શોધખોળ કરી રહી હતી. ધરપકડથી બચવા તેમણે ગુજરાત હાઈ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી.

હાઈ કોર્ટે તેમને ૧૦મી ડિસેમ્બરે તપાસનીશ પોલીસ અધિકારી સમક્ષ હાજર થવાનો આદેશ આપ્યો હતો. આ આદેશ મુજબ, વિશાલ મોદી સિક્કા પોલીસ મથકે હાજર થયા હતા. પોલીસે તેમનું નિવેદન નોંધ્યું હતું. જપ્ત કરાયેલા બંને મોબાઈલ ફોનને એનાલિસિસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે, જ્યાંથી કોલ ડિટેલ સહિતની તમામ માહિતી એકત્ર કરવામાં આવશે. આ ઉપરાંત, પોલીસ દ્વારા ઘટનાસ્થળના પંચનામા સહિતની વધુ કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી રહી છે. ■

# ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ''સ્વદેશી સાયક્લોથોન'' યોજાઈ



(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: મહાનગરપાલિકા ભાવનગરના ઉપક્રમે ''સ્વદેશી સાયક્લોથોન ''નું આયોજન કરવામાં આવ્યું હતું. સાઇકલોથોન કાર્યક્રમ મેયર ભરતભાઈ બારડના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. 'ભાવનગરના વિવિધ શાળાઓના બાળકો કિશોર- કિશોરીઓ તેમજ અનેક નગરજનોએ આ સાયક્લોથોન સ્પર્ધામાં ભાગ લીધેલ. ખાસ ''સ્વદેશી સાયક્લોથોન'' સ્વદેશી વસ્તુના પ્રચાર પ્રસાર માટે આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાયક્લોથોન સવારે આતાભાઈ ચોકથી પ્રારંભ થઈ ગુલિશતા મેદાન સેન્ટ્રલ- સોલ્ટ પાણીની ટાંકી - જ્વેલર્સ સર્કલ- મીણબત્તી સર્કલ- નીલમબાગથી- જેલ રોડ -દાદા સાહેબ જૈન દેરાસર- થઈ રાધા મંદિર ટ્રાફિક સિગ્નલ - સેન્ટ્રલ સોલ્ટથી આતાભાઇ ચોક પરત આવી હતી. અનેક નગરજનો અને બાળકોએ આમાં સ્વયંભૂ સહભાગી થઈ લાભ લીધો હતો. ■

# ભાવનગરમાં પુષ્ટિમાર્ગ સંપ્રદાયના આદિ આચાર્ય શ્રીગુસાંઈજીના ૫૧૧માં પ્રાગટ્યોત્સવની ઉજવણી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: શહેરના સરદારનગર સ્થિત નંદાલય હવેલી પર ૧૩ ડિસેમ્બર શનિવારે શ્રીમદ્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલનાથજીના પ્રાગટ્યોત્સવના ઉપલક્ષમાં પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી નવનીતલાલજી મહારાજશ્રીની આજ્ઞા તથા પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રીઆનંદબાવાશ્રીના માર્ગદર્શન હેઠળ વિવિધ ધાર્મિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થયું છે.

આયોજન અંતર્ગત શનિવારે સવારે ૬.૩૦ વાગે પૂજ્ય શ્રીવલ્લભકુળ આચાર્યોના પાવન સાંનિધ્યમાં ડંકા નિશાન તથા કીર્તન મંડળી સાથે શ્રીગુસાંઈજી પ્રભુના સ્વરૂપને પધરાવી ભવ્ય પ્રભાતફેરી નીકળશે અને નંદાલય હવેલીની પ્રદક્ષિણા થશે, ત્યારબાદ હવેલી પર પૂજ્ય આચાર્યોના સાનિધ્યમાં નામરત્નાખ્ય સ્તોત્રનું સમૂહ ગાન તથા મંગલા આરતી થશે. સવારે ૧૧ વાગે શ્રીછબીલાજી પ્રભુના તિલકના દર્શન થશે.

સાંજે ૫ થી ૮ દરમિયાન ગોસ્વામી ૧૦૮ શ્રી આનંદ બાવાશ્રીના આશીર્વચન, પુષ્ટિ-કીડ્સ બાળપાઠશાળા ના બાળકો દ્વારા - ''અનુગ્રહ: પુષ્ટિમાર્ગે નિયામક'' નાટિકા તથા રાસ, કીર્તન ક્લાસના વૈષ્ણવો દ્વારા ધોળપદ કિર્તન પ્રસ્તુત થશે.

દીક્ષાંત સમારોહ અંતર્ગત વર્ષ દરમિયાન પુષ્ટિ-કીડ્સ બાળ પાઠશાળાના બાળકો તેમ જ કીર્તન ક્લાસમાં પાસ થનાર વૈષ્ણવો ને પૂજ્ય મહારાજશ્રીના શ્રી હસ્તે સર્ટિફિકેટ તથા ઈનામ વિતરણ થશે. ત્યારબાદ નંદ મહોત્સવ તથા શ્રીછબીલાજી પ્રભુના 'ચોપાટ' મનોરથના દર્શન થશે. સમગ્ર આયોજનમાં જોડાવા સર્વે વૈષ્ણવોને નંદાલય હવેલી ઉત્સવ સંકલ્પ સંગઠન દ્વારા આમંત્રણ પાઠવાયુ છે. ■

# ગીર સોમનાથમાં રિસામણે ગયેલી પત્નીને પતિએ છરીના સાત ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ તાલુકાના ડારી ગામમાં પારિવારિક વિવાદમાં એક હત્યા થઈ હતી. છેલ્લા પાંચ મહિનાથી પિયર રિસામણે રહેલી ૪૨ વર્ષીય પત્નીની તેના પતિએ છરીના સાત ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી દીધી હતી.

પત્નીની હત્યા કરીને આરોપી પતિ બાઈક અને હથિયાર મૂકીને ફરાર થઈ ગયો હતો. પરિણીતાએ પતિ સામે ભરણપોષણનો કેસ કર્યો હોવાનું પણ સામે આવ્યું છે. આ હત્યા કેસમાં પોલીસે પતિ સામે હત્યાનો ગુનો નોંધીને આગળની કાર્યાવાહી હાથ ધરી હતી.

પતિ-પત્ની વિનોદ ધોળિયા અને ચંપાબેન ધોળિયા વચ્ચે ઘણા સમયથી ઘરેલુ વિવાદ ચાલી રહ્યો હતો. વિનોદના ત્રાસથી કંટાળીને ચંપાબેને તેની સામે ભરણપોષણનો કેસ કર્યો હતો. મૃતક ચંપાબેન વિનોદ ધોળિયા છેલ્લાં પાંચ મહિનાથી ડારી ગામે પિયરમાં રિસામણે રહેતાં હતાં. ગઈકાલે સવારે પતિ વિનોદ ધોળિયા અચાનક ચંપાબેનના પિયર પહોંચ્યો અને ધારદાર છરી વડે આશરે સાત જેટલા ઘા ઝીંકીને પત્ની ચંપાબેનનું ઢીમ ઢાળી દીધું હતું.

હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલાં ચંપાબેનને તાત્કાલિક વેરાવળ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતા. અહીં ફરજ પર હાજર તબીબોએ મહિલાને મૃત જાહેર કર્યા હતા. આ હત્યાની ઘટનાની જાણ થતાં જ પોલીસ દોડતી થઈ ગઈ હતી.

પોલીસે આ હત્યા કેસમાં તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો હતો. પોલીસે આરોપી વિનોદ ધોળિયાને ઝડપી પાડવા માટે સઘન શોધખોળ અને નાકાબંધી હાથ ધરી હતી. આ હત્યાના બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. ■

# સુરેન્દ્રનગરમાં યોજાયેલા મહિલા સ્વરોજગાર મેળોમાં ૨૫૦ મહિલા ઉમેદવાર સહભાગી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લાની મહિલાઓને આર્થિક રીતે સક્ષમ અને સ્વાવલંબી બનાવવાના હેતુથી એમપી શાહ કોમર્સ કૉલેજ ખાતે 'મહિલા સ્વરોજગાર મેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાનું આયોજન મહિલા અને બાળ અધિકારીની કચેરી, સુરેન્દ્રનગર અને જિલ્લા રોજગાર કચેરી, સુરેન્દ્રનગર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. આ સ્વરોજગાર મેળામાં વિવિધ ક્ષેત્રની છ પ્રતિષ્ઠિત કંપનીઓ નોકરીદાતા તરીકે ઉપસ્થિત રહી હતી. કુલ ૨૫૦ જેટલા ઉત્સાહી મહિલા ઉમેદવારોએ આ મેળામાં ભાગ લીધો હતો. આ દરમિયાન નોકરીદાતા કંપનીઓમાં પીપલ ટ્રી ફાઉન્ડેશન સુરેન્દ્રનગર, ડ્રીમ વ્હિકલ્સ પ્રા. લિ. વઢવાણ, નીલ એન્જિનિયરિંગ સુરેન્દ્રનગર, ઇન્ડિયાના ઓપ્થાલ્મિક વઢવાણ, એસ.બી.આઇ. લાઇફ ઇન્સ્યોરન્સ અને એલ.આઇ.સી. ઓફ ઇન્ડિયા સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. આ પ્રસંગે રોજગાર કચેરીના પ્લેસમેન્ટ ઓફિસર દ્વારા ઉપસ્થિત ઉમેદવારોને રોજગારલક્ષી મહત્ત્વપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

વક્તાઓએ દીકરીઓને સાચા અર્થમાં સ્વાવલંબી બનાવવા માટે પ્રેરણાત્મક અને રોજગાર વિષયક માહિતીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. મહિલાઓ આર્થિક ઉપાર્જનમાં વધુમાં વધુ સહભાગી બને અને મહિલા થકી વિકાસ થાય તે બાબતને પરિપૂર્ણ કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ■

# ભાવનગરમાં યુવાનનો આર્થિક સંકડામણથી કંટાળી આપઘાત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: શહેરના વિજયરાજનગર વિસ્તારમાં રહેતા વણિક યુવાને હિરામાં મંદી હોય આર્થિક સંકડામણથી કંટાળી જઈ ફ્લેટની અગાશી ઉપર જઇ, હાથની નસ કાપી હતી અને બાદમાં ફ્લેટની અગાશી ઉપરથી નીચે ઝંપલાવી આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરના વિજયરાજનગરમાં આવેલા જિનદર્શન ફ્લેટમાં રહેતા અજયભાઇ ચત્રભુજભાઇ સંઘવી ઉ.વ.૪૪ તેમના ઘરેથી ફ્લેટની ત્રીજા માળનીઅગાશી ઉપર ગયા હતા અને હાથની નસ કાપી, ફ્લેટની અગાશીમાંથી નીચે ઝંપલાવી, જીવન ટુંકાવી લેતા પરિવારમાં ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

મૃતક અજયભાઈ સંઘવી રત્નકલાકાર હતા અને હીરા બજારમાં મંદીને કારણે છેલ્લા ઘણા સમયથી આર્થિક સંકડામણ ભોગવી રહ્યા હતા. જેથી કંટાળી થઈ આ પગલું ભર્યું હોય તેમ માનવામાં આવી રહ્યું છે. તેમને સંતાનમાં બે પુત્રીઓ છે. ■

# વિદેશી પક્ષીઓ હજારો માઈલનું અંતર કાપીને જામનગરમાં શિયાળો માણવા પધાર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગરમાં વિદેશી પક્ષીઓનું આગમન શરૂ થઈ ગયું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ હજારોની સંખ્યામાં વિદેશી પક્ષીઓ જામનગર પહોંચી ગયાં છે. હજારોની સંખ્યામાં યાયાવર પક્ષીઓ હજારો માઈલનું અંતર કાપીને શિયાળો ગાળવા જામનગર પહોંચ્યાં છે. જામનગરને વિદેશી પક્ષીઓ માટે શિયાળાની રાજધાની પણ કહેવામાં છે. દર વર્ષે શિયાળા દરમિયાન વિદેશી પક્ષીઓ જામનગરમાં રોકાણ કરવા માટે આવતાં હોય છે.

જામનગરમાં આવેલ ખીજડીયા પક્ષી અભયારણ્ય અને રણમલ તળાવ આસપાસના વિસ્તારો આ વિદેશી પક્ષીઓના મનપસંદ સ્થળો છે. ખાસ કરીને રણમલ તળાવમાં મલાર્ડ નામનું પક્ષી પણ જોવા મળ્યું હોવાનું લોકોએ જણાવ્યું હતું. અત્યારે ખીજડીયા પક્ષી અભયારણ્ય અને રણમલ તળાવ પક્ષીપ્રેમીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે, અને મોટી સંખ્યામાં લોકો પણ આ પક્ષીઓને જોવા માટે જઈ રહ્યાં છે.

નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે લીલા માથા અને પીળી ચાંચ ધરાવતું બતક જેવું દેખાતું મલાર્ડ પક્ષી ઇકોસિસ્ટમમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ પક્ષીને નિહાળવા માટે રણમલ તળાવ પર પક્ષીપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉમટી રહ્યા હતા.

લોકો આ પક્ષીઓને ગાંઠિયા ખવડાવતા હોય છે, નિષ્ણાતોનું કહેવું છે કે, ગાંઠિયા પક્ષીઓ માટે ખૂબ જ હાનિકારક સાબિત થતા હોય છે. જેથી લોકોને આવું ના કરવા માટે પણ અપીલ કરવામાં આવી હતી. કારણે કે, ગત વર્ષે ખોરાકી ઝેરને કારણે ઘણા વિદેશી પક્ષીઓના મૃત્યુ પણ થયાં હતાં, એટલે પક્ષીઓને ગાંઠિયા ન ખવડાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. વિદેશી પક્ષીઓના સ્વાસ્થ્ય અને સુરક્ષાનું ધ્યાન રાખવું એ આપણી ફરજ છે. ■